शास्त्रविशारद-जैनाचार्य श्रीविजयधर्मसूरिभ्यो नमः

'જૈનશાસન'ના ગ્રાહકોને ત્રીજા વર્ષની ભેટ.

પ્રાચીન શ્વેતામ્બર

અર્વાચીન દિગમ્બર

લેખક

મુનિરાજ શ્રીવિદ્યાવિજયજી

છપાવી પ્રસિદ્ધ કરનાર

શાહ હર્ષચંદ્ર ભૂરાભાઈ,

અંગ્રેજી કોઠી, બનારસ.

આવૃત્તિ પહેલી પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૮. વીર સં૦ ૨૪૩૮.

બ્યાવરના શ્રીજૈનશ્વેતામ્બર મૂર્તિપૂજક
શ્રીસંઘની સહાયતાથી.

શ્રી સત્યનારાયણ પ્રિન્ટિંગ પ્રેસમાં,
પટેલ મોતીલાલ કાળીદાસે છાપ્યું.
ઠે. ડીસ્ટ્રીક્ટ કોર્ટની પાસે—અમદાવાદ.

॥ अर्हम् ॥

परमगुरुश्रीविजयधर्मसूरिभ्यो नमः

બે બોલ.

આવા એક વાદાનુવાદના ટ્રેક્ટમાં 'બે બોલ'ની કે 'પ્રસ્તાવના'ની આવશ્યકતા કોઈ પણ માણસ સ્વીકારી શકે નહિં, એ વાત ખરી, પરન્તુ આ ટ્રેકટના સંબંધમાં એક બે ખાસ કારણો મ્હને તેમ કરવાની (બે બોલ લખવાની) ફરજ પાડે છે.

ટ્રેકટ મોડું કેમ બહાર પડયું ?

'જૈનશાસન'ના ખાસ અંકમાં પ્રકટ થએલ 'શ્વેતામ્બર પ્રાચીન કે દિગમ્બર ?' નામના લેખના જવાબમાં, મિ. પાંગલ મહાશય તરફથી બહાર પડેલું ટ્રેક્ટ મ્હને ઘણીજ લાંબી મુદ્દત પ્રાપ્ત થયું હતું. અને મ્હારે બાદ હું વિહારમાં પડ્યો એટલે સ્થિરતા સિવાય આવું ઐતિહાસિક ટ્રેકટ લખવું ઘણું મુશ્કેલી ભરેલું હોવાથી જ્હારે આ ચાતુર્માસની અંદર મ્હારી સ્થિરતા થઇ, ત્હારે હું આ ટ્રેકટ લખવા ભાગ્યશાળી નિવડ્યો. બસ ! આજ કારણથી આ ટ્રેક્ટ બહાર પડવામાં વિલંબ થયો છે.

પુનરૂક્તિદોષ

મ્હારે એક વાત બીજી પણ કહી દેવી જોઇએ મ્હારા આ બીજા ટ્રેકટની અંદર અકાદ બે સ્થળે મ્હારે પુનરૂક્તિના

દોષમાં અણછૂટકે ઉતરવું પડયું છે. કારણ એ હતું કે મિ. પાંગલેના ટ્રેક્ટમાં એકની એક વાતને વારંવાર ચીતરવામાં કંઈ કમી રહેલી નથી. અને તેટલાજ માટે ઘણો બચાવ કરવા છતાં પણ એકાદ બે સ્થળે તે દોષમાં ઉતરવું પડયું છે, તે બદલ વાંચક ક્ષમા કરશે.

મ્હારા પ્રથમના લેખને ટ્રેક્ટ નં. ૧ કરી, આ બીજા ટ્રેક્ટની સાથે જોડી દેવામાં આવ્યું છે, કારણ કે વાંચનારાઓને એ વાત સહજમાં સમજાઈ જાય કે મ્હારો પ્રથમનો લેખ કેટલી પ્રબળ યુક્તિઓથી લખવામાં આવેલો છે, અને હેનો જવાબ મિ. પાંગલે મહાશયે પોતાના ટ્રેક્ટમાં કેવી નિર્બળતાથી આપ્યો છે?

આ ટ્રેક્ટની અંદર અગર દૃષ્ટિદોષથી કોઈ ભૂલ રહી ગઈ હોય તો તે સુધારીને વાંચવા ભલામણ કરૂં છું.

ઉપકાર.

છેવટ—ઇતિહાસતત્ત્વમહોદધિ, ઉપાધ્યાયજી શ્રી ઇન્દ્રવિજયજી મહારાજ સાહેબનો આ સ્થળે હું અન્તઃકરણથી ઉપકાર માનું છું કે જેઓ સાહેબે સમ્પૂર્ણતયા મ્હને આ ટ્રેક્ટ લખવામાં સહાયતા કરી છે. ઇતિ શમ્.

બ્યાવર. જૈન ઉપાશ્રય.
માગશર સુદિ ૭ વીર સં. ૨૪૪૦
તા. ૪ ડિસેમ્બર સ. ૧૯૧૩.

વિદ્યાવિજય.

परमगुरु श्री विजयसूरिभ्यां नमः

શ્વેતામ્બર પ્રાચીન કે દિગમ્બર ?

ટ્રેક્ટ નં. ૧.

આજ જે વિષયને માટે આ લેખક કલમ ઉઠાવે છે, તે વિષય જ્હેવો મહત્વનો છે, ત્હેવોજ બહોળા પ્રમાણમાં ચર્ચાઇ પણ ગએલો છે, એટલુંજ નહિ પરન્તુ પાશ્ચાત્ય તેમજ એતદ્દેશીય વિદ્વાન્ મહાનુભાવોએ 'આ વિચારને' સાહિત્યની કસોટી ઉપર સારી પેઠે ઘર્ષણ કરીને ત્હેનો નિશ્ચય પણ કર્યો છે કે–'શ્વેતામ્બર મત પ્રાચીન છે' (જે વાત આ લેખને સંપૂર્ણ વાંચવાથી સમજાઇ જશે.) આ પ્રમાણે કહેવાથી જો કે હું એક રીતે બંધાઉં છું, કેમકે વાંચકો આ લેખનો ઉપક્રમ વાંચતાંજ કદાચિત એવી શંકામાં પડી જશે કે–જ્યારે આ વિષય સારી રીતે ચર્ચાઇ ગયો છે, આ વિષય સાહિત્યના વિશાળ ક્ષેત્રમાં ખેડાઇ ગયો છે, તો પછી મુનિ વિદ્યાવિજયને અત્યારે શી જરૂર પડી હતી કે આટલો સમયનો અને કાગળ મસીનો વ્યય કર્યો? પરન્તુ લગાર સબુર કરો! હું તે વાતને કબૂલ કરૂં છું કે આ સમયમાં શ્વેતામ્બર અને દિગમ્બર ભાઇઓએ, જે જે બાબતોમાં મળતા હોય તે તે બાબતોમાં, મળીને વીરપ્રભુની ખરી ભક્તિ બજાવવાની છે, વળી સંખ્યામાં પણ પછાત્ પડેલી જૈન કોમને વધારવાની આવશ્યકતા છે અને ચારે તર-

કૃથી અશાન્તિ રૂપ અગ્નિથી પ્રજ્વલિત થએલા સમયમાં શાન્તિપ્રિય જૈન પ્રજાએ વાસ્તવિક શાન્તિ ફેલાવવાની જરૂર છે, પરન્તુ અફસોસની વાત છે કે આવા સમયમાં, ચર્ચાઇ ગએલા વિષયોને પણ એક મ્હોટું રૂપ આપી કેટલાક દિગમ્બર મહાનુભાવો, શ્વેતામ્બરો ઉપર આક્ષેપપ્રયુક્ત શબ્દોથી ભરપૂર લેખો, પ્રસ્તાવનાઓ વિગેરે બહાર પાડી સુતા સિંહને જગાડવાનું પણ સાહસ કર્યા વિના રહેતા નથી. હવે જો ત્હેવાઓના લેખોનો ઉચિત જવાબ આપવામાં ન આવે તો ભદ્રિક જીવોના અંન્તઃકરણમાં તે વાત અવશ્ય ઠસી જાય કે દિગમ્બરોનું કહેવું સાચું છે, અને તેટલાજ માટે કેટલાક હિતૈષીઓની પ્રેરણાથી આ લેખ લખવો ઉચિત ધાર્યો છે.

દિગમ્બર મતની ઉત્પત્તિ.

હવે આપણે દિગમ્બર મતની ઉત્પત્તિનો થોડો ખ્યાલ કરીએ. શ્વેતામ્બર મતના ગ્રન્થોમાં એ સ્પષ્ટ પાઠ છે કે-શ્રી મહાવીર દેવના નિર્વાણ થયા બાદ ૬૦૯ વર્ષે શ્રીશિવભૂતિ નામના મુનિથી દિગમ્બર મતની ઉત્પત્તિ થઇ છે. સંક્ષેપમાં—વાત એમ બની હતી કે—

“રથવીરપુર નગરમાં કોઇ એક દિવસે કૃષ્ણનામા આચાર્ય પધાર્યા, તેઓની સાથે, એક શિવભૂતિ નામના મુનિ હતા, (આ મુનિ રથવીરપુર નગરનાજ હતા.) તેમને રાજાએ એક રત્નકંબળ વ્હોરાવી, ત્યારે આચાર્યે કહ્યું કે આવું વસ્ત્ર સાધુએ

લેવું ઉચિત નથી. ત્હમે શા માટે તે વસ્ત્ર ગ્રહણ કર્યું? એમ કહીને તે રત્નકંબળના આચાર્યે ક ડા કરી નાખી, સાધુઓને માટે ઓઘા (રજોહરણ) નાં નિશિથીયાં કરી નાખ્યાં. આથી શિવભૂતિએ ગુરૂની સાથે કલેશ કર્યો. હવે કોઇ એક દિવસે આચાર્ય જિનકલ્પી સાધુઓનો આચાર વર્ણવી રહ્યા હતા, તે સમયે શિવભૂતિ મુનિએ કહ્યું કે—જ્યહારે એમ છે, તો પછી આપ શા માટે આટલી ઉપાધી રાખો છો? આચાર્યશ્રીએ કહ્યું કે આ કાળમાં જિનકલ્પીની સમાચારી રહી નથી, કેમકે જંબૂસ્વામીના મોક્ષ ગયા બાદ જિનકલ્પ વિચ્છેદ થઇ ગયો છે. ત્યહારે શિવભૂતિએ કહ્યું કે—'આપ એમ શા માટે કહો છો, જુઓ હું તે પ્રમાણે પાળી બતાવું, કેમકે તીર્થંકરો પણ અચેલકજ હતા. અત એવ વસ્ત્રરહિતપણુંજ સર્વથા શ્રેષ્ઠ છે.' ત્યારે આચાર્યે કહ્યું કે–જહેવી રીતે વસ્ત્રાદિ પરિગ્રહના સદ્ભાવમાં કષાય, મૂર્છા આદિ દોષો સ્વીકારો છો, ત્હેવી રીતે શરીરના સદ્ભાવમાં પણ કષાયાદિ દોષ કેમ નથી સ્વીકારતા? અને જો સ્વીકારતા હો તો શરીરનો પણ ત્યાગ કરવોજ જોઇએ. પરન્તુ આ પ્રમાણે માનવું સર્વથા ભૂલભરેલું છે. કેમકે સૂત્રોમાં મુનિને 'અપરિગ્રહપણું' જે બતાવેલ છે, તે 'ધર્મોપકરણમાં પણ મૂર્છા ન કરવી' તે અપેક્ષાથી કહેલ છે. તીર્થંકરો પણ એકાંતે અચેલક ન્હોતા, કેમકે એ પ્રમાણેનું આગમ વચન છે કે—'**सव्वे वि एगदूसेण निगाया जिणवरा चउवीसं**' દરેક તીર્થંકરોએ એક દેવદૃષ્ય સહિત સંસાર છોડેલો છે.' ઇત્યાદિ પ્રકારથી

આચાર્યે ઘણું સમજાવ્યું, પરન્તુ તે ન માનતાં, શિવભૂતિ મુનિ ભારે કર્મોદયના કારણથી નગ્ન થઇ, બહાર ઉદ્યાનમાં સ્થિતિ કરી રહ્યા. હવે એક દિવસ શિવભૂતિની બહેન કે જે સાધ્વી હતી, તે શિવભૂતિને વંદણા કરવા ગઇ. ત્યાં આગળ શિવભૂતિને નાગા દેખી પોતે પણ નગ્ન થઇ વિચરવા લાગી.

કોઈ એક દિવસે ભિક્ષાને માટે તે શહેરમાં આવી, ત્યહારે એક વેશ્યાએ ત્હેને નગ્ન દેખીને વિચાર કર્યો કે—' જો સ્ત્રીઓ નગ્ન ફરવા લાગી તો લોકો અમારાથી વિરકત થઇ જશે ' અત એવ ત્હેણે એક સાડી તે સાધ્વીના શરીર ઉપર નાખી, જય્હારે શિવભૂતિએ સાધ્વી પાસે વસ્ત્ર દેખ્યું, ત્યહારે ત્હેમણે કહ્યું કે-' આ વસ્ત્ર તું ત્હારી પાસે રાખ, કેમકે તે ત્હને દેવતાએ અર્પણ કર્યું છે '. ત્યાર બાદ શિવભૂતિએ કૌડિન્ય અને કોઇવીર નામના બે શિષ્યો કર્યા. કાલાન્તરે પરંપરા વધી અને એક નવુંજ મિથ્યાદર્શન ઉત્પન્ન થયું. "

જય્હારે આ બધી વાતને આકાશ કુસુમવત્ કરી નાખી દિગમ્બરો અત્યારે એમ કહેવા માગે છે કે-" આ જે શ્વેતામ્બર દર્શન છે, તે તો વિક્રમ રાજાના મૃત્યુ બાદ ૧૩૬ વર્ષ પછી સૌરાષ્ટ્ર દેશમાં આવેલા વલ્લભીપુર નગરમાં શ્રીજીનચંદ્ર નામના સાધુએ ચલાવ્યો છે. "

હવે આ બેમાં શું સત્ય છે? ત્હેનો, પાશ્ચાત્ય વિદ્વાનોએ કરેલી શોધખોળને તેમજ યુક્તિઓ વિગેરેને અનુસરી વિચાર ચલાવીએ.

દિગમ્બરગ્રન્થોનો રચના કાળ.

પ્રથમ આપણે દિગમ્બરગ્રન્થોનો રચના કાળ તપાસીએ. દિગમ્બર મતાનુયાયીઓનું એમ કહેવું છે કે—" અગીઆર અંગ વિચ્છેદ થઇ ગયાં છે, અને વી. સં. ૬૮૩ માં ધરસેન નામના મુનિ પાસેથી જ્ઞાન લેવાવાળા બે મુનિયોએ પહેલ વ્હેલાં જયેષ્ઠ શુકલ પંચમીને દિવસે ત્રણ સિદ્ધાન્ત બનાવ્યાં. "

હવે અહિંયાં તે પ્રશ્ન અવશ્ય ઉઠે છે કે–તે બે મુનિઓએ શાસ્ત્રોની રચના શા આધારે કરી ? કદાચિત્ કોઇ એમ કહે કે અંગોનો કોઈ કોઈ ભાગ રહ્યો હતો તે ઉપરથી શાસ્ત્રો રચ્યાં, ત્‍્હારે તો એ વાત ચોક્કસ છે કે–જન સમાજને પ્રતીતિ થવા માટે ખાસ તે તે અંગની અવશ્ય સાક્ષી આપવી જોઇતી હતી, અને તે પ્રમાણે તો કોઈ સ્થળે દેખવામાં આવતુંજ નથી. તેથી એ વાત સિદ્ધ થાય છે કે–તેઓએ સ્વકપોલ કલ્પિત શાસ્ત્રો રચ્યાં છે, અને સ્વકપોલ કલ્પિત શાસ્ત્રો જગત્માં કેવી રીતે પ્રમાણ થઇ શકે ? તે તો વાંચકો સ્વયં સમજી શકે તેમ છે. અસ્તુ !

હવે પ્રથમ તો દિગમ્બરોએ માનેલા ધરસેન મુનિનો સમયજ પૂર્વાપર વિરોધવાળો દૃષ્ટિગોચર થાય છે, જુઓઃ—

એક સ્થળે એમ બતાવવામાં આવ્યું છે કે—"મહાવીરદેવના નિર્વાણ બાદ ૬૮૩ વર્ષે ધરસેન મુનિ ગિરનારની ગુફામાં બેઠા હતા, તે કાળમાં અગિઆરે અંગ વિચ્છેદ ગયાં. " જ્‍્હારે

મૂલ સંઘની પટ્ટાવલીમાં એ પ્રમાણે લખેલું છે કે-" શ્રીમહાવીર પ્રભુથી ૬૧૪ વષ વ્યતીત થયા બાદ ધરસેનાચાર્ય થયા અને ત્હેમનો વર્ત્તમાન કાળ વર્ષ ૨૧ નો છે " આ બન્ને સમયો પરસ્પર કેવા વિરોધી છે ? તે વાંચકો સ્વયં જોઇ શકશે.

વળી કોઈ કોઇ સ્થળે એમ પણ લખવામાં આવેલું છે કે-"" ધરસેન મુનિ જ્ઞાનવાન્ હતા. કર્મપ્રાભૃત બીજું પૂર્વ કંઠાગ્ર હતું, ત્હેમણે પોતાનું અલ્પ આયુ જાણીને, જિનયાત્રા કરવા સંઘ આવ્યો હતો, ત્હેના ઉપર એક ચીઠી મોકલીને તીક્ષ્ણ બુદ્ધિમાન, ભૂતબલી અને પુષ્પદંત નામના બે મુનિ બોલાવ્યા, અને તેઓને જ્ઞાન શિખવાડી વિદાય કર્યા."

આ હકીકત પણ વિક્રમપ્રબન્ધ નામના ગ્રન્થમાં લખેલી હકીકતથી વિરોધીજ છે. કેમકે વિક્રમપ્રબન્ધમાં લખ્યું છે કે-" શ્રીવીરનિર્વાણ બાદ ૬૩૩ વર્ષે પુષ્પદંત નામના આચાર્ય થયા. તેઓનો વર્ત્તમાનકાલ ૩૦ વર્ષનો થયો. શ્રીમહાવીર નિર્વાણ બાદ ૬૬૩ વર્ષે ભૂતબલી આચાર્ય થયા, તેઓનો વર્ત્તમાન કાલ વીશ વષનો થયો. એ પ્રમાણે વીર નિર્વાણ બાદ ૬૮૩ વર્ષ સૂધી પૂર્વ અંગની પરિપાટી ચાલી, અને ત્યાર બાદ અનુક્રમે ઘટવા લાગી, અને અહિં સુધી એકાંગધારી મુનિ થએલ છે, ત્યાર બાદ શ્રુતજ્ઞાની મુનિ થયા. એ પ્રમાણે આચાર્યોની પરિપાટી છે."

હવે વિચાર કરો કે શ્રીવીરનિર્વાણથી ૬૮૩ વર્ષે ધરસેન

મુનિ આવ્યા ક્યાંથી ? ભૂતબલી અને પુષ્પદંતને બોલાવ્યા કોણે ? ભૂતબલી, પુષ્પદન્ત આવ્યા ક્યાંથી ? ભણાવ્યા કોણે ? કેમકે ધરસેનનું મૃત્યુ તો ૬૩૩ માં થએલું છે, અને પુષ્પદંતનું મૃત્યુ ૬૬૩ માં થયું છે, જ્યારે ભૂતબલીનું મૃત્યુ ૬૮૩ માં થયું છે, ત્ય્હારે આ બધાઓનો સમાગમ ક્યાંથી થયો ? અત એવ પૂર્વોક્ત પરસ્પર વિરોધી ધરસેનની કથા ઉપરથી એમ સિદ્ધ થાય છે કે–દિગમ્બર શાસ્ત્રોનો રચના કાળ જે બતાવવામાં આવે છે, તે પણ મનઃકલ્પિતજ છે.

વળી જો દિગમ્બર મત પ્રાચીન હતે, તો ગણધરાદિ મુનિયોનો બનાવેલો કોઇ પણ ગ્રન્થ, પ્રકરણ, અધ્યાય, વસ્તુ આદિ અવશ્ય હોવું જોઇતું હતું, અને છે તો નહિ, તેથી પણ એ સિદ્ધ થાય છે કે–દિગમ્બરોએ પોતાનો મત ચલાવવાને માટેજ સ્વકલ્પિત નવીન ગ્રન્થોની રચના કરી લીધી છે.

શ્વેતામ્બરોની પ્રાચીનતાના સંબંધમાં 'અંગો પૈકીનો કેટલોક ભાગ' અત્યારે આપણુને મ્હોટામાં મ્હોટી સાક્ષી આપે છે, વળી દિગમ્બરો તો એમ પણ ાને છે કે–'અંગ અને પૂર્વો તો વિચ્છેદ થઇ ગયાં, ત્હેની સાથે દશવૈકાલિક, ઉત્તરાધ્યયનાદિ પણ વિચ્છેદ થઇ ગએલ છે.'

હવે અહિં કેવું આશ્ચર્ય ઉત્પન્ન થાય છે કે–ધરસેન મુનિને સમુદ્ર સમાન બીજા પૂર્વનું કર્મપ્રાભૃત તો કંઠાગ્ર રહી ગયું અને એકાદશાંગ, દશવૈકાલિક તથા ઉત્તરાધ્યયનાદિ અલ્પ

સંખ્યાવાળા ગ્રન્થો વિચ્છેદ થઈ ગયા, શું આ વાત કોઈ પણ બુદ્ધિમાન માન્ય કરી શકે ખરો ? કદાપિ નહિ. તે તો કદાગ્રહીજ માન્ય કરે. હું ન ભૂલતો હોઉં તો આવા ઉત્સૂત્રથી ભરપૂર ગ્રન્થોનો પ્રચાર કરવાને માટેજ પાછલા અંગ પ્રકીર્ણાદિ ગ્રન્થો છોડી દીધેલા જણાય છે.

પાશ્ચાત્ય વિદ્વાનો શું કહે છે ?

હવે દિગમ્બરના ગ્રન્થો કરતાં શ્વેતામ્બરના ગ્રન્થો પ્રાચીન છે, આ વાતને અમે (શ્વેતામ્બરો) જ કહીએ છીએ-સિદ્ધ કરીએ છીએ, એટલુંજ નહિ, પરન્તુ પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ તે વાતને, ચોક્કસ શોધખોળ કરી, દૃઢ કરી છે. આ પ્રમાણે કહીને છુટી ન જતાં એક બે નમૂના પણ અહિં રજુ કરૂં છું-

'The Sacred Books of the East' Vol. XXII (1884 A. D.) ની પ્રસ્તાવનામાં પાને ૪૨ મેં મી. જેકોબી મહાશય લખે છે કેઃ—

Additions and alterations may have been made in the sacred texts after that time; but as our argument is not based on a single passage or even a part of the Dhammapada, but on the metrical laws of a variety of metres in this and other Pali books, the admission of alterations and additions in these books will not materially influence our conclusion, *viz.* that the whole of the Jaina

Siddhanta was composed after the fourth century B. C.

અનુવાદ—તે વખત પછી ધાર્મિક મૂળ ગ્રન્થોની અંદર ઉમેરાઓ અથવા ફેરફારો કરવામાં આવ્યા હોય; પરન્તુ જેથી કરીને આપણી દલીલનું મૂળ એકજ ફકરા ઉપર અથવા ધમ્મપદના એક ભાગ ઉપર પણ નિર્ભર નથી, પણ તેનો પાયો આ અને બીજાં પાલી પુસ્તકો માંહેલા વિવિધ પદ્યોના માત્રામેળના નિયમ ઉપર નિર્ભર રહેલો છે, તેથી કરીને આ પુસ્તકોની અન્દરના ફેરફારો અને ઉમેરાનો આપણે સ્વીકાર કરીએ તો પણ ‘ સંપૂર્ણ જૈન સિદ્ધાંત ઈ૦ સ૦ પૂર્વે ચોથા સૈકા પછી સંગ્રહ કરવામાં આવ્યો હતો ’ એ પ્રકારના આપણા અનુમાનને વસ્તુતઃ કાંઇ વાંધો આવશે નહિ.

એ પ્રમાણે શ્વેતામ્બર અને દિગમ્બરના ગ્રન્થ રચનાના કાળ ઉપરથી હવે એમ પ્રશ્ન કરવાની જરૂર રહેતીજ નથી કે—શ્વેતામ્બર અને દિગમ્બર પૈકી કયો મત પ્રાચીન છે ? તો પણ આપણે ત્હેની વિશેષ કસોટી કરીએ.

અત્યારે ‘ **जैन हितैषी** ’ ના સાતમા ભાગના બારમા અંકમાં પ્રકટ થએલ ‘ डॉ-भांडारकरके विचार ’ એ મથાળાવાળા લેખનું અવલોકન કરીએ. ડૉ-ભાંડારકર, મિ. પાંગલેના પ્રશ્નનો જવાબ આપતાં કહેછે કે—“ **मेरी समजमें दिगम्बर सम्प्रदाय मूलका और श्वेताम्बर पंथ पीछेका है, और मेरे इस**

मतको पोषण करने वाले बहुत से प्रमाण मिले हैं, प्राचीन जैन मूर्तियां प्रायः नग्न ही मिलती हैं" ઇત્યાદિ.

આથી તો એ સિદ્ધ થાયછે કે–ડો. ભાંડારકરે, જૈન પ્રાચીન શિલાલેખોની શોધખોળ કરવી તો દૂર રહી, પરન્તુ ત્હેવા શિલાલેખોનાં દર્શન પણ કરેલાં નજ હોવાં જોઇએ, અને જો કોઈ દિવસ પણ બારીકાઇથી તપાસ કરવામાં ભાગ્યશાળી નિવડ્યા હતે, તો ભાંડારકર આવો જવાબ આપી શકતેજ નહિ, કેમકે મથુરાના સ્તૂપ ઉપરના જૈન શિલાલેખો પ્રાચીનમાં પ્રાચીન ગણવામાં આવેછે, અને ત્હેમાંનો મ્હોટો ભાગ અત્યારે શ્વેતામ્બર મતનેજ મળતો જોવામાં આવેછે, એટલુંજ નહિ પરન્તુ તે શિલાલેખો ઉપર જે જે આચાર્યોનાં નામ, ગણ તેમજ કુલ વિગેરે બતાવવામાં આવેલ છે, તે દરેક કલ્પસૂત્રની સ્થવિરાવલીમાં વર્ણવેલ આચાર્યોની સાથે મલતાવડાપણું ધરાવે છે, અને તેજ પ્રમાણે Vienna Oriental journal Vol. 4 ની અંદર મી, જી. બૂલ્હર પોતાના Further proofs of the authenticity of the Jaina tradition' નામના લેખની અંદર પાને ૩૧૫ મેં આ પ્રમાણે કહે છે:—

"The inscriptions now prove the actual existence of twenty of the subdivisions mentioned in th Sthaviravali of th Kalpasutra

અનુવાદ–હવે શિલાલેખો, કલ્પસૂત્રની સ્થવિરાવલીમાં કથન

કરવામાં આવેલા વીશ વિભાગોની વાસ્તવિક હયાતીને સાબીત કરે છે.”

તેથી પણ એ સિદ્ધ થાયછે કે—દિગમ્બર મત કરતાં શ્વેતામ્બર મત પ્રાચીન છે. વળી બીજું પ્રમાણ–તેજ પુસ્તકમાં પાને ૩૨૦ મે ફુટનોટમાં મી. બૂહ્લર લખેછે કે—

According to the Kalpasutra P. 82 (Jacobi) the Kodiya Gana was founded by Susthita and Supratibuddha and the Uchchanagari Shakha by their third spiritual descendent, Samtisenia. The tradition places the death of Susthita in 313 A. V. or 213 B. C. The foundation of the Gana may, therefore, be put about 250 B. C. and that of the Shakha about 60 or 70 years later.

અનુવાદ–કલ્પસૂત્ર પૃષ્ઠ ૮૨ (જેકોબી) પ્રમાણે કોડિયગણની સ્થાપના સુસ્થિત અને સુપ્રતિબુદ્ધે કરી હતી, અને તેમની ત્રીજી પાટે થએલા શાંતિસેને ઉચ્ચાનાગરી શાખાની સ્થાપના કરી હતી. ગુરૂ પરંપરા પ્રમાણે સુસ્થિતનો કાળધર્મ વીર નિર્વાણ પછી 313 વર્ષે એટલે ઇ. સ. પૂર્વે ૨૧૩ માં થયો હતો. તેથી કરીને તે ગણની સ્થાપના ઇ. સ. પૂર્વે ૨૫૦ વર્ષે મૂકી શકાય અને શાખાની સ્થાપનાનો કાળ તેની પછી લગભગ ૬૦ અથવા ૭૦ વર્ષે ગણી શકાય.

ઉપર પ્રમાણે શ્વેતામ્બર મતમાંથી નીકળેલી એક શાખા

પણ ઇ. સ. પૂર્વે ૨૧૩ માં સ્થપાએલી સાબીત થઇ ચૂકી છે. આ પ્રમાણે મી. જી. બૂહ્લર જેવા વિદ્વાન્નું કહેવું છે, અને કલ્પસૂત્રની સ્થવિરાવલીથી તે વાત દૃઢ થાય છે. તો શું ડૉકટર સાહેબને આ વાતની માલૂમ નહિ હોય?

આટલેથી સંતોષ ન થતો હોય તો જુઓ તેજ શિલાલેખોની અંદર અત્યન્ત ખૂબીવાળું એક ચિત્ર કે જે–શ્વેતામ્બર મતના માનવા પ્રમાણે, હરિણૈગમેષી દેવે કરેલા ગર્ભાપહાર સંબંધી યથાસ્થિત સ્વરૂપને બતાવનાર છે. તે ઉપરથી પણ એમજ સિદ્ધજ થાયછે કે—શ્વેતામ્બર મત પ્રાચીન છે. કેમકે ગર્ભાપહારને તો દિગમ્બરો માનતાજ નથી. વળી આ ચિત્ર ઉપર જે વર્ણો કોતરેલા છે, તે ઉપરથી પણ પાશ્ચાત્ય વિદ્વાનોએ એ સિદ્ધ કર્યું છે કે—ઇ૦ સ૦ ની શરૂઆતનો અથવા તો તેથી પણ વધારે પ્રાચીન સમયનો તે લેખ છે. જુઓ 'The Jain Stupa by V. A Smith' પાને ૨૫ મેં Chapter 6th, plate XVIII. ની અંદર.

આટલા બધા પ્રાચીન પુરાવા હોવા છતાં ડૉ. ભાંડારકર કહેછે કે—'**प्राचीन जन मूर्तियां प्राय: नग्न ही मिलती हैं**' શું ડૉક્ટર સાહેબ, નગ્ન અને ઢાંકેલી મૂર્તિઓનો ભેદ સમજ્યા છે કે? પરન્તુ નહિ, મ્હને તો એમજ અનુમાન થાયછે કે—વર્તમાન સમયમાં, 'જૈન મૂર્તિઓ નગ્ન હોયછે' આવા પ્રકારનો જે પવન ફુંકાએલો છે, તે અનુસાર ડૉ. સાહેબે તેમ કહી દીધું હોય તો ના નહિ, કેમકે વર્તમાન સમયમાં

હિંદુસ્તાનમાં અવ્વલ નંબરે ગણાતા કાશીના કોઇ પણ બ્રાહ્મણ શાસ્ત્રીને જો કોઈ પૂછે તો તેઓ એમજ કહે કે, 'જૈન મૂર્તિયો નગ્ન હોયછે' અને કદાચ ડૉક્ટર સાહેબ નગ્નનો અર્થ 'કોટ પાટલૂન કે ત્હેવાં વસ્ત્રોનો અભાવપણું, સમજતા હોય તો, પ્રાચીન કે અર્વાચીન ગમે તેવી પણ જિનદેવની મૂર્તિયોને કંઇ કોટ પાટલૂન અથવા તો સાડી, ચણીઓ પહેરાવેલાં નહિ હોય, અને જો આ કલ્પના પોતાની મેળેજ કરી જવાબ આપ્યો હોય તો તેઓ મનસ્વી છે, તેઓને કોઇ રોકી શકનાર નથી, પરન્તુ એટલું તો જરૂર કહીશ કે—જો ડૉ૦ સાહેબે ઉપર્યુક્ત પ્રમાણે જવાબ આપ્યો હોય તો તે ભૂલ ભરેલોજ આપ્યો છે, કેમકે પ્રાચીન મૂર્તિઓ જોવા જઇશું તો તે સલંગોટ મળશે અને તે શ્વેતામ્બરોનીજ મૂર્તિયો હોવી જોઇએ.

આગળ ચાલતાં શ્વેતામ્બર અને દિગમ્બરના ગ્રન્થ રચનાના કાળ સંબંધી પ્રશ્નનો જવાબ આપવામાં ડૉ. સાહેબે જે ભૂલથાપ ખાધી છે, ત્હેનો જવાબ પણ ઉપર બતાવેલ 'ગ્રન્થ રચનાના કાળ' ઉપરથી આવી જાયછે, એટલે તે સંબંધમાં પુનઃ લખવાની કંઇપણ જરૂર ન જોવા સાથ, માત્ર એટલુંજ કહીશ કે હરકોઇ વિષયમાં સંપૂર્ણતા પ્રાપ્ત કર્યા વિના તે વિષય સંબંધી અમુક એક નિશ્ચય કરી દેવોછે, તે એક જાતનું જગતમાં હાંસીને પાત્ર થવા જેવું છે. ડૉ૦ સાહેબ શ્વેતામ્બર ગ્રન્થ રચનાના કાળ સંબંધમાં તો પ્રો૦ ડૉ૦ હર્મન જેકોબીને પણ સાથ સાથ ઘસડેછે, પરન્તુ તેજ ડૉ૦ હર્મન જેકોબી

મહાશયનો શું અભિપ્રાય છે, તે જુઓ—

'The Sacred Books of the East Vol. XLV'ની ઈ. સ. ૧૮૯૪ ની પ્રસ્તાવનામાં તે મહાશય આ પ્રમાણે લખેછે—

As, however, the reader of the present volume will naturally expect the translator to give expression to his personal conviction on this point, I give my opinion with all reserve, *viz.* that most parts, tracts or treatises of which the canonical books consist, are old; that the reduction of the Angas took place at an early period (tradition places it under Bhadrabahu); that the other works of the Siddhanta were collected in course of time, probably in the first centuries before our era, and that additions or alterations may have been made in the canonical works till the time of the first edition under Devardhiganin (980 A. V. = 454 A. D.)

અનુવાદ–તેમ છતાં, ચાલુ પુસ્તકને વાંચનાર સ્વાભાવિક રીતેજ, આ બાબત ઉપર ભાષાંતર કર્તા પોતાનો જાતિ નિર્ણય પ્રકટ કરે, એવી આશા રાખશે, તેથી કરીને હું તમામ હાવ-ભાવ પૂર્વક મારો અભિપ્રાય આપુંછું, તે એ છે કે–ઘણા ખરા ભાગો, ટૂંક પ્રબંધો, અને નિબંધો કે જેના આગમો બનેલા છે તે જૂનાં છે, આગમોનો ઉદ્ધાર પ્રાચીન કાળમાં થયો હતો

(ગુરૂ પરંપરા તેને ભદ્રબાહુના વખતમાં મૂકે છે), સિદ્ધાંતના ખીત પુસ્તકો વખતના વહેવાની સાથે આપણા ઇ. સ. અગાઉના પહેલા સૈકામાં સંગ્રહ કરવામાં આવ્યા હતા, અને આગમના ગ્રન્થોની અન્દર ઉમેરા તથા ફેરફારો દેવર્દ્ધિગણિના પ્રથમ ગ્રન્થ પ્રકાશનના વખત સુધી કરવામાં આવ્યા હોય. (વીર સંવત. ૯૮૦=ઇ. સ. ૪૫૪).

આથી તો આપણને એજ નિશ્ચય થયો કે—શ્વેતામ્બરના ગ્રન્થોનો રચના કાળ દિગમ્બરો કરતાં પહેલાંનોજ છે. અસ્તુ ! આ વિષયને હવે અહિંયાંજ મૂકી શ્વેતામ્બર મતની પ્રાચીનતાના સંબંધમાં હિન્દુધર્મશાસ્ત્રોમાંથી પણ કેવા પુરાવા મળે છે? તે પણ તપાસીએ.

હિન્દુધર્મશાસ્ત્રો શું કહે છે ?

હિન્દુધર્મશાસ્ત્રોની અન્દર પણ શ્વેતાંબર મતના સાધુઓનુંજ વર્ણન કરવામાં આવેલું છે. જુઓ—

“ मुण्डं मलिनं वस्त्रञ्च कुण्डिपात्रसमन्वितम् ।
दधानं पुञ्जिकां हस्ते चालयन्तं पदे पदे ॥ १ ॥
वस्त्रयुक्तं तथा हस्त क्षिप्यमाण मुखे सदा ।
धर्मेति व्याहरन्तं तं नमस्कृत्य स्थितं हरेः ” ॥ २ ॥

શિવપુરાણ, અધ્યાય ૨૧ મો.

અર્થાત્—મુંડ મસ્તકવાળા, મલિન વસ્ત્રને ધારણ કરનાર,

કાષ્ઠનું પાત્ર હાથમાં ધારણ કરનાર, એક હાથમાં જંતુરક્ષક (રજોહરણ) રાખનાર, પદ પદને વિષે (ધીરે ધીરે) ચાલનાર, વળી વસ્ત્ર યુક્ત છે હાથ જહેના, તે વસ્ત્ર વારંવાર મુખ ઉપર હલાવતા અને ધર્મલાભનો ઉચ્ચાર કરતા મુનિ, હરિને નમસ્કાર કરી સ્થિત થયા.

આટલેથી સંતોષ ન થતો હોય તો હજુ આગળ વધી જુઓ- તેજ અધ્યાયનો ૨૫ મો અને ૨૬ મો શ્લોક શું કહે છેઃ—

"हस्ते पात्रं दधानश्च तुण्डे वस्त्रस्य धारकः ।
मलिनान्येव वासांसि धारयन्तोऽल्पभाषिणः ॥ २५ ॥
धर्मो लाभः परं तत्त्वं वदन्तस्ते तथा स्वयम् ।
मार्जनीं धार्यमाणास्ते वस्त्रखण्डविनिर्मिताम् " ॥२६॥

અર્થાત્-હાથમાં પાત્રને ધારણ કરનાર, નાસિકા આગળ વસ્ત્રને ધારણ કરનાર, મલિન વસ્ત્રને ધારણ કરનાર, થોડું બોલતા 'ધર્મનો લાભજ પરં તત્ત્વ છે' એ પ્રમાણે બોલતાં અને વસ્ત્રના કકડાથી બનેલી માર્જની (રજોહરણ) ધારણ કરનાર મુનિ સ્થિત થયા.

(જો કે આ વિષય ઉપર લંબાણુથી સમાલોચના કરવાની છે, પરન્તુ અત્યારે તે ઉદ્દેશ નહિ હોવાથી માત્ર પ્રસ્તુત વિષયનેજ અનુસરી આગળ વધું છું.)

પાઠકો ! વિચાર કરો, હિન્દુધર્મના પ્રાચીન અને માનનીય ગ્રન્થની અન્દર કેવા મુનિનું વર્ણન કરવામાં આવ્યું છે ? ‘ દિગમ્બર મુનિઓનું આ વર્ણન છે ’ એમ કોઇ પણ બુદ્ધિમાન્ કહી શકે ખરો ? છે કોઇ દિગંબર મતાનુયાયી ઉપરોક્ત વર્ણનને ‘ દિગમ્બરમતના મુનિનું વર્ણન છે’ એમ સિદ્ધ કરનાર? જ્યહારે આવા હિન્દુધર્મના શાસ્ત્રમાં પણ શ્વેતાંબર મુનિનું વિવેચન કરવામાં આવ્યું છે, ત્યહારે હવે તેમ કહેવામાં કોઇ પણ જાતની કચાશ રહી શકેછે ખરી કે શ્વેતાંબર મત પ્રાચીન છે?

હવે કેટલાક પૂર્વાપર વિરોધી વાકયોને નહિ જાણનાર દિગંબરો મહાભારતના ત્રીજા પરિચ્છેદની આદિનું વાકય (જ્હેની અન્દર માત્ર એક **નગ્ન** શબ્દ આવેલો છે) આગળ કરી એમ સિદ્ધ કરવા ચેષ્ટા કરેછે કે— ‘ મહાભારતમાં પણ અમારા દિગંબર મતની ચર્ચા આવેલી છે,’ જુઓ મહાભારતમાં તે વાકય આ પ્રમાણે છે—

साधयामस्तावदित्युक्त्वा प्रातिष्ठतोत्तङ्कस्ते कुण्डले गृहीत्वा सोऽपश्यदथ पथि नग्नं क्षपणकमागच्छन्तं मुहुर्मुहुर्दृश्यमानमदृश्यमानं च ॥

અર્થાત્-કોઇ ઉત્તંક નામનો વિદ્યાર્થી પોતાના ગુરૂની સ્ત્રીને માટે કુંડલ લાવવાને માટે ગયો, કુંડલ લેઇને ચાલ્યો આવે છે, તો રસ્તામાં ત્હેણે કઇ દેખતા કંઇ ન દેખતા એક **નગ્ન** મુનિને વારંવાર દેખ્યા.

હવે ઉપરોક્ત વાકયમાં આવેલા ‘નગ્ન’ શબ્દને લેઇને અમારા દિગમ્બર ભાઇઓ પોતાની પ્રાચીનતાનો ઝંડો ઉઠાવવાની કોશિશ કરે છે, પરન્તુ જે વ્યાસજીએ જૈન મુનિના વેષનાં પ્રમાણો શિવપુરાણમાં આપ્યાં છે, તેજ વ્યાસજીએ મહાભારતમાં પણ ઉપરોક્ત વચન કહેલું છે, ખેર ! તે વાત પણ હું તો કબૂલજ રાખું છું, કેમકે—જીનકલ્પી સાધુઓ પણ તે વખતે હતા, એમ અમે માનીએ છીએ અને ઉપરોક્ત શબ્દથી તેઓ ‘જીનકલ્પી’ મુનિ હતા, એમ કહેવામાં કોઈ જાતનો વિરોધ આવતો નથી. ખરેખર, વિરોધ તો દિગંબર ભાઇઓને આવે છે, કેમકે એકજ વ્યાસજીનાં તે બન્ને વચનો છે, એટલે એક સ્થળે શ્વેતામ્બર મતના સાધુનું વર્ણન કરે અને બીજી તરફ દિગમ્બરમતના નગ્ન સાધુનું વર્ણન કરે, તે કદાપિ સંભવી શકતુંજ નથી, કારણ કે તે સમયમાં દિગમ્બર મતની વિદ્યમાનતાજ ન્હોતી. અત એવ ઉપરોક્ત વાતનો ફલિતાર્થ એજ છે કે–મહાભારત અને શિવપુરાણમાં પણ શ્વેતાંબર મતના સાધુઓનુંજ વર્ણન છે, માટે એ સિદ્ધ થાય છે કે–શ્વેતામ્બર મત પ્રાચીન છે.

મ્હને આ લેખ લખતાં લખતાં આશ્ચર્ય પણ થતું જાય છે કે, જ્યહારે કોઇ પણ વ્યક્તિ કે સમાજ પોતાનો કક્કો સાચો કરાવવા માટે હઠ પકડેછે, ત્યહારે તે ખૂણા ખચકામાંથી પણ વાક્ય કે શબ્દને શોધી કાઢીને આગળ ધરે છે, પરન્તુ તે પ્હેલાં એટલો વિચાર નથી કરવામાં આવતો કે–હું આ જે વાક્ય જન સમાજની દૃષ્ટિપથમાં મૂકું છું તે કેટલા અંશે સાચું છે?

હમણાંજ એક દિગંબરમતના અનુયાયી વિદ્યાર્થીએ ભદ્રબાહુ ચરિત્રનું ભાષાન્તર બહાર પાડયું છે. પરન્તુ આટલેથીજ સંતોષ ન માનતાં તે મહાનુભાવ, એક લાંબી ચોડી પ્રસ્તાવના લખીને પણ પોતાનું મિથ્યાત્વ પ્રકટ કર્યા વિના રહ્યા નહિ. જો કે આ પ્રસ્તાવનામાં બતાવેલી કેટલીક કુયુક્તિઓનો જવાબ તો ઉપરના લખાણથીજ આવી ગયો છે, એટલે તે સંબંધી પુનઃ ન લખતાં તે વિદ્યાર્થીએ એક 'વરાહમિહિર' નામના જ્યોતિષ શાસ્ત્રના પ્રાચીન વિદ્વાનનો એક શ્લોક (કે જ્હેની અન્દર "**नग्नाः जिननां विदुः**" આ પદ આવેલું છે) તેને ઉદ્ધૃત કરી પોતાની પ્રાચીનતા સિદ્ધ કરવા કોશિશ કરી છે, ત્હેનોજ જવાબ આપું છું.

પ્રથમ તો ઉપરોક્ત વાકયમાં **नग्न** શબ્દ દેખી ફૂલી જનાર મહાશયને હું પૂછું છું કે—ત્હમે વરાહમિહિરનું દૃષ્ટાન્ત તો આપ્યું, પરન્તુ પ્હેલાં વરાહમિહિરના સમયનો નિશ્ચય કર્યો છે? અને જો કર્યો હતે તો આ પ્રમાણે નગ્ન શબ્દને દેખી તે વાકયને આગળ ધરતેજ નહિ કેમકે **पञ्चसिद्धान्तिका** ની અંદર વરાહમિહિર પોતે લખે છે–કે 'શાકે ૪૨૭ ના સમયમાં આ ગ્રન્થ રચ્યો છે' આથી અમે બતાવેલા દિગમ્બરના સમયને કોઈ પણ રીતે ધક્કો પહોંચતોજ નથી, અને ભદ્રબાહુ ચરિત્રની પ્રસ્તાવનામાં આ વાતને જે પ્રમાણ રૂપે ગણવામાં આવી છે, તે પ્રમાણજ બિલકુલ બિનપાયાદાર ઠરે છે.

હવે કેટલાક દિગમ્બર મતાનુયાયીઓ 'નિર્ગ્રન્થ' શબ્દને

દેખીને એકદમ કહી દેછે કે—'જુઓ શ્વેતામ્બરો પણ નિર્ગ્રન્થનેજ માન આપે છે ' જહેવી રીતે ' જૈન હિતૈષી' ના સાતમા ભાગના બારમા અંકમાંજ એક સ્થળે લખવામાં આવ્યું છે કે—" **श्वेताम्बरसूत्रोंमें भी निर्ग्रन्थत्वको महत्त्व दिया है** " વાત પણ ઠીકજ છે, કેમકે પ્રથમ તો સમગ્ર શ્વેતાંબર સાધુઓનું નામજ ' **निर्ग्रन्थ** ' હતું. તે સંબંધી એક પટ્ટાવલીમાં પણ લખ્યું છે કે—" **श्रीसुधर्मस्वामिनोऽष्टौ सूरीन् यावद् निर्ग्रन्थाः साधवोऽनगारा इत्यादिसामान्यार्थाभिधायिन्याख्याऽऽसीत्** "

અર્થાત્—નિર્ગ્રન્થ શબ્દથી સાધુ, અનગાર કહેલ છે, કંઇ નિર્ગ્રન્થનો અર્થ 'નાગો' એ પ્રમાણે કરવામાં આવ્યો નથી.

હવે શ્વેતાંબર મતની પ્રાચીનતાના સંબંધમાં કેટલીક સ્થૂલ યુક્તિઓ આપી આ લેખને સમાપ્ત કરીશ.

પહેલાં આપણે મંખલી ગોશાલનું દૃષ્ટાન્ત લઇએ. જે મંખલી ગોશાલનું નામ, શ્વેતાંબરોએ માનેલ ભગવતી આદિ અનેક સૂત્રોમાં ઠેકાણે ઠેકાણે આવે છે, તેજ મંખલી ગોશાલનું વર્ણન બૌદ્ધોના પિટક ગ્રન્થોમાં પણ આવે છે, જ્યહારે દિગમ્બરોના એક પણ ગ્રન્થમાં મંખલીગોશાલનું નામ દૃષ્ટિગોચર થતું નથી. તેથી એ સિદ્ધ થાય છે કે—દિગમ્બરોના ગ્રન્થો, શ્વેતાંબર ગ્રન્થો કરતાં અર્વાચીનજ છે, અને જહેના ગ્રન્થોજ નવીન રચેલ ઠરેછે, તે મતની પ્રાચીનતા કેવી હોવી જોઇએ? તે વાં-

ચકો સ્વતઃ સમજી શકે તેમ છે.

આ સિવાય આપણે એ પણ જોઇ શકીએ છીએ કે–દિગમ્બરોના શાસ્ત્રોની અંદર ઠેકાણે ઠેકાણે શ્વેતાંબર મતની નિંદા આવે છે, તેથી પણ એ સિદ્ધ થાય છે કે–શ્વેતાંબર મત તે પહેલાંનો હોવોજ જોઇએ.

વળી એક મ્હોટામાં મ્હોટી વાત કહેવી રહી જાય છે અને તે એજ છે કે–શ્વેતાંબર મતમાં માનેલા ઉત્તરાધ્યયનાદિ સૂત્રોમાં કહેલું છે કે–' અજીતનાથથી લેઇ પાર્શ્વનાથ સુધી બાવીસ તીર્થંકરો, તેમ તેમના સાધુઓ ચાર મહાવ્રતને માનતા હતા, અર્થાત્ ચોથા બ્રહ્મની ગણતરી અપરિગ્રહમાંજ કરી લેતા હતા. જ્યહારે મહાવીરદેવના સાધુઓ શ્રીઋષભદેવના સાધુઓની માફક પાંચ મહાવ્રતને માને છે. આજ વાતને બૌદ્ધનો પિટક ગ્રન્થ જહેવો કે–'દિગ્નિકાયના સામાન્ય ફલસૂત્રની સુમંગલા વિલાસિની' નામની ટીકામાં બુદ્ધઘોષે જે લખ્યું છે, તે સંબન્ધમાં ડૉ. જેકોબી મહાશય મૂલગ્રન્થકાર તથા ટીકાકારની ભૂલ બતાવતાં સ્પષ્ટરૂપે પોતાની ૧૮૯૪ની પ્રસ્તાવનાના ૨૧ મેં પાને લખે છે કે—

' For the Pali chatuyama is equivalent to the Prakrit chatujjam, a well known Jaina term which denotes the four vows of Parshva in contradistinction to the five vows (Pancha Mahavvaya) of Mahavira.'

અનુવાદ—કારણ કે પાલી 'ચાતુયામ' શબ્દ પ્રાકૃત 'ચાતુજ્જામ'ની બરાબર છે. 'ચાતુજ્જામ' કે જે મહાવીરના પાંચ મહાવ્રતથી ભિન્ન શ્રીપાર્શ્વના ચાર વ્રતોનું જ્ઞાપન કરનાર એક પ્રસિદ્ધ જૈન (પારિભાષિક) શબ્દ છે.

આ ભેદ દિગંબર મતમાં બિલકુલ બતાવવામાં આવ્યો નથી. તેથી પણ એ સ્પષ્ટ રીતે સમજાઇ જાય છે કે—શ્વેતાંબર મતજ પ્રાચીન છે.

વળી ધમ્મપદ ઉપર બુદ્ધઘોષની ટીકામાં કહેલું છે કે—'નિર્ગ્રન્થો (સાધુઓ) નીતિ મર્યાદાને માટે એક જાતનો કપડો રાખે છે' અને તેજ વાતને અનુસરતું શ્વેતાંબર ગ્રન્થોમાં પણ કહ્યું છે કેઃ—

"अजितादिद्वाविंशतिजिनतीर्थसाधूनां ऋजुप्राज्ञानां बहुमूल्यविविधवर्णवस्त्रपरिभोगाऽनुज्ञासद्भावेन सचेलकत्वमेव, केषाञ्चित् श्वेतमानोपेतवस्त्रधारकत्वेन अचेलकत्वमपि, इति अनियतस्तेषामयं कल्पः, श्रीऋषभवीरतीर्थयतिनां च सर्वेषामपि श्वेतमानोपेतजीर्णप्रायवस्त्रधारित्वेन अचेलकत्वमेव"

આથી પણ સિદ્ધ થાય છે કે બૌદ્ધ ગ્રન્થોનું અને શ્વેતાંબર ગ્રન્થોનું કથન એક હોવાથી શ્વેતાંબર મત પ્રાચીન જ છે, કેમકે દિગંબરો તો સર્વથા નાગા રહેવાનુંજ પસંદ કરે છે.

હવે લેખનો ઉપસંહાર કરવા પહેલાં એટલુ બતાવવું આવશ્યક ધારૂં છું કે—દિગંબરાચાર્યોએ પોતાનો મત ચલાવવાને

કેવા રૂપમાં ચિતરી નાંખ્યો છે? અર્થાત્ તેઓના અંતઃકરણમાં માટે શ્વેતામ્બર મતને કેવો દ્વેષદાવાનળ રહેલો હોગ જોઇએ? ત્હેને બતાવનાર એક નમૂનો અહિં રજુ કરૂં છું.

દિગંબર મતમાં થઇ ગયેલ દેવસેન નામના આચાર્ય પોતે વિ૦ સં૦ ૯૯૦માં બનાવેલા 'દર્શનસાર' નામના ગ્રન્થમાં લખે છે કેઃ—

" अण्णं च एवमाई आगम उट्ठाइ मिच्छमत्थाइं ।
विरइत्ता अप्पाणं पडिठवियं पढमए णिरए " ॥१५॥

અર્થાત્—ઇત્યાદિ અનેક આગમોને ઉત્થાપિને, મિથ્યાશાસ્ત્ર બનાવીને, પોતાના આત્માને (દુષ્ટ જિનચન્દ્રે) પહેલી નરકમાં સ્થાપન કર્યો.

વાંચક! વિચાર કર, એક મુનિના અન્તઃકરણમાં કેટલો બધો દ્વેષ વ્યાપી રહેલો છે? ખેર! પહેલાં તો હું તેજ પૂછું છું કે—તે દેવસેનાચાર્યે વિ. સં૦ ૯૯૦માં તો 'દર્શનસાર' નામનો ગ્રન્થ બનાવ્યો છે, તો શું તે વખતે દેવસેનને અવધિજ્ઞાન થયું હતું કે જ્હેથી ત્હેમણે જાણી લીધું કે—જિનચન્દ્ર પહેલી નરકમાં ગયા? આ દેવસેનના લેખથીજ એ સિદ્ધ થાય છે કે-શ્વેતાંબર મતના સંબંધમાં તેઓએ જે જે કલ્પનાઓ કરેલી છે, તે સર્વથા અસત્ય તેમજ દ્વેષ પ્રયુક્તજ છે. આવીજ રીતે આપણે ભદ્રબાહુ ચરિત્રના બનાવનાર 'રત્નનંદી'ની વાક્જાલ થોડી તપાસીએ. તે મહાનુભાવ પોતાના બનાવેલા 'ભદ્ર-

બાહુ ચરિત્ર' માં એક સ્થળે લખે છે કેઃ—

'श्वेतांशुकमतोद्भूतमूढान् ज्ञापयितुं जनान्'

આ એક વાકય ઉપરથી આપણને માલૂમ પડે છે કે–ભદ્રબાહુ ચરિત્ર, કેવળ દ્વેષબુદ્ધિથી શ્વેતાંબર મતના ખંડનને માટેજ જુઠું જોડી કાઢેલ છે, આ સિવાય તેજ ભદ્રબાહુ ચરિત્રના કર્તા અને ભાષાન્તર કર્તામાં, લુંપક મત સંબંધી પણ કેવી અજ્ઞાનતા રહેલી છે તે પણ જુઓ. તેઓ ભદ્રબાહુ ચરિત્રમાં એક સ્થળે લખે છે કેઃ—

"मृते विक्रमभूपाले सप्तविंशतिसंयुते ।
दशपञ्चशतेऽब्दानामतीते शृणुतापरम् ॥
लुंकामतमभूदेकं लोपकं धर्मकर्मणः ।
देशेऽत्र गौर्जरे ख्याते विद्वत्ताजितनिर्जरे ॥
अणहिल्लपत्तने रम्ये प्राग्वाटकुलजोऽभवत् ।
लूंकाभिधो महामानी श्वेतांशुकमताश्रयी ॥
दुष्टात्मा दुष्टभावेन कुपितः पापमण्डितः ।
तीव्रमिथ्यात्वपाकेन लुङ्कामतमकल्पयत्" ॥

અર્થાત્–વિક્રમરાજાના મૃત્યુ બાદ ૧૫૨૭ વર્ષે ગુજરાત દેશના અણહિલનગરમાં પ્રાગ્વાટ (પોરવાળ) વંશીય લુંકા નામનો એક મહામાની દુષ્ટ, પાપી, ક્રોધી સફેદ કપડાંને ધારણ કરનાર થયો, તે દુષ્ટે તીવ્ર મિથ્યાત્વના ઉદયથી લુંકામતનો પ્રાદુર્ભાવ કર્યો.

આ કથન કેટલું સત્ય છે તે જુઓ, લુંકામત ગુજરાતની અન્દર આવેલા અમદાવાદ શહેરમાં દશા શ્રીમાળી જ્ઞાતિના લુંકા નામના લેખક (લહિયા)થી ઉત્પન્ન થએલો છે, અને તે વાતને ખાસ લોંકા વિગેરે ગચ્છવાળાઓ પણ કબૂલ રાખે છે, જ્યારે ભદ્રબાહુ ચરિત્રના કર્તા તો ઇદં તૃતીયં વેતરી નાખે છે. આ કેટલી બધી અજ્ઞાનતા સૂચવે છે તે વાંચકો સહજ જોઇ શકશે.

આ સિવાય તેજ ભદ્રબાહુ ચરિત્રના ભાષાન્તર કર્તાએ તો ઉપરોક્ત શ્લોકોના અર્થમાં પણ કેટલીએક ભૂલો કરી છે, જ્હેવી કે લુંકા મતને ઢૂંઢીયા મત જણાવે છે, અને પ્રાગ્વાટ કુલને કુલુંબી વંશ લખે છે, પરંતુ આથી તો ત્હેણે પોતાની મોટી મૂર્ખતા સૂચવી છે.

ઉપસંહાર.

હવે લેખને સમાપ્ત કરતાં ઉપસંહાર રૂપે એટલું કહેવું આવશ્યક ધારૂં છું કે—નગ્ન રહેવામાં કંઇ અપરિગ્રહપણું કે અચેલકપણું સમાએલું નથી. હરકોઇ વસ્તુ ઉપર મૂર્ચ્છા કરવી ત્હેનું નામજ પરિગ્રહ છે. નગ્ન રહીને, સાથમાં માલ મશાલાના ટ્રંકો ભરી રાખે, તો તેથી નિષ્પરિગ્રહપણું કહેવાતું નથી.

કેટલાક દિગંબરો એમ માને છે કે—'શ્વેતાંબર શાસ્ત્રોમાં પરિગ્રહ ધારીને મોક્ષ લખેલ છે.' પરન્તુ આ કહેવું સર્વથા અસત્યજ છે. શ્વેતાંબર મતાનુયાયી તો પરિગ્રહધારીમાં સાધુ-પણુંજ માનતા નથી. શ્વેતાંબર શાસ્ત્રોમાં મૂર્છાને પરિગ્રહ મા-

નેલ છે, પરન્તુ ધર્મોપકરણને પરિગ્રહ માન્યો નથી, અને તેજ વાતને દિગંબર આચાર્યો પણ કબૂલ કરે છે, જુઓ જ્ઞાનાર્ણવના કર્ત્તા શ્રી શુભચંદ્રાચાર્ય જ્ઞાનાર્ણવના સોળમા પ્રકરણમાં લખે છે કે—

"निःसङ्गोऽपि मुनिर्न स्यात् संमूर्च्छन् संगवर्जितः ॥
यतो मूर्च्छैव तत्त्वज्ञैः संगसूतिः प्रकीर्तिता" ॥ १ ॥

અર્થાત્—જે મુનિ નિઃસંગ હોય, એટલે કે બાહ્ય પરિગ્રહથી રહિત હોય, અને જો મમત્વ કરતો હોય તો તે નિષ્પરિગ્રહી થઈ શકે નહિ, કેમકે **તત્વજ્ઞાની વિદ્વાનોએ મુર્છા તેજ પરિગ્રહની ઉત્પત્તિનું સ્થાન માનલ છે.**

આ ઉપરથી કદાચ કોઇ એમ કહે કે–'જો સાધુ ધર્મોપકરણ રાખશે, તો ત્હેને અવશ્ય મૂર્છા થશે, તો પછી ત્હેને પરિગ્રહનો ત્યાગી કેમ કહી શકાય? પરન્તુ આમ શંકા કરનાર દિગંબર ભાઇએ પોતે માનેલા આચાર્ય શ્રીશુભચન્દ્રાચાર્યનાજ વચનોનું પહેલાં સ્મરણ કરવું જોઇએ છે, જુઓ તેજ આચાર્ય જ્ઞાનાર્ણવના અઢારમા પ્રકરણમાં શું કહે છેઃ—

"शय्यासनोपधानानि शास्त्रोपकरणानि च ।
पूर्वं सम्यक् समालोच्य प्रतिलिख्य पुनः पुनः ॥ १२ ॥
गृह्णतोऽस्य प्रयत्नेन क्षिपतो वा धरातले ।
भवत्यविकला साधोरादानसमितिः स्फुटम्" ॥ १३ ॥

અર્થાત્-જે મુનિ શય્યા, આસન, ઉપધાન, શાસ્ત્ર અને ઉપકરણ, દિવસે પ્હેલાં સારી રીતે જોઇને અર્થાત્ વારંવાર પ્રતિલેખન કરીને યત્નપૂર્વક ગ્રહણ કરતો, તથા તેજ પ્રમાણે કરી પૃથ્વી ઉપર મૂકે છે, તે અવિકલ (પૂર્ણ) આદાનનિક્ષેપણાસમિતિ પાળે છે.

ઈત્યાદિ અનેક રીતિથી સિદ્ધ થાય છે કે-સાધુને ઉપકરણો રાખવાની ખાસ જરૂર છે, અને તે ઉપકરણો ઉપર જો મૂર્છા ન રાખવામાં આવે તોજ નિષ્પરિગ્રહપણું કહી શકાય

અન્તમાં દિગમ્બર મતાનુયાયીઓને એટલી સૂચના કરૂં છું કે-મહાનુભાવો! જે પ્રાચીન છે તે, ગમે તેટલી કુયુક્તિઓ કે પ્રપંચો રચવાથી પણ અર્વાચીન થનાર નથી, અને જે અર્વાચીન છે તે પ્રાચીન થનાર નથી, આવા પુરાણા ઝઘડાઓમાં વ્યર્થ સમયનો વ્યય કરવો, આ વધવાના સમયમાં ઉચિત નથી. લેખ લખનારાઓએ પણ એટલું અવશ્ય ધ્યાનમાં રાખવું જોઇએ કે-ગાલીપ્રદાન કે ત્હેવી બીજી કુયુક્તિઓનું શરણ લેવાથી લાભ થતો નથી, માટે હર કોઇ લખનારે સીધે સીધી રીતે પોતાના ઉદ્દેશને અનુસરી લખાણુ કરવું તેજ શ્રેયસ્કર થાય છે.

છેવટ-મ્હારી તો એજ આંતરીક ભલામણ છે કે-જૈનોના ત્રણે ફિરકાઓ એક સંપી થઈ જૈનધર્મનાં મુખ્ય તત્ત્વોનો ફેલાવો કરો. એક શ્વેતાંબર દિગંબર થશે તો તેથી ૧૩ લાખ

ને ૩૪ હજારની સંખ્યામાં વધારો થનાર નથી, એક દિગંબર શ્વેતાંબર થશે તો તેથી પણ ઉપરોક્ત સંખ્યામાં વધારો થનાર નથી, માટે ત્રણે ફીરકાઓ મળી ઉપરોક્ત સંખ્યામાં વધારો થાય, અહિંસા ધર્મનો ફેલાવો થાય અને મહાવીર દેવની સાચી ભક્તિ સચવાય, ત્હેવા ઉપાયો યોજો અને સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ રત્નત્રયની પ્રાપ્તિ કરવા પૂર્વક દરેકનો મોક્ષ થાઓ. એજ અંતઃકરણથી ઈચ્છી આ લેખને સમાપ્ત કરૂં છું.

શ્રીઃ

श्रीविजयधर्मसूरिभ्यो नमः ।

શ્વેતામ્બર પ્રાચીન કે દિગમ્બર?

(ટ્રેકટ નં. ૨.)

એતો ખરૂં છે કે જ્યહારથી ઇતિહાસ તત્ત્વ તરફ લોકોની પ્રજ્ઞાએ પ્રયાણ કર્યું છે, ત્યહારથી દિન-પ્રતિદિન અમુક બાતની પ્રાચીનતાના વિષયમાં ઘણીજ સરળતા પ્રાપ્ત થવા લાગી છે. ઈતિહાસ શોધકો એ વાતનો નિર્ણય આસાનીથી કરી શકે છે કે-અમુક બે વસ્તુઓમાં પ્રાચીન કોણ છે અને અર્વાચીન કોણ છે? પરન્તુ એટલું તો જરૂર કહેવું પડશે કે, એતદ્દેશીય લોકોમાં હજુ તે શોખે જોઇએ ત્હેવો પ્રવેશ કર્યો નથી, તોપણ પાશ્ચાત્ય પ્રજાની દેખાદેખી અથવા કહો કે એવાંજ બીજા કોઇ કારણથી એતદ્દેશીય કેટલાક મહાનુભાવો, તે વિષયમાં ચંચુ પ્રવેશ કરતા દેખાયા છે, આ કંઇ થોડી આનંદજનક વાત નથી. સંભવ છે, કોઇ સમય આપણે માટે એવો પણ આવશે કે, આપણે હજારો ભારતવાસી બન્ધુ-ઓની પલટન ઇતિહાસ તત્ત્વવેત્તા તરીકેની જોવા ભાગ્ય-શાળી નિવડીશું.

ઇતિહાસવેત્તાઓ કેવી કેવી અજાયબીભરેલી વાતોને પ્રકાશિત કરે છે કે, જ્હેને જાણીને સાંભળીને, ત્હેનો અસલી આનન્દ તેજ મનુષ્યો અનુભવ કરે છે કે, જ્હેણે તે વિષયમાં લગાર માત્ર પણ પ્રવેશ કર્યો છે. સેંકડો વર્ષોથી જ્હે વાતે કોઈના મગજમાં લગાર પણ ઠોકર ન ખાધી હોય, તે વાતને પણ આબેહૂબ રીતે બતાવી આપનારા ઇતિહાસવેત્તાઓજ છે. અસંભવિત લાગતી વાતોને પણ સરાસર સંભવિત શું? પ્રત્યક્ષ બતાવી આપવામાં ઇતિહાસવેત્તાઓજ સફળ નિવડે છે અને હું ન ભૂલતો હોઉં તો સત્ય અને અસત્યનો ગુપ્ત ચાલ્યો આવતો ઝઘડો નિપટાવવામાં પણ ખરેખર ઇતિહાસ-વેત્તાઓ ન્યાયાધીશનો હોદ્દો ભોગવે છે.

એવું આજ સુધી કોના જાણવામાં હતું કે—આજ-કાલ પ્રચલિત '**पंचतन्त्र**' પં૦ વિષ્ણુશર્મ્માનું નહિં, પરન્તુ એક જૈનાચાર્યનું બનાવેલું છે? અને આજ સુધી એ કોણ જાણતું હતું કે—પં૦ વિષ્ણુશર્મ્માના બનાવેલા '**पंचतन्त्र**' નું મૂળ પણ જૈન કથા ગ્રન્થોજ છે? પરન્તુ મ્હને કહેવા દો કે, ડૉ. હર્ટલ મહાશયનેજ મુબારકબાદી ઘટે છે કે—જ્હે-ઓએ ઇતિહાસ ઉપરથી એ વાત સિદ્ધ કરી આ ॥ કે—'પ્રચ-લિત '**पंचतन्त्र**' વિષ્ણુ શર્મ્માનું નહિં, પરન્તુ તે એક જૈનચાર્યની કૃતિનું છે. અને પં૦ વિષ્ણુશર્મ્માના બનાવેલા '**पंचतन्त्र**'નું મૂળ પણ જૈન કથા ગ્રન્થોજ છે.' ત્હેવીજ રીતે મત—મતાન્તરોની પ્રાચીનતા—અર્વાચીનતાના સંબંધમાં પણ

ઘણાએક વિદ્વાનો ઘણે ભાગે નિર્ણય કરતા જાય છે. તે અનુસાર આજના શ્વેતામ્બર—દિગમ્બરોની પ્રાચીનતા—અર્વાચીનતાના વિષયને પણ ઇતિહાસવેત્તાઓ ભૂલ્યા નથી. પાશ્ચાત્ય સારા સારા ઉચ્ચકોટિના વિદ્વાનોએ ત્હેનો નિર્ણય કર્યો છે, અને તે વાતનો ઉલ્લેખ, જ્યહાં સુધી બન્યું, હું મારા પ્રથમના લેખમાં (ટ્રેક્ટ નં. ૧ માં) કરી પણ ચૂકયો છું.

વાંચકોએ જોયું હશે કે—મ્હેં મારા પ્રથમના 'શ્વેતામ્બર પ્રાચીન કે દિગમ્બર?' નામના લેખમાં ઇતિહાસ પ્રમાણ, શાસ્ત્ર પ્રમાણ અને યુક્તિ પ્રમાણથી એ સિદ્ધ કરી બતાવ્યું છે કે—'શ્વેતામ્બર અને દિગમ્બર એ બે ફિરકાઓમાં 'શ્વેતામ્બર' પ્રાચીન છે.' પરન્તુ વાંચકો એ વાતને સારી પેઠે જાણતા હશે કે—આગ્રહદેવના ઉપાસકો ગમે ત્હેવી સારી વાત હોય તો પણ તે સ્વીકાર—માન્ય કરતા નથી. સ્વીકાર કરવાની—માન્ય કરવાની વાતતો દૂર રહી, પરન્તુ પથરા લેઇને પાછળ ન પડે, તોજ મોટો ઉપકાર કર્યો કહેવાય.

અમારા દિગમ્બર ભાઈઓને માટે આ ઉપર્યુક્ત નિયમ કંઈક લાગુ પડતો હોય, એમ દેખાય છે. મ્હારા પ્રથમના લેખ ઉપરથી, તેઓને બુદ્ધિમત્તાથી અથવા કહો કે તટસ્થપણાથી સમીક્ષા કરવાનું તો નજ સૂઝયું, પ્રત્યુત 'મ્હારૂં તેજ સાચું' આ ત્હેમના અસલી સિદ્ધાન્તને ચરિતાર્થ કરવાનું તેઓએ ઉચિત ધાર્યું, 'પોતાનો કાઢેલો કક્કોજ ખરો, બાકીના બધા ખોટા' આજ બાલચેષ્ટા, તેઓના 'પ્રાચીન દિગમ્બર—અર્વા-

ચીન શ્વેતામ્બર' નામના ટ્રેકટમાં દેખીને ખરેખર આ લેખકને દયા આવે છે. ખરૂં કહું તો 'પ્રાચીન દિગમ્બર—અર્વાચીન શ્વેતામ્બર' આ ટ્રેકટ શું છે? બાલચેષ્ટાઓનો ભંડાર છે. અથવા એથી પણ બીજા શબ્દોમાં કહું તો આગ્રહદેવતાજ પુસ્તકરૂપે પ્રકટ થયા છે. હું નથી ધારતો કે કોઈ પણ મનુષ્ય, કે જહેનામાં લગાર માત્ર પણ યુક્તિપ્રયુક્તિને સમજવાની શક્તિ છે, અથવા સત્યાસત્યનો વિચાર કરી શકવાનું સામર્થ્ય છે, તે ઉપયુક્ત ટ્રેકટને વાંચીને, ત્હેના લેખક તરફ તિરસ્કારની દ્રષ્ટિથી જોયા વિના રહી શકે? અને તેજ વાતનો પુરાવો હું હમણાંજ થોડે દૂર જઇને આપીશ. ખેર! આ વાત ઉપર વિશેષ રામકહાણી ચીતરવાને હું બંધાએલો નથી. મારી મુખ્ય ફરજ અથવા મુખ્ય ઉદ્દેશ તો, શ્રીમાન્ નેમિનાથ પાંગલેનું ટ્રેકટ, કેવું યુક્તિ પ્રમાણ, શાસ્ત્ર પ્રમાણ કે ઇતિહાસ પ્રમાણથી દૂર રહેલું છે? તેજ બતાવવાનો છે, અને તેટલાજ માટે હું આ લેખના ઉપક્રમને સમાપ્ત કરી, મ્હારા મૂલ ઉદ્દેશ ઉપર આવુંછું.

'**वदतो व्याघातः**'નું એક ઘણુંજ સુંદર ઉદાહરણ મ્હને મિ. પાંગલેના '**प्राच्चिन दिगम्बर–अर्वाचीन श्वेताम्बर**' નામના ટ્રેકટની શરૂઆતમાંથી મળી આવે છે. મિ. પાંગલે કહે છે કેઃ—

"સનાતન જૈન ધર્મના દિગમ્બર અને શ્વેતામ્બર આમ્નાય પૈકી પ્રાચીન કોણ? એ પ્રશ્ન વારંવાર આપણી

આગળ આવતો હોવાથી, જે તે આમ્નાયવાળા આ પ્રશ્નનો ઉત્તર પોતાનાજ આમ્નાય પ્રમાણે આપી છૂટી જાય છે, પણ ખરો પંથ કયો છે? દિગમ્બર કે શ્વેતામ્બર? **એનો પક્ષપાત રહિત કોઇ પણ જવાબ આપતા નથી.** એનું કારણ પોતપોતાના પંથ માટેનો **અંધ પ્રેમજ** છે."

'**વદતો વ્યાઘાતઃ**'નો નિયમ આ ઉપર્યુક્ત વાક્યમાં કેવો સુંદર રીતે લાગુ પડે છે, તે આપણે તપાસીએ.

પાંગલે મહાશયના ઉપર્યુક્ત કથનથી એ વાત સાફ પ્રકટ થઇ આવે છે કે—'શ્વેતામ્બર કે દિગમ્બર, કોઈ પક્ષપાત રહિત જવાબ આપતા નથી.' અને હેનું કારણ તેઓ **અંધ પ્રેમ** બતાવે છે. અર્થાત 'શ્વેતામ્બરો—દિગમ્બરો બન્ને **અંધપ્રેમી** છે,' આ તેનો ફલિતાર્થ છે. પરન્તુ આગળ ચાલતાં તો તેઓ લખે છે કે—"મુનિ વિદ્યાવિજયજીએ શ્વેતામ્બર પ્રાચીન કે દિગમ્બર? એવો એક લેખ લખી પોતાના અંધ પ્રેમની પરાકાષ્ટા કરી છે."

આ લખાણથી સ્પષ્ટ જણાઈ આવે છે કે—તેઓ પોતે અંધ પ્રેમીઓની કલાસમાંથી પોતાનું નામ કમી કરાવાની ચેષ્ટા કરે છે. પહેલાં તો પોતેજ કહી ગયા છે કે—શ્વેતામ્બરો અને દિગમ્બરો બન્ને અંધ પ્રેમી છે. પરન્તુ પાછળથી '**વ્યદતો વ્યાઘાતઃ**'ના નિયમને અવલંબી પોતાનો બચાવ કરે છે. શું કોઇ પણ રીતે તેઓનો બચાવ થઇ શકે તેમ છે? કદાપિ

નહિ. કોઇ પણ અંશમાં તેઓનો બચાવ તો ત્હારેજ થઇ શકતે કે જ્યહારે ત્હેમણે દિગમ્બર કે શ્વેતામ્બર, કોઇના પણ પક્ષમાં ન પડી તટસ્થપણે લેખ લખ્યો હતે, પરન્તુ ત્હેમાંનું તો કંઇ પણ ત્હેમના લેખમાં દેખાતુંજ નથી. ખરૂં જોવા જઇએ તો અંધ પ્રેમની પરાકાષ્ટાની પણ પરાકાષ્ટાએ દિગમ્બર ભાઇઓજ પહોંચેલા છે, અને તે વાત તેઓના જૂઠા આક્ષેપો, વ્યર્થ ઝઘડાઓ તથા શ્વેતામ્બરો પ્રત્યેની નિંદાજ બતાવી આપે છે. વધારે દુર શા માટે જઇએ ? આ ટ્રેકટજ લેખકે કેવી સભ્યતાથી લખેલું છે ? તે જોવાથી સહજ અનુમાન થઇ આવે છે. ઇતિહાસ પ્રમાણ, શાસ્ત્ર પ્રમાણે કે યુક્તિ પ્રમાણથી પોતાની પ્રાચીનતા સિદ્ધ કરી આપનારને ‘ અંધ પ્રેમની પરાકાષ્ટા કરી છે ’ આમ કહેવાનું સાહસ તો, અમારા દિગમ્બર ભાઇઓમાં પ્રખ્યાતિ પામેલા એડિટરાચાર્ય મિ. પાંગલે મહાશય સિવાય બીજામાં ક્યહાંથી જ હોઇ શકે ?

આગળ ચાલતાં તેઓ લખે છે કે—“ એવડો મોટો પ્રયત્ન કરી ડુંગર ખોદી ઊંદરજ કાઢયો છે. ”

હું નથી સમજી શકતો કે આ કથનથી તેઓએ પોતાની શી બહાદુરી બતાવી ? લેખક મહાશયની બહાદુરી કે ઉપર્યુક્ત ઉક્તિ લખવાનું ચરિતાર્થપણું તો ત્હારેજ લેખી શકાત કે મ્હારા લખેલા લેખની યુક્તિઓનું ઐતિહાસિક, શાસ્ત્રીય કે યુક્તિ દ્વારા ખંડન કર્યું હતે. અસ્તુ !

પાંગલે મહાશય આગળ ચાલતાં લખે છે કેઃ—

"દિગમ્બર અને શ્વેતામ્બર ભાઇઓ જે જે બાબતોમાં મળતા હોય, તે તે બાબતોમાં મળીને તેઓએ વીરપ્રભુની ખરી ભક્તિ કરવાની છે, આ મત જાહેર કરનારા મુનિએ ફરીથી આ વાદમાં ઉતરવું, એ નવાઇ જેવું છે.

આ તેઓનું લખાણ, આપણને તેઓના મનનો અભિપ્રાય ચોખ્ખી રીતે બતાવી આપે છે કે—'અમે (દિગમ્બરો) ગમે તેટલું લખીએ, પણ ત્હમારે (શ્વેતામ્બરોએ) કંઈ લખવું નહિ.' કેવો સુંદર ન્યાય ? કેવી સુંદર જબરદસ્તી ? ખરેખર, આ જબરદસ્તી, અલ્લાઉદ્દીનખિલજીની જબરદસ્તીથી કંઇ કમતો નથીજ.

હવે લખવાની ચાલબાજીમાં મિ. પાંગલે મહાશયે વિશારદતા પ્રાપ્ત કરી હોય, એમજ માલૂમ પડે છે. જહે નિયમ હમેશાંને માટે પોતાના ઉપર લાગુ પડતો આવ્યો છે, તેજ નિયમ શ્રીમાને શ્વેતામ્બરો ઉપર લગાવ્યો છે. શ્રીમાન્ લખે છે- "**यः स्वभावो हि यस्यास्ति स नित्यं दुरतिक्रमः** નિયમ તો ઠીક છે. પરંતુ ત્હેની માળા તો આપના ગળાનેજ શોભા દે છે. એ શોભાથી શ્વેતામ્બરો હજુ બહુ દૂર છે.

એ તો ખરી વાત છે કે—જહેને જહેવી ધૂન લાગેલી હોય, ત્હેની દૃષ્ટિ તે તરફ વધારે વળે છે. શ્વેતામ્બરો પુરાણોને નથી માનતા, અર્થાત શ્વેતામ્બર શાસ્ત્રોમાં પુરાણ સંજ્ઞાવાળું

કોઇ પણ શાસ્ત્ર છેજ નહિ, એ વાત સારી આલમ જાણે છે, તે છતાં મિ. પાંગલે મહાશય લખે છે કે:—

"તેમણે પોતાના પુરાણમાંની કથાનું જે જે પ્રદર્શન કર્યું છે..........." વાહ! કેવું આશ્ચર્ય? શું આ તેઓનું લખવું સત્ય વાતની ટાંગ તોડવા બરાબર નથી કે? મહાનુભાવ! શ્વેતામ્બરો પુરાણોને પ્રમાણ નથી માનતા, પરન્તુ મહાવીરદેવના સિદ્ધાન્તોને પ્રમાણ માને છે. આથી દિગમ્બર ભાઇઓને મ્હારે જણાવવું જોઇએ કે—જ્હેવી રીતે અમારાં (શ્વેતામ્બરોના) સિદ્ધાન્તો મહાવીરદેવકથિત-ગણધર રચિત માનવામાં આવે છે, અને ત્હેના પ્રમાણમાં અંગાદિની વિદ્યમાનતા બતાવવામાં આવે છે, ત્હેવીજ રીતે ત્હમારાં શાસ્ત્રોમાંથી, મહાવીર દેવે ઉપદેશેલા અને ગણધરોએ રચેલા, અંગોમાંનો કોઇ પણ ભાગ કાઢી બતાવો, તો હું ત્હમને હાર્દિક ધન્યવાદ આપ્યા વિના રહીશ નહિં. અને જો ત્હેમાંથી કંઇ પણ ભાગ ન નિકળે તો પછી મ્હારા પ્રથમના લેખમાં કહેવા પ્રમાણે દિગમ્બર શાસ્ત્રો બિલકુલ કલ્પિત—નવાં બનેલાં છે, એ વાત ચોક્કસ રીતે સિદ્ધ થાય છે.

પ્રિય પાઠક! મિ. પાંગલે કહે છે કે:—

"ડૉ. ભાંડારકરનો હું પક્ષપાતી નથી, અથવા મુનિ વિદ્યાવિજયજીનો હું દ્વેષ કરતો નથી."

શું આ તેઓ સત્ય કહે છે? આ વાત તો વાંચક

ત્હારેજ સાચી માનવાનું સાહસ કરતે કે, જ્યારે 'અંધ પ્રેમની પરાકાષ્ટા' આદિ દ્વેષસૂચક શબ્દોની ફોજ ન દેખવામાં આવતી. અથવા તો યુક્તિઓનું આલંબન કરીનેજ પોતાનુંજ ટ્રેક્ટ પુરૂં કર્યું હતે. પરન્તુ તે તો શ્રીમાનના ટ્રેક્ટથી હજારો કોશ દૂર ગયું છે. એટલે પછી લેખક ગમે ત્હેવું તટસ્થપણું બતાવે, પરન્તુ ત્હેનું ફળ સિવાય હાસ્યાસ્પદ, બીજું કંઇજ હોઇ શકે નહિં.

એમાં તો કંઇ મીનમેખ જેવું છેજ નહિ કે–'જહે પ્રાચીન છે તે પ્રાચીનજ રહેશે—કહેવાશે, અને જહે અર્વાચીન છે, ત્હેને માથે અર્વાચીનતાનોજ ટોપલો રહેવાનો. પછી ભલે અર્વાચીન દિગમ્બરો, પ્રાચીન શ્વેતામ્બર મૂર્તિઓને પોતાની બનાવવા માટે તીર્થસ્થાનોમાં ઝગડા કરે, અને પોતાન. દ્રવ્યનું પાણી કરે, તેમ કરવાથી દિગમ્બર ભાઇઓની ખીચડી કદાપિ પકવાની નથી. મ્હને બહુ દયા આવે છે કે—મિ. પાંગલે મહાશયે પોતાના ટ્રેક્ટના પાંચમા પૃષ્ઠમાં આ સંબંધી બે ચાર આંસુ પાડી પોતાના હૃદયની જ્વાળા બહાર કાઢી છે. જહે ચાલબાજી, તેઓ પોતાની અનુભવે છે, તે વાતના બાજીગર તેઓએ શ્વેતામ્બરોને ગણ્યા છે; પરન્તુ ઠીક છે, સ્વભાવમાં પણ એક વિલક્ષણ સામર્થ્ય રહેલું છે. તો પણ મ્હારે દિગંબર ભાઇઓ પ્રત્યે જણાવવું જોઇએ કે–"ભાઇઓ! બ્રિટિશ તેજના અજવાળામાં મુષ્ટામુષ્ટિ કે કેશાકેશિથી કંઈ વળવાનું નથી. જહેવી રીતે શ્વેતામ્બર આચાર્યોએ, તે તે તીર્થોનાં વર્ણનો, પોતાના ગ્રન્થોમાં

કરેલાં, જાહેર કરવામાં આવે છે, ત્હેવીજ રીતે ત્હમે પણ એવા પ્રાચીન પુરાવાઓથી, તે તીર્થોમાં પોતાનું સ્વત્વ પ્રકાશિત કરો, તો ખુશીની સાથે ત્હેમાં ત્હમારો હક પણ લેખી શકાય, પરંતુ મજાનો માલ દેખી માલિક બની બેસવાની કોશિશ કરવી, એ તો સરાસર, સભ્ય પુરૂષોને અછાજતુંજ વર્તન ગણી શકાય.

મિ. પાંગલે મહાશયનું "આખરે ચાર અંગ્રેજોનો આધાર આપીને પણ તેમનો લેખ પૂરો થયો નહિં" આ લખવું પણ બિલકુલ બેહુદૂજ માલૂમ પડે છે કેમકે મિ. પાંગલે કેવલ ડૉ. ભાંડારકરના વિચારને વેદવાક્ય માની, નહિં પ્રાચીનતાને પ્રાચીનતા સિદ્ધ કરવા લાગી પડયા, તો પછી મ્હેં ચાર પાશ્ચાત્ય વિદ્વાનોના અભિપ્રાય ટાંકી બતાવી સત્ય વાતને પ્રકાશિત કરી, ત્હેમાં મિ. પાંગલેને ચુંક આવી, એ પણ તેઓની અસહ્ય પ્રકૃતિજ બતાવી આપે છે. બુદ્ધિમાન અને સત્યપ્રિય મનુષ્યો આવી રીતે રોદડા રોવામાં બહાદુરી નથી સમજતા, પરન્તુ સ્હામાની યુક્તિઓનું ખંડન કરવામાં જ બહાદુરી સમજે છે, અને તે અનુસાર મિ. પાંગલે મહાશયે મ્હારા આપેલા ચાર પાશ્ચાત્ય-વિદ્વાનોના અભિપ્રાયોનું ખણ્ડન કર્યું હતે, તો જનસમાજમાં તેઓ જરૂર પ્રશંસાને પાત્ર નિવડતે.

હવે પાંગલે મહાશયે કરેલા **વિષય પ્રવેશનું** અવલોકન કરીએ.

મિ. માંગલે મહાશયે વિષયપ્રવેશ કરતાં એક યુક્તિ આપી છે કે—

"એટલા માટે દિગમ્બર લોક (conservative) મૂળ રિવાજને વળગી રહેનારા અને શ્વેતામ્બર લોક (liberal) સુધારા વધારા કરનારા છે એમ કહેવામાં કાંઇ વાંધો નથી. પહેલેથીજ તેઓ (liberal) સ્વતંત્રતાને ચહાતા હોવાથી તેમણે દેશ-કાળ અને સમય અનુસાર ઘણાજ જલદી સુધારા પોતાનામાં દાખલ કર્યા છે."

આ વાતથી તેઓ એમ કહેવા માંગે છે કે—'નગ્નપણે રહી શકાયુ નહિ ત્યારે મુનીએ વસ્ત્ર પહેરવાં, એવો સુધારો કર્યો,' ત્હેમાં તેઓ પ્રમાણ આપે છે કે—શ્વેતામ્બરો પરદેગમન, વ્યાપારમાં સાહસ, ગ્રન્થો છપાવવા વિગેરે કાર્યો કરતા જાય છે, તેમજ પાઠશાળાઓ, હાઇસ્કૂલ, પાંજરાપોળ વિગેરે કાર્યો સમયાનુસાર કરતા જાય છે.

કેટલું બધું આશ્ચર્ય ? વિદ્યાપ્રચારને માટે, ધર્મ પ્રચારને માટે, શ્વેતામ્બરો કંઇપણ ઉદ્યમ કરે છે, તો તેથી ત્હેનો આધાર લઇ પાંગલે મહાશય કહે છે કે— 'વસ્ત્ર પહેરવાનો પણ સુધારો કર્યો.' આથી અક્કલની સીમા બીજી કઇ હોઇ શકે ? પહેલાં તો શ્વેતામ્બરો એ પ્રમાણે માનતાજ નથી, તે છતાં તેઓ લખે છે કે 'શ્વેતામ્બરો એ પ્રમાણે કબૂલ કરે છે' હું પૂછું છું કે-શ્વેતામ્બરોના કયા ગ્રન્થમાં એ પ્રમાણે લખ્યું છે ? તે બતાવશો કે ? મ્હને કહેવાદ્યો કે, યદિ સુધારા તરફજ દેખવામાં આવતું હોય તો શું દિગમ્બર આચાર્યો સુધારા કરતા નથી આવ્યા ? જે સુધારા શ્વેતામ્બરોના બતાવ્યા, તેજ સુધારા

અથવા કહો કે કાર્યો, દિગમ્બર સમ્પ્રદાયમાં શું નથી થવા પામ્યાં ? અને ત્હેવીજ રીતે તેથી આગળ વધીને જુઓ–પહેલે પહેલ દિગમ્બર સાધુઓ નગ્ન (માતાના પેટમાંથી નિકળ્યા ત્હેવાજ) ઘૂમતા હતા. ત્યહાર બાદ એક લંગોટી રાખવાનો સુધારો કર્યો. ત્યહાર બાદ મોરપીંછીથી અલંકૃત થયા અને તેથી આગળ વધીને કમંડલ વિગેરે પણ ઉઠાવવા લાગ્યા. તો આ બધા સુધારા શું, સુધારાની હાદી નહિં કે? એથી પણ આગળ વધીને બતાવું તો, દિગમ્બર સાધુઓને પાંચ સમિતિનું પાલન કરવા માટે પ્રતિલેખન વિગેરેની પણ વિધિઓ તેઓના આચાર્યોએ બતાવી કે જહે વિધિઓનો ઉલ્લેખ મ્હેં મ્હારા પ્રથમના લેખમાં 'જ્ઞાનાર્ણવ'ના શ્લોકો ટાંકી બતાવી આપી છે. જ્યહારે દિગમ્બર સાધુઓને સર્વથા નાગાજ રહેવાનું બતાવ્યું હતું, અને ત્હેમાં લગાર પણ મીન મેખ જેવો ફેરફાર ન્હોતો થયો, તો પછી શા માટે શુભચન્દ્રાચાર્ય એમ બતાવતે કે—"જે મુનિ શય્યા, આસન, ઉપધાન, શાસ્ત્ર અને ઉપકરણ દિવસે પહેલાં સારી રીતે જોઇને અર્થાત્ વારંવાર પ્રતિલેખન કરીને યત્નપૂર્વક ગ્રહણ કરતો, તથા તેજ પ્રમાણે કરી પૃથ્વી ઉપર મૂકે છે, તે અવિકલ (પૂર્ણ) આદાન નિક્ષેપણા સમિતિ પાળે છે."

આવીજ રીતે અમૃતચંદ્રસૂરિએ પણ **'તત્ત્વાર્થસાર'** નામના ગ્રન્થમાં દિગમ્બર સાધુઓને 'એષણાસમિતિ' માટે પણ કહ્યું છે કેઃ—

"पिण्डं तथोपधिं शय्यामुद्गमोत्पादनादिना ।
साधो शोधयतः शुद्धा ह्येषणासमितिर्भवेत् ॥ ५ ॥
(संवरतत्त्व.)

અર્થાત્–પિણ્ડને, ઉપધિને અને શય્યાને જે ઉદ્ગમ- ઉત્પાદના દોષો વડે કરીને શોધે છે-શુદ્ધ કરે છે, ત્હેને એષણાસમિતિ શુદ્ધ થાય છે.

વળી એ પણ જુઓ, ગ્રન્થો લખવાનું કામ પણ દિગમ્બરોએ શ્વેતામ્બરો પહેલાંજ પ્રારંભ્યું છે, એટલે કે શ્વેતામ્બરોના ગ્રન્થ લખવાના કાળ પહેલાંનો, દિગમ્બરોનો ગ્રન્થ લેખન કાળ છે.

હવે બતાવો, આ બધા સુધારા નહિં તો બીજું શું કહી શકાય ? અને જ્યહારે એમજ છે તો પછી જહે આરોપ તેઓ શ્વેતામ્બરોના માથે મૂકે છે, તેજ આરોપ શું દિગમ્બરોને શિર નથી આવી શકતો ? બેશક ! આવે છે. પરન્તુ ખરૂં છે, કે–પગ નીચેનો દાવાનળ કોણ જુએ છે ? વાસ્તવિક જોવા જઇએ તો આપણને સ્પષ્ટ માલૂમ પડે છે કે—જ્યહારથી શિવભૂતિએ અભિમાનથી નગ્ન વૃત્તિ ધારણ કરી, ત્યહારથી વખતના વ્હેવા સાથે દિગમ્બરાચાર્યો દિન-પ્રતિદિન પોતાના આચાર-વિચારોમાં ફેરફાર કરતા ગયા છે. અને ત્હેનું કારણ એજ હોવું જોઇએ કે–'નગ્નપણે રહેવાથી, સભ્ય જગત્ આપણને અજ્ઞ ગણશે, આપણને અસભ્યની ગણત્રીમાં ગણી કાઢશે, આપણી અર્વાચી-

નતા જ્હેવીને ત્હેવી કાયમ રહેશે, અને આપણી પ્રાચીનતાની પિપુડી કોઈપણ સાંભળશે નહિં, માટે આપણે પણ પ્રાચીન શ્વેતામ્બરોની માફક આચાર-વિચાર રાખીશું તો આપણે પ્રાચીનતાનો ઝંડો, જ્હેમ ફાવશે તેમ ફરકાવી શકીશું.' બસ; આજ વિચારથી તેઓએ ધીરે ધીરે પોતાની ટાંગ પસારવી શરૂ કરી.

આગળ ચાલતાં પાંગલે મહાશય લખે છે કેઃ—

"પહેલાં શ્રી મહાવીર તીર્થંકર સુધી ઉંચી શ્રેણીના જૈનમુનિ 'નિર્ગ્રન્થ, નગ્ન, દિગમ્બર' હતા."

આને માટે તેઓ કલ્પસૂત્રનું પ્રમાણ આપે છે. ભલા ! આ પણ અજ્ઞાન લોકોની આંખે પાટા બાંધવાનો ઈરાદો નહિં, તો બીજું શું કહી શકાય ? 'કલ્પસૂત્ર ' ની અંદર કોઈપણ સ્થળે 'નિર્ગ્રન્થ'ને અને 'નગ્ન'ને એક કોટિમાં ગણવામાં આવ્યાજ નથી, એમ હું દાવા સાથે કહી શકું છું. કલ્પસૂત્ર તો શું ? કોઈપણ શ્વેતામ્બર ગ્રન્થમાં 'નગ્ન' નો અર્થ 'નિર્ગ્રન્થ' કે 'નિર્ગ્રન્થ'નો અર્થ 'નગ્ન' હોઇ શકેજ નહિં. યદિ પાંગલે મહાશય સપ્રમાણ સિદ્ધ કરી આપે તો હું તેઓને હાર્દિક ધન્યવાદ આપું.

સખેદાશ્ચર્યનો વિષય છે કે—'નિર્ગ્રન્થ' અને 'નગ્ન'નો ભેદ મ્હેં, મ્હારા પ્રથમના લેખમાંજ સમજાવવા માટે કોશિશ કર્યા છતાં મિ. પાંગલે, ત્હેનો ભેદ હજી સુધી સમજી શકયા નહિં, અને કદાચિત્ સમજ્યા છતાં પણ 'મ્હારૂં તેજ

સાચું' જેવું રાખતા હોય, તો પછી, હું તો શું ? બ્રહ્મા પણ તેઓને સમજાવવા માટે સમથ થઇ શકે ખરા કે ? હરગિજ નહિં.

હું મ્હારા પ્રથમના લેખમાં સાફ સાફ બતાવી ગયોછું કે—" પહેલાં તો સમગ્ર જૈન સાધુઓનું નામજ 'નિર્ગ્રન્થ' હતું, અને ત્હેને માટે એક પટ્ટાવલીનું પણ પ્રમાણ આપ્યું છે કેઃ—

'श्रीसुधर्मस्वामिनोऽष्टौ सूरीन् यावद् निर्ग्रन्था साधवोऽनगारा इत्यादि सामान्यार्थाभिधायिन्याख्याऽऽसीत्'

અર્થાત્—'નિગ્રન્થ' શબ્દથી સાધુ–અનગાર કહેલ છે, કંઇ નિર્ગ્રન્થનો અર્થ 'નાગો' એ પ્રમાણે કરવામાં આવ્યો નથી."

આ પ્રમાણે સાફ ભેદ બતાવવા છતાં પણ, મહાશય નિર્ગ્રન્થ, નગ્ન–દિગમ્બર એ શબ્દોને એકજ ઝાડના ફળ રૂપે બતાવે છે, શું આ તેઓની અક્કલનો નમૂનો નથી ?

હવે મિ. પાંગલે મહાશય પોતાના ટ્રેકટના સાતમા પેજમાં 'શ્વેતામ્બર ભાઇઓની વિચાર ભૂલ' બતાવતાં બે ઉદાહરણો આપે છે. એક હાઇસ્કુલનું, અને બીજુ ગ્રેજ્યુએટનું. એ ટલે કે–હાઇસ્કુલ કહેવાથી સાત ધોરણ સુધી શિક્ષણ આપનારી વિદ્યાલય સમજવી, અને ગ્રેજ્યુએટ કહેવાથી મેટ્રીકયુલેશન, પ્રીવિઅસ, ઇન્ટરમીજીએટ બધી પરીક્ષાઓ તેની અંદર આવી ગઇ. ત્હેવીજ રીતે 'દિગમ્બર કહીએ એટલે વસ્ત્રધારણની સામાન્ય શ્રેણિથી તે વસ્ત્ર છોડતાં સુધીની એટલે દિગ-

મ્બર થતા સુધીમાં, બધી શ્રેણીઓનો ત્હેમાં સમાવેશ થાય છે. અંતિમ સાધ્ય જે નગ્નસ્થિતિ છે, તેને જૈનોએ 'દિગમ્બર' એવું નામ આપ્યું છે.' આ પ્રમાણે તેઓ ફલિતાર્થ કાઢે છે.

મ્હને તો લાગે છે કે—પાંગલે મહાશયે પોતાની સારી બુદ્ધિનો વ્યય આ ઉપરનાં બે દૃષ્ટાન્તોમાંજ કરી દીધો છે.

પહેલાં તો મ્હારે બતાવવું જોઇએ કે—મિ. પાંગલે 'નગ્નાવસ્થા' ને ઉંચી પાયરી ગણી છે, એજ ત્હેમણે સત્ય વાતનો શિરશ્છેદ કરેલો છે. એવું કયા શાસ્ત્રમાં લખ્યું છે કે નગ્નાવસ્થા ઉંચી હદ છે? અમારૂં તો હજુ પણ કહેવું છે કે–'સ્થવિરકલ્પ' અને 'જીવનકલ્પ' એવા બે કલ્પો વર્ણવેલા છે, એ બે કલ્પોમાં પણ સ્થવિરકલ્પજ મુખ્ય ગણેલો છે. જો 'જીનકલ્પ' જ ઉત્તમ હત તો શામાટે 'જીનકલ્પ'માં રહેલા મુનિઓને કેવળજ્ઞાન ન થવું જોઇએ ? જ્ય્હારે થતું તો નથી. એથી ચોક્કસ સિદ્ધ થાય છે કે—'જીનકલ્પ' અવસ્થા એટલી ઉત્તમ નથી કે, જહેટલી સ્થવિરકલ્પ અવસ્થા ઉત્તમ છે.

મિ. પાંગલે આ સ્થળે મહાવીર સ્વામિનું દૃષ્ટાન્ત આપે છે, પરન્તુ તેઓ મહા ભૂલ કરે છે. કેમકે મહાવીર સ્વામી કલ્પાતીત હતા. કલ્પાતીતોની સાથે સામાન્ય વ્યક્તિઓને ઘટાવવી સર્વથા અનુચિત છે. અને જો તેમજ હોય તો મહાવીર સ્વામીએ તો કોઈ ગુરૂ પણ ન્હોતા ધાર્યા, તો શું આજકાલના મુનિઓ પણ તેઓનું અનુકરણ કરવા લાગી જશે ? તીર્થંકરનો તો ત્હેવો અતિશયજ છે કે–તેઓ વસ્ત્રરહિત હોવા છતાં

પણ, કોઇ હેવી અવસ્થામાં દેખતા નથી. આજ કાલ કોઇ પાંગલે મહાશયના નગ્નગુરૂ બજારમાં નિકળે અને તેઓને તીર્થંકરની માફક, નગ્નાવસ્થામાં કોઈ ન દેખે તો વિદ્યાવિજય, તીર્થંકરનું આપેલું દૃષ્ટાન્ત સાચું માનવાને માટે તૈયાર છે. આ વાતને તેઓ કેમ ભૂલે છે કે-દિગમ્બરોના માનવા પ્રમાણે તો તીર્થંકરોને તો બહિરંગ-યતિલિંગનો અભાવજ બતાવ્યો છે. જુઓ હેને માટે 'પ્રવચનસાર' ની વૃત્તિમાં કહ્યું છે કેઃ---

" न विद्यते लिंगानां धर्मध्वजानां ग्रहणं यस्येति बहिरंगयतिलिंग गाभावस्येति "

આથી એ સિદ્ધ છે કે જીનેશ્વરોને બહિરંગ યતિલિંગનો અભાવજ છે.

એ તો ખરૂં છે કે—જેઓ સ્થવિર કલ્પમાં હતા, તેઓ અમુક સમયને માટે 'જીનકલ્પ' અવસ્થા સ્વીકારતા હતા, પરન્તુ તે શા માટે? તપસ્યા કરીને પોતાનાં ચીકણાં કર્મોને મૃદુ બનાવવા માટે. પરન્તુ તેથી તે અવસ્થા ઉત્તમજ હતી, એમ તો હતુંજ નહિ. હેને માટે આ એકજ દૃષ્ટાન્ત બસ થશે.

ધારો કે બે ઉમેદવારો 'મેટ્રીક્યુલેશન'ની પરીક્ષા આપવાના છે, હેમાં એકે વિશેષ મહેનત ન કરી અને ઉત્તીર્ણતા પ્રાપ્ત કરી, જ્હારે બીજાએ અત્યન્ત પરિશ્રમ કરીને કેટલીક મુદ્દતે ઉત્તીર્ણતા પ્રાપ્ત કરી છે, તો તેથી પેલો વધારે મહેનત કરીને પાસ થએલો ઉમેદવાર ઉત્તમ છે, એમ કોઇ પણ બુદ્ધિમાન્ કબૂલ કરી શકેજ નહિં.

આજ દૃષ્ટાન્ત સ્થવિરકલ્પ અને જીનકલ્પ એ અવસ્થાઓ ઉપર ઘટાવીએ. એક સાધુતો સ્થવિર કલ્પમાં રહીનેજ પોતાનું ઇષ્ટસાધન કરે છે, જ્યારે એક બીજો સાધુ જીનકલ્પમાં જઈ કેટલીક તપસ્યાઓ વિગેરે કરી આવે છે, ત્યારે કાલાન્તરે પોતાનું ઇષ્ટ સાધન કરે છે, તો તેથી તે જીનકલ્પ અવસ્થાવાળો સાધુ વધારે શ્રેષ્ઠ છે, એમ તો કોઈ દિવસ કહી શકાયજ નહિં. હાં ! સ્થવિરકલ્પ અવસ્થામાં કેવલ જ્ઞાન ન થતાં, જીનકલ્પ અવસ્થામાંજ કેવલજ્ઞાન થતું હત, તો બેશક ! તે અવસ્થાને ઉત્તમ માનવાનું એક કારણ હતું. પરન્તુ તે તો કંઇ છેજ નહિં, એટલે જીનકલ્પ અવસ્થાને શ્રેષ્ઠતમ માનવું ભૂલભરેલું છે. જીનકલ્પ અવસ્થામાં કેવલજ્ઞાન નથી થતું, ત્હેને માટે **पंचवस्तु**, **बृहत्कल्पसूत्रवृत्ति**, તથા **प्रवचनसारोद्धारवृत्ति** વિગેરેમાં લખ્યું છે કેઃ—'**तज्जम्म केवलपडिसेहभावाओ**' અર્થાત્ તે જન્મમાં કેવલજ્ઞાનનો પ્રતિષેધ હોવાથી મુક્તિ થતી નથી.

હવે મિ. પાંગલે મહાશયે આપેલા એજ ગ્રેજ્યુએટ અને હાઇસ્કુલના દૃષ્ટાન્તને ઉચિત રીતે ઘટાવીએ.

બેશક, 'ગ્રેજ્યુએટ કહેવાથી મેટ્રીકયુલેશન, પ્રીવિઅસ અને ઇન્ટરમીજીએટ આ બધી પરીક્ષાઓ આવી જાય છે, અને હાઇસ્કુલ કહી એટલે સાત ધોરણ સૂધી શિક્ષણ આપનારી વિદ્યાલય સમજવી,' પરન્તુ આ બન્ને દૃષ્ટાન્તો કઇ કઇ અવસ્થાઓમાં મુકવાં જોઇએ, ત્હેમાં મિ. પાંગલે મહાશયે ભૂલ ખાધી છે. અર્થાત્ પાંગલે મહાશય, ગ્રેજ્યુએટ સ્થાનાપન્ન અને હાઇ-

સ્કુલ સ્થાનાપન્ન જીનકલ્પ અવસ્થાને ગણે છે, પરન્તુ આ એવીજ ભૂલ છે, જહેવી દિવસને રાત કહેવાની ભૂલ. તેજ બે દૃષ્ટાન્તોને ઉલટાવવાથી વાંચકોને ત્હેની યથાસ્થિત અવસ્થા જણાઇ આવશે.

ગ્રેજ્યુએટ અને હાઇસ્કુલના સ્થાનાપન્ન, સ્થવિરકલ્પને ગણવો જોઇએ. જ્હારે તેથી નીચા દરજ્જામાં જીનકલ્પને ગણવો જોઇએ. એતો ખરૂં છે કે—ગ્રેજ્યુએટ અવસ્થાને ઉંચો દરજ્જો ગણવાનું કારણ એજ છે કે ત્હેની અંદર, નીચેની ક-લાસો કરતાં જ્ઞાન અધિક હોય છે. હાઇસ્કુલને ઉંચા દરજ્જાની સ્કૂલ ગણવાનું કારણ એ છે કે-ત્હેની અંદર અધિક જ્ઞાન અ-પાય છે. ત્હેવીજ રીતે સ્થવિરકલ્પ અને જીનકલ્પ એ બે અવ-સ્થાઓમાં જહેની અંદર જ્ઞાન અધિક મળતું હોય ત્હેને શા માટે ઉંચો દરજ્જો ન ગણવો જોઇએ ? બેશક ગણવો જોઇએ. અને જ્હારે એમજ નિશ્ચય થયું તો પછી, તે અનુસાર તો સ્થવિરકલ્પજ ઉંચો દરજ્જો એટલે ગ્રેજ્યુએટ અવસ્થા છે. અને જીનકલ્પ, તેથી નીચેની અવસ્થા એટલે હલકો દરજ્જો છે. કેમકે સ્થવિર કલ્પની અંદર ચોદપૂર્વ સુધીનું જ્ઞાન હોય છે, જ્હારે જીનકલ્પમાં વધારેમાં વધારે કંઇક ન્યૂન દશ પૂર્વ જેટલું શ્રુત-જ્ઞાન થાય છે. ત્હેને માટે જૂઓ 'विशेषावश्यकभाष्य' પૃષ્ઠ ૧૪ની ચોથી લાઇનમાં લખ્યું છે કે:—

" **जिनकल्पिकस्य तावज्जघन्यतो नवमस्य पूर्वस्य तृतीय-माचारवस्तु, उत्कर्षतस्त्वसम्पूर्णानि दशपूर्वाणि श्रुतं भवति** "

ત્હેવીજ રીતે કેવલજ્ઞાન પણ જીનકલ્પ અવસ્થામાંજ ન થતાં,

સ્થવિરકલ્પ અવસ્થામાંજ થાય છે. વિગેરે દરેક રીતિથી સ્થવિરકલ્પ અવસ્થા, જીનકલ્પ અવસ્થા કરતાં સર્વથા ઉંચે દરજ્જે છે, એમાં લગાર પણ મી મેખ જેવું નથી.

આગળ ચાલતાં મિ. પાંગલે દશમા પૃષ્ઠમાં 'કલ્પસૂત્રમાં દિગમ્બર માટેનો પુરાવો' મહાવીર સ્વામીનું નામ લઇ આપે છે. પરન્તુ ત્હેનો જવાબ તો હું પંહેલાંજ આપી ગયો છું કે–મહાવીરસ્વામી કલ્પાતીત છે, માટે તેઓની સાથે અન્ય સામાન્ય વ્યક્તિને ઘટાવી શકાયજ નહિં.

અગીયારમા પૃષ્ઠમાં પાંગલેજી કહે છે કે—" કારણ કે મહામુનિ થતી વખતે મહાવીર દિગમ્બર થયા હતા. "

બિલકુલ જૂઠી વાત છે. મહામુનિ થતી વખતે મહાવીર સ્વામીએ દિગમ્બર વૃત્તિ ધારણ કરીજ ન્હોતી. 'એકવર્ષથી અધિક તેઓએ દેવ દૂષ્ય વસ્ત્ર રાખ્યું હતું ! આ વાતને પાંગલે મહાશય કેમ ભૂલી જાય છે? મહાવીર સ્વામી તો શું? દરેક તીર્થંકરો દીક્ષાગ્રહણ વખતે વસ્ત્ર રાખે છે, તે માટે **'विशेषावश्यक'** ની ટીકાના ૧૦૨૨મા પૃષ્ઠમાં લખ્યું છે કેઃ– **सव्वे वि एकदूसेण** निग्गया **जिणवरा चउव्वीसं** " અર્થાત્ ચોવીશે તીર્થંકરો એક વસ્ત્ર સાથે નિકળે છે આથી અધિક પ્રમાણ મિ. પાંગલે મહાશય શું માગશે ?

વાંચકોએ જોયું હશે કે—મ્હારા પ્રથમના લેખમાં મ્હેં શિવપુરાણના ૨૧ મા અધ્યાયનના ચાર શ્લોકો, જ્હેની અંદર

શ્વેતામ્બર જૈનસાધુઓનું વર્ણન કરવામાં આવેલું છે, ટાંકી બતાવી શ્વેતામ્બરોની પ્રાચીનતાને પુષ્ટ કરેલ છે.

આ શ્લોકોમાં આવેલું વર્ણન, "શ્વેતામ્બર સાધુઓનું નહિં, દિગમ્બર સાધુઓનું છે એમ કહેવાની કંઇ પણ બારી તેઓને ન મળી, ત્હારે શ્રીમાને એક બીજીજ કરામત ઉભી કરી. અને તે એજ કે શિવપુરાણનેજ અર્વાચીન બતાવી આપ્યું. ત્હેની પુષ્ટીમાં તેઓએ 'આર્યધર્મ' નામના માસિક પુસ્તકમાં આવેલા પુરાવા રજુ કર્યા છે.

વાંચકોએ આ વિષયને લગાર બારીકાઇથી વાંચવો. મિ. પાંગલે મહાશયે જહે પુરાવાના ઉતારા આપ્યા છે, ત્હેમાંનો પહેલો આ છે:—

" (૧) પૌરાણિક મંડળીએ જૈનલોકોના આદિ અને ઉત્તર પુરાણ માફક અઢાર પુરાણ અને અઢાર ઉપપુરાણો બનાવ્યાં."

આ પ્રથમ પુરાવા ઉપર આપણે એ વિચાર કરવાનો છે કે— શ્વેતામ્બરોમાં આદિ કે ઉત્તર પુરાણ છે નહિં, દિગમ્બર આમ્નાયમાં છે, એટલે એમાં તો કંઇ કહેવા જેવું છેજ નહિં કે, મિ. પાંગલે મહાશયના કહેવા પ્રમાણે પૌરાણિક મંડળીએ દિગમ્બર પુરાણોનું અનુકરણ કર્યું છે.

હવે ત્હેની ઉપરના પેરામાં તો શ્રીમાન્ સાફ કથન કરી ગયા છે કે "કારણ કે અર્વાચીન પુરાણ કર્તાઓએ જૈનધર્મનું વર્ણન કરતાં કંઇ કંઇ શ્વેતામ્બર સાધુનુંજ વર્ણન કર્યું છે."

આ ઉપર આપણને એ સમીક્ષા કરવાનો અવકાશ મળે છે કે યદિ દિગમ્બરોના પુરાણોનું અનુકરણ કરી પૌરાણિક મંડળીએ પુરાણોની રચના કરી હોય, તો શા માટે તેઓ જૈન ધર્મનો ઉલ્લેખ કરતાં શ્વેતામ્બર સાધુઓનુંજ વર્ણન કરે ? તેઓને તો દિગમ્બર સાધુઓનુંજ વર્ણન કરવાનો પ્રસંગ રહેલો છે, કેમકે દિગમ્બરોનાજ પુરાણોની માફક (પાંગલેના કહેવા પ્રમાણે) તેઓ રચના કરે છે. આથી મિ. પાંગલે મહાશયના કથન અનુસારજ એ સિદ્ધ થાય છે કે પૌરાણિક મંડળીએ દિગમ્બરોનાં આદિ અને ઉત્તરપુરાણની માફક રચના નથી કરી, પ્રત્યુત દિગમ્બરોએજ, તે પૌરાણિક મંડળીનાં રચેલાં પુરાણો ઉપરથી રચના કરી છે.

'આર્યધર્મ' માસિકના જ્હે ઉતારા પાંગલે મહાશયે આપ્યા છે, ત્હેનો બીજો ઉતારો એમ કહે છે કે—

"ભોજ રાજાની પછી **દોઢસો વર્ષે વૈષ્ણવ મતનો પ્રારંભ થયો.** કંજર જાતમાં શઠ કોપ મનુ'ય પેદા થયો. તેણે આ મતનો થોડોક પ્રચાર કર્યો. પછી ચંડાળકુળના મુનિવાહન અને યવનકુળના યાવનાચાર્ય થયા, તેમણે આ મત ફેલાવવા ઘણીજ ખટપટ કરી. પછી ચોથો બ્રાહ્મણ કુળનો રામાનુજ થયો, તેણે આ મત ઘણોજ ફેલાવ્યો. શૈવોએ શિવ પુરાણ વિગેરે બનાવ્યાં.'

ખેર ! આ બધી રામાયણની આપણને કંઇ પણ જરૂર

નથી. પરન્તુ મ્હારે એ વિચારથી દૂર ભાગવું ન જોઇએ કે-'વૈષ્ણુવ મતનો પ્રારંભ ક્યારે થયો ?'

'આર્યધર્મ' નો જહે ઉતારો ઉપર ટાંકવામાં આવ્યો છે, ત્હેની અંદરથી મનના તરંગો સિવાય, વૈષ્ણવધર્મની અર્વાચીનતાના સંબંધમાં કોઈપણ પ્રમાણુ આપણે મેળવી શક્તા નથી. એમ પણુ બતાવવામાં નથી આવ્યું કે તેઓ આ વાતને શા આધારે લખે છે ? તો પછી એક માસિક પુસ્તકની અંદર આવી કલ્પના આવી, તેથી ત્હેને સાચી માની લેવાનું સાહસ, મિ. પાંગલે સિવાય બીજું કોણ કરી શકે ? હાં ! ત્હેની અંદર કોઈ પ્રબળ પ્રમાણુ આપ્યું હતે તો બેશક ! થોડા વખતને માટે ત્હેની સમીક્ષા કરવાનો પ્રસંગ લેવાની જરૂર પડતે, પરન્તુ ઠીક છે, મ્હને આ પ્રસંગે એક મિસાલ (દૃષ્ટાન્ત) યાદ આવે છે.

" એક વખતે એક બાદશાહે પોતાના નોકરોને કહ્યું:—જૂઓ, શિયાળીઆં રાત્રે કેમ રૂદન કરે છે, નોકરોએ કહ્યું મહારાજ ! તે શિયાળીઆં રાત્રે ટાઢે મરે છે, કેમકે તેઓની પાસે કંઇ વસ્ત્ર નથી. બાદશાહે કહ્યું, ઠીક ! આજે દશહજાર રજાઈઓ ખરીદી, દરેકને એક એક આપી દેજ્યો. નોકરોએ કહ્યું:—બહુ સારૂં હજૂર ! આજ્ઞા પ્રમાણે થઇ જશે."

નોકરો જાણે છે કે–આ બાદશાહની બેવકૂફી છે, પરન્તુ શા માટે તેઓ ખરી વાત બાદશાહને સમજાવે ? ત્હેમાં તો પોતાનાજ મનમોદક ઉડવાના હતાને ! બસ, એજ દૃષ્ટાન્ત મિ.

પાંગલે મહાશયના વિષયમાં ઘટે છે. પાંગલે મહાશય એમ તો સહજ સમજી શક્યા હશે કે–'આર્યધર્મ' ના પુરાવા બિલકુલ બિનપાયાદાર અને પ્રમાણ વિનાનાજ છે. પરન્તુ પાઠકો જાણતા હશે કે–ભાવતું હોય ને વૈદ્ય કહે, તો પછી શા માટે ખુશી થવામાં ન આવે ? તેજ પ્રમાણે પાંગલે મહાશયે તો આ પ્રમાણને પોતાની પ્રાચીનતા સિદ્ધ કરવાનું નાવ તો શું ? એક મ્હોટી સ્ટીમર જ સમજી લીધી.

આ પ્રસંગે 'વૈષ્ણવસમ્પ્રદાય, આજનો નહિં પરન્તુ લગભગ બે હજાર વર્ષોથી પહેલાંનો' છે, આ વાતને સિદ્ધ કરનાર એક નોટ 'જુલાઈ, સ. ૧૯૧૩ ની 'સરસ્વતી' માં નિકળી છે, ત્હેનો કિંચિત્ ભાગ અહિં ઉદ્ધૃત કરૂં છું:—

" ......इसी जगह ईशानकोणमें, बेतवा नदीके एक बडे टीले पर एक 'गरुडध्वज' नामक स्तम्भ खडा है। इस पर एक अति प्राचीन लेख उत्कीर्ण है, जो पहले सेंदुरसे ढका हुआथा। इसका भावार्थ यह है:—

"यह वासुदेवका गरुडध्वज विष्णुभक्त हीलियो डॉरस (Heliodaras) की आज्ञासे बनाया गया। वह यवन अर्थात् ग्रीक (Jonian greek) था। 'उसके पिताका नाम दिओन (Dion) था। वह तक्षशिला (रावलपिण्डी प्रान्त) का रहने वाला था। राजा अन्तलकीडस् (Antalokidas) का यवन

(Jonian greek) दूत था, प्रतिनिधि होकर वह राजा भागभद्रके पास उसके राज्यके चौथे सालमें आयाथा। * *

* * * * * *

इस शिलालेखसे यह भी सिद्ध है कि–वैष्णवसम्प्रदाय, कोई नवीन कल्पना नहीं, परन्तु दो हजार वर्षोंसे भी वह अधिक पुरानी है। "

આ ઉપરના સપ્રમાણ લેખથી વાંચકો જોઇ શકયા હશે કે "વૈષ્ણવ સમ્પ્રદાય અર્વાચીન છે' એમ કહેવાનો જહે ઘટાટોપ મિ. પાંગલે મહાશયે કરેલો છે, તે સરાસર જૂઠો અને બિનપાયેદાર છે. તેઓના ઘટાટોપે ખરેખર 'ઢમઢોલ માંહે પોલ' ની નકલ કરી છે, જ્યહારે એમજ છે તો પછી તેઓનું 'વાસ્તવિક રીતે 'આ પુરાણ નહીં', પણ નવીન ગ્રન્થો છે,".... .... ઇત્યાદિ કથન, સત્ય વાતનું ખૂન કરનારજ છે, એમ કહેવું કોઇ પણ રીતે અત્યુક્તિ ભરેલું કહી શકાશે નહિ.

મ્હને અત્યન્ત આશ્ચર્ય ઉત્પન્ન થાય છે કે–જહે પોઇન્ટોનો જવાબ મ્હેં મ્હારા પ્રથમના લેખમાં બખૂબી આપેલો છે, તેજ પોઇન્ટનો ઝંડો મિ. પાંગલે મહાશયે પોતાના ટ્રેકટમાં ઉઠાવેલો છે. શું તેઓએ પાનાં ભરવામાંજ પ્રાચીનતા માની લીધી હશે કે? ખેર, ગમે તે હો, મ્હારે તે કારણને ખોજવાની કંઇ પણ જરૂર નથી.

મહાભારતાના જ્હે ફકરાનો જવાબ મ્હેં મ્હારા લેખમાં આપ્યો છે તે આ છે:—

"साधयामस्तावदित्युक्त्वा प्रातिष्ठतोत्तङ्कस्ते कुण्डले गृहीत्वा सोऽपश्यदथ पथि नग्नं क्षपणकमागच्छन्तं मुहुर्मुहुर्दृश्यमानमदृश्यमानं च"

હવે આ વાક્યમાં '**नग्न**' શબ્દ દેખવાથીજ દિગમ્બરો પોતાની પ્રાચીનતા સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે. પરન્તુ હું પહેલાંનાજ લેખમાં બતાવી ગયો છું કે–જીનકલ્પીસાધુઓ તે વખતે મોજૂદજ હતાં અને આ પ્રસંગ તે જીનકલ્પી સાધુઓ માટેનો છે. દિગમ્બરો '**નગ્ન**' શબ્દથી દિગમ્બર સાધુને ગણે છે, પરન્તુ આ મોટી ભૂલ છે. જ્હે વ્યાસજીએ શિવપુરાણમાં શ્વેતામ્બર સાધુઓનું વર્ણન કર્યું છે, તેઓ મહાભારતમાં દિગમ્બર સાધુઓનું વર્ણન કરે, તે સંભવી શકેજ નહિં, કેમકે તે સમયમાં તો દિગમ્બરોનું નામ નિશાન પણ ન્હોતું. ખેર ! આ ઉપર બીજો પણ એક વિચાર ઉદ્ભવે છે:—

તે સમયમાં સાધુમાત્રને **ક્ષપણક** કહેવામાં આવતા હતા. જ્હારે **ક્ષપણક** કહેવાથીજ સાધુનો બોધ થઇ જાય છે, તો પછી '**नग्न**' શબ્દ આપવાની શી જરૂર હતી? નગ્ન વિશેષણ આપ્યું છે, તેથીજ એ સિદ્ધ થાય છે કે–તે વખતે વસ્ત્રધારી મુનિઓ અવશ્ય હતા. જ્હારે 'સ્થવિર કલ્પી' અને 'જીનકલ્પી' આ બે અવસ્થાઓ શ્વેતામ્બરોની માન્યતા પ્રમાણે સિદ્ધજ ઠરે છે, એમાં લગાર મીનમિખ જ્હેવું રહેતું નથી.

હવે મિ. પાંગલે મહાશયની એક ઔર કરતૂત તપાસીએ. મિ પાંગલે મહાશય, પૃષ્ઠ ૧૩ માં હિન્દૂધર્મશાસ્ત્ર **ભાગવત**નો એક પુરાવો આપી, પોતાની પ્રાચીનતા સિદ્ધ કરવામાં ફૂલ્યા સમાતા નથી. પરન્તુ તેઓ એ વાતને ક્યહાં સમજે છે કે હું આ પુરાવો આપવામાં કેટલી ભૂલ કરૂં છું? તેઓની ભૂલ હું બતાવું, તે પહેલાં, ત્હેમણે આપેલો **ભાગવત**નો ફકરો અહિં ઉદ્ધૃત કરવો ઉચિત સમજું છું. તે ફકરો આ છે:—

" एवमनुशास्यात्मजान्स्वयमनुशिष्टानपि लोकानुशासनार्थं महानुभावः परमसुहृद् भगवानृषभोपदेश उपशमशीलानां उपरतकर्मणां महामुनीनां भक्तिज्ञान–वैराग्यलक्षणं पारमहंस्यधर्ममुपशिक्ष्यमाणः स्वतनयशतज्येष्ठं परमभागवतं भगवज्जनपरायणं भरतं धरणिपालनायाभिषिच्य स्वयं भवनरवोर्वरितशरीरमात्रपरिग्रह उन्मत्त इव गगनपरिधानः प्रकीर्णकेश आत्मन्यारोपिताहवनीयो ब्रह्मवर्तात्प्रवव्राज । "

હવે આ ઉપર્યુક્ત કથનમાં આવેલ ' गगनपरिधानः ' શબ્દને આગળ ધરી, તેઓ એમ કહેવા માગે છે કે– 'ઋષભદેવ ગગનરૂપી વસ્ત્રને ધારણ કરી અર્થાત્ દિગમ્બર બનીને પોતાના કર્તવ્યનો વિચાર કરતા બ્રહ્મવર્તમાંથી નિકળી પડયા.'

શું આ તેઓની યુક્તિ કોઇ પણ પ્રકારના મહત્વને સ્થાપિત કરે છે? હરગિજ નહિં. જહેણે માલ–ખજાનાને છોડયો, પુત્ર–પરિવારને છોડયો, અને સારા રાજ્યપાટને છોડયો, ત્હેના માટે

એક વસ્ત્ર 'ગગન પરિધાન' રૂપજ લેખાય, તો ત્હેમાં શું આ- શ્ચર્ય ? હું પહેલાંજ બતાવી ગયો છું કે–'**सव्वे वि एकदूसेण निग्गया जिणवरा चउव्वीस**' અર્થાત્ ચોવીશે તીર્થંકરો એક દેવ દૂષ્ય સહિત સાધુ અવસ્થા સ્વીકાર કરે છે. તો આવું એક દેવ દુષ્ય માત્ર હોવાથી તેઓને 'ગગનપરિધાન' એવું વિશેષણ આપવાથી, કંઈ એમ ન કહી શકાય કે તેઓએ નગ્નાવસ્થા સ્વી- કારી. વ્યવહારમાં પણ આપણે જોઇએ છીએ કે–જ્હેમ કોઈ માણસ કેવલ ધોતીયું પહેરીને નદીમાં ઉતર્યો હોય, પરન્તુ તે એમજ કહે છે કે–ભાઇ ! મ્હારે નદી ઉતરવા માટે બધાં વસ્ત્રો કાઢી નાખવાં પડયાં. ત્હેવીજ રીતે કોઇ માણસે ધોબીને વસ્ત્રો ધોવા આપ્યાં હોય, અને જો કે ત્હેને પહેરવાને અમુક વસ્ત્રો હોય છે, તોપણ તે તગાદો (ઉઘરાણી) કરતી વખતે એમજ કહે છે કે–ભાઇ ! કપડાં જલદી આપો, ઉઘાડા ફરવું પડે છે.

આ એક વ્યાવહારિક ભાષા છે. તેથી એમ સિદ્ધાન્ત કાઢી લેવાનો નથીજ કે તેઓ નગ્નજ ફરે છે. અને ત્હેવીજ રીતે ઋષભદેવ જેવા રાજરાજેશ્વર, સાધુ અવસ્થા સ્વીકાર કરે અને તેઓની પાસે એક દેવદૂષ્ય માત્ર હોય, તો તેઓને માટે 'ગગન- પરિધાન' કહેવું લગાર માત્ર પણ ખોટું નથી. આજકાલ પણ જૂઓ–કોઈ સાધુ થાય છે, ત્ય્હારે ત્હેને માટે લોકો એમજ કહે છે કે—"ધન્ય છે, ફલાણાનો છોકરો બધું છોડી સાધુ થઇ ગયો." આથી શું ત્હેણે દુનિયાભરની ચીજો છોડી દીધી ? 'બધું' કહેવાથી ખાવું–પીવું–બેસવું–ઉઠવું–સુવું–ઓઘો-મુહપત્તિ–

પાત્ર–વસ્ત્રો અને શરીર વિગેરેનો પણ ત્યાગ કરી દીધો? કદાપિ નહિં. ત્હારે 'ગગનપરિધાન' શબ્દથી 'નગ્નાવસ્થાનો સ્વીકાર' કહેનાર મિ. પાંગલે મહાશયની બુદ્ધિને મુબારકબાદી આપ્યા વિના કેમ રહી શકાય ? આ સિવાય ઉપર્યુક્ત **ભાગવત**ના ફકરામાં આવેલા 'પરમહંસ ધર્મ' નો અર્થ પાંગલે મહાશયે બ્રેકેટમાં 'દિગમ્બરમત' કર્યો છે, પરન્તુ આ કયા કોશની ટાંગ તોડી, એ બતાવ્યું હતે તો વધારે સારૂં હતું.

આ પરામર્શ ઉપરથી વાંચકો સમજી ગયા હશે કે-મિ. પાંગલે મહાશયને કોઈ સ્થૂલ યુક્તિ, પોતાની પ્રાચીનતાના વિષયમાં નથી મળી આવી, ત્હારે તેઓએ '**नग्न**' શબ્દની કે 'નગ્ન' અર્થને કહેવાવાળા શબ્દોનીજ ડાઢી ખીંચવામાં, પોતાના સમયનો વ્યય કર્યો જણાય છે. 'બુદ્ધિનો વ્યય કર્યો છે' એમ કહેવાનું સાહસ હું તો કરી શકું જ નહિ; કેમકે 'નગ્ન' અર્થને કહેવાવાળા શબ્દોને શોધી કાઢવામાં બુદ્ધિને એટલી તકલીફ નથી પડતી, જહેટલી કે યુક્તિઓનું ખણ્ડન કરવામાં યા નવાં પ્રમાણોને શોધી કાઢવામાં પડે છે.

આ તો શું ? **ભાગવત**ના સંબંધમાં તો હું બીજું પણ પ્રબલ પ્રમાણ આપવાને સમર્થ થાઉં છું.

પ્રસ્તુત **ભાગવત** વ્યાસજીનું નહિ, પરન્તુ અર્વાચીન 'બોપદેવનું બનાવેલું છે, એમ 'પુરાણ તત્ત્વપ્રકાશ'માંથી મળી આવે છે. પુરાણ તત્ત્વપ્રકાશના પ્રથમ ભાગના દશમા પૃષ્ઠમાં લખ્યું છે કેઃ—

"इसके उपरान्त ज्ञानेश्वरमिश्रने जो गीताकी टीका बनाई है उसमें उन्होंने १२७२ शकाब्दमें हेमाद्रिका होना सिद्ध किया है। और उन्हींके समयमें पण्डित बोपदेवजी हुए, जिन्होंने राजा सचिव हेमाद्रिको भागवत सुनाइ थी। इससे प्रत्यक्ष प्रकट होता है कि-भागवतको बने बहुत थोडे दिन हुए।"

લ્યો, 'પુરાણુતત્ત્વ પ્રકાશ'ના કર્તા તો ભાગવતનેજ અર્વાચીન ગણે છે, કહો, હવે મિ. પાંગલે મહાશય, શિવપુરાણુના દૃષ્ટાન્તની માફક આને પણ સાચું નહિં માને કે ? અમારે માટે તો **ભાગવત**ના સંબંધમાં બન્ને યુક્તિઓ લાભદાયક છે, પરન્તુ દિગમ્બર ભાઈઓ, **ભાગવત**ના ઉપર્યુક્ત વાકયને ઉદ્ધૃત કરી, અઢી ચાવલની ખીચડી પકાવવા કોશિશ કરે છે, તે તો કોઈ રીતે સિદ્ધ થાય તેમ છેજ નહિ.

મિ. પાંગલે મહાશયે પોતાના ટ્રેકટના પંદરમા પૃષ્ઠમાં, પોતાની પ્રાચીનતા સિદ્ધ કરવાને માટે એક જબરદસ્ત પ્રમાણુ આપ્યું છે, ખરેખર આ પ્રમાણે તો દુનિયાંભરના પ્રમાણોના કાનજ કાપી લીધા. જો કે આ તેઓના પ્રમાણુના બદલામાં તો તે ટ્રેકટના વાંચનારાઓએ સ્વયં વાંચતી વખતે પાંગલે મહાશયની અક્કલની પરીક્ષા કરી લીધી હશે; તોપણ મ્હારે તો ત્હેનો જવાબ આપવોજ જોઇએ.

પાંગલે મહાશય કહે છે કે:—" લોકરૂઢી જોઇએ તો 'જૈનના દેવ નાગા' એ વાત બધા ભારતવાસીઓની જાણુમાં છે.......

શ્વેતામ્બરના દેવ જો નગ્ન ન્હોતા, તો લોકમાં કહેવાતી રૂઢી ક્યાંથી આવી ? ”

ટૂંકામાં જવાબ તો એટલોજ હોઇ શકે કે-' આ રૂઢી આવી દિગમ્બરોના દેવ નાગા દેખ્યા ત્ય્હાંથી.' એવું કોણ કહી શકે કે-આ રૂઢી શ્વેતામ્બરોના દેવ નાગા હતા, તે ઉપરથી આવી? શ્વેતામ્બરોના દેવ નાગા હતા પણ નહિં, અને છે પણ નહિં. અને જો આ રૂઢી શ્વેતામ્બરોના દેવ ઉપરથીજ પ્રચલિત થઇ હોય, તો મ્હારે કહેવું જોઇએ કે-શ્વેતામ્બરોના મંદિરમાં જતાં અન્ય દર્શનીઓ અચકાય છે, કે દિગમ્બરોના મંદિરોમાં જતાં ? ત્હેની તપાસ કરો. તપાસ શી કરવી છે, બનારસ-લખનૌ વિગેરે સ્થળોએ જ્ય્હારે દિગમ્બરોની રથયાત્રા નિકળે છે, ત્ય્હારે ત્હેની અંદર કોઇપણ હિન્દૂધર્માનુયાયી શામેલ થતો નથી, એટલુંજ નહિં પરન્તુ મ્હેં પ્રત્યક્ષ એ વાતનો અનુભવ કર્યો છે કે-લખનૌમાં તો દિગમ્બરોની રથયાત્રા હોય છે, તે દિવસે કુલ બજાર બંધ રહે છે, બલ્કે સાંભળવા પ્રમાણે મુસલમાનો પણ દુકાનો બંધ કરે છે. અને તેજ શહેરમાં શ્વેતામ્બરોની રથયાત્રા કે વરઘોડો નિકળે છે, ત્ય્હારે કુલ બજાર ખુલ્લો રહે છે અને લોકો ઉત્સાહપૂર્વક ત્હેમાં ભાગ પણ લે છે. બલ્કે બનારસમાં તો અન્યદર્શનીયોને ભગવાનની પાલખી ઉઠાવતાં અને પોતાનાં મકાનો ઉપરથી પુષ્પો વડે ભગવાન્ ને વધાવતાં પણ મ્હેં જોયા છે. પાઠક ! વિચાર કરી શકશે કે, મિ. પાંગલેનું કથન કેટલુંબધું જૂઠથી ભરેલું છે ?

ઉપર્યુક્ત કથનથી એ તો ચોક્કસ જણાઇ આવ્યું કે આ રૂઢી દિગમ્બર–દેવમૂર્તિઓ ઉપરથીજ પ્રચલિત થઇ છે. હવે કદાચ દિગમ્બરો એમ કહેવા માગતા હોય કે–

" જૈનના દેવ નાગાછે, આ રૂઢી દિગમ્બર મૂર્તિ ઉપરથી પ્રચલિત થઇ છે, તેથી અમેજ પ્રાચીન છીએ " તો તે પણ ખોટુંજ છે. ખરૂં જોવા જઇએ તો આ રૂઢીથી તેઓની પ્રાચીનતા સિદ્ધ નથી થતી, પરન્તુ 'તેઓ જૈન ધર્મને કલંકભૂત થયા છે ' આ વાત સિદ્ધ થાય છે. કેમકે જ્યહારથી તેઓ મૂર્તિને નગ્નાવસ્થામાં રાખવા લાગ્યા, ત્યહારથી આ લોકોક્તિ પ્રચલિત થઇ છે. આ લોકોક્તિ કંઇ શાસ્ત્ર પ્રતિપાદ્ય નથી. આવીજ એક બીજી પણ લોકોક્તિ ' जैना म्लेच्छाः ' એ પ્રમાણેની ચાલી આવે છે, અને તે લોકોક્તિ સ્થાનકવાસી (ઢૂંઢીયા) સાધુઓ ઉપરથી ચાલેલી અનુભવાય છે. કેમકે ઢૂંઢીયા સાધુઓનો કેટલોક વ્યવહાર, નિંદાને પાત્ર બને, ત્હેવો હોય છે. હવે શું આ લોકોક્તિ ઉપરથી ઢૂંઢીઆઓ એમ કહી શકે ખરા કે "जैना म्लेच्छाः" આ લોકોક્તિ અમારા ઉપરથી ચાલે છે, માટે અમે પ્રાચીન છીએ." કદાપિ નહિં. ત્હેવીજ રીતે દિગમ્બર ભાઇઓથી પણ, તે લોકોક્તિના આધારે પોતાની પ્રાચીનતા સિદ્ધ કરી શકાય તેમ નથી. આવીજ લોકોક્તિઓ ઉપર મ્હારા ખુશમિજાજી મિત્ર સાથે મ્હારે એક વખતે વાતચીત થતી હતી, તે વખતે ત્હેમણે મ્હને કહ્યું કે:–

" ત્હમને એ વાતનો અનુભવ હશે કે–જ્યહારે ઘરમાં

કુતરૂં પેસતું હોય છે, ત્હારે ત્હેને 'હટ સરાવગી (દિગમ્બર)' એમ કહીને હાંકવામાં આવે છે, અને આ પ્રમાણે હું ઘણાઓના મુખથી સાંભળું છું, તેથી માલૂમ પડે છે કે—આ લોકોક્તિ ઘણા કાળથી ચાલી આવતી હોવી જોઇએ, અને જો તેમજ હોય તો શું દિગમ્બર ભાઇઓનો ગ્રામશાર્દૂલોની સાથે કંઈ સંબન્ધ હશે કે ? ”

મ્હારે તે વખતે સ્પષ્ટ કહેવું પડયું કે નહિં, આ ત્હમારી મોટી ભૂલ છે. શું લોકોક્તિ ઉપરથી એમ કહી શકાય કે ? અને તે શું સંભવિત છે કે ?

આવીજ લોકોક્તિ ' जैना नास्तिकाः ' એ પ્રમાણેની પણ ચાલે છે. શું આ લોકોક્તિને કોઇપણ બુદ્ધિમાન સાચી માની શકશે ? કદાપિ નહિં. જૈનો શું આત્મા, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક અને મોક્ષ આદિ પદાર્થોને નથી માનતા કે જ્હેથી તેઓ નાસ્તિક કહેવાય ? જહેવું જૈનોના ગ્રન્થોમાં ઉપર્યુક્ત પદાર્થોનું સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું છે, ત્હેવું કોઇપણ દર્શનમાં જોવામાં આવતું નથી. વેદમાં બતાવેલી હિંસા આદિ નિંદ્યકાર્યોને જૈનોએ ન માન્યાં, એટલે તેઓને 'નાસ્તિક ' નું ટાઇટલ આપી દીધું, આ તો કેવલ દ્વેષબુદ્ધિનુંજ પરિણામ છે, અને દ્વેષ બુદ્ધિથી ચાલેલી લોકોક્તિઓ પ્રમાણભૂત હોઇ શકેજ નહિં. યદિ ' જૈનોના દેવ નાગા ' આ લોકોક્તિને આગળ ધરી દિગમ્બર ભાઇઓ પોતાની પ્રાચીનતા સિદ્ધ કરવાનું બીડું ઝડપતા હોય, તો મ્હારે કહેવું જોઇએ કે—'जैना नास्तिकाः' એ લોકોક્તિને

પણ સાચી માનવાનું, દિગમ્બરભાઇઓ સાહસ કરશે ખરાજ ને? પરન્તુ નહિં, આવી લોકોક્તિઓ ઉપરથી અમુક એક ધોરણ બાંધવું, એ તો અસત્ય વાતને ખરીદી લેવા બરાબર છે.

હવે પૃષ્ઠ સોલમામાં મિ. પાંગલે મહાશયે, શ્વેતામ્બરોની ઉત્પત્તિ દુષ્કાલના વખતમાં બતાવી છે. પરન્તુ મ્હારા પ્રથમના લેખમાં બતાવેલી દિગમ્બરોની ઉત્પત્તિની વાતને, તેઓ ગાયબજ કરી નાખે છે, અર્થાત્ ઉડાવીજ દીધી છે. શ્વેતામ્બરોની ઉત્પત્તિની જે રામકહાણી શ્રીમાને ચીતરી છે, ત્હેમાં કંઈ પણ પ્રમાણિકતાની વાત નથી. નિદાન તેઓએ કંઇ પણ પ્રમાણ આપ્યું નથી. આ સિવાય તેઓનું આ લખવું:—"શ્વેતામ્બરી ભાઇઓના કરતાં, શ્વેતામ્બરી સાધુઓજ વધારે હઠ કરનારા હોય છે, અને તેઓ ન્યાયની કોઇ પણ વાત એકદમ માનતા નથી." બિલકુલ મૂર્ખતા કે દ્વેષ ભરેલું છે. ત્હેમાં તેઓ પ્રમાણ 'લાલન અને સાધુઓનો ઝઘડો થયો હતો,' તે બતાવે છે.

ખરેખર મિ. પાંગલે મહાશયે પોતાની સ્વચ્છન્દતાનો સારો અનુભવ અહિંજ આપી દીધો છે. શ્વેતામ્બર સાધુઓને અને લાલનને કયા વિષયમાં ઝગડો થયો હતો ? વિગેરે કથા કહેવાની અહિં કંઇ પણ જરૂર જોતો નથી, પરન્તુ એટલું જરૂર કહીશ કે, શાસન શુભેચ્છક મહાત્માઓ, કોઇપણ શખ્સને શાસ્ત્ર વિરૂદ્ધ કલ્પનાઓ કરતાં, શાસન વિરૂદ્ધ કાર્યો કરતાં અટકાવ કરે અથવા શિક્ષા કરે તો તેઓને હઠ કરનારા કે 'ન્યાયની વાતને નહિં માનનારા ' કહેવું એ કેટલું બધું પાપી કામ કહી

શકાય ? પરન્તુ ઠીક છે, નિર્નાથ દિગમ્બર સમ્પ્રદાયની અંદર જ્હેમ લોકો મનમોદક ઉડાવે છે, ત્હેમ શ્વેતામ્બર સમ્પ્રદાયની અંદર પણ મુનિરાજો, લોકોને મનમોદક ઉડાવવા દે તો જરૂર, મિ. પાંગલે મુનિરાજોની તારીફ (સ્તુતિ) કરે. પરન્તુ મિ. પાંગલે મહાશયે આ વાતને પોતાના અંતઃકરણમાં બરાબર કોતરી રાખવી જોઇએ કેઃ—શ્વેતામ્બર આમ્નાય, દિગમ્બર આમ્નાય જેવો અગુરવો (ગુરૂવિનાનો) નથી, શ્વેતામ્બરોની અંદર હજુ શાસન પ્રિય મહાત્માઓ મોજૂદ છે, અને જ્યહાં સુધી તેઓની વિદ્યમાનતા છે, ત્હાં સુધી તેઓ શાસ્ત્રવિરૂદ્ધવર્તન કરનારાઓની અને ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારાઓની સ્હામે પડવાના, પડવાના ને પડવાના. ચાહે તે મહાત્માઓની લોકો સ્તુતિ કરે યા નિંદા પરન્તુ તે બદલ અમારા પાંગલે મહાશયને શામાટે પેટમાં દર્દ થતું હશે ? તે કંઇ સમજી શકાતું નથી. યાદ રાખવું જોઇએ કે શ્વેતામ્બર સાધુઓ હઠ કરનારા નથી, કિન્તુ સાચી વાતને જાહેર કરનારા છે.

'મિયાઁની ચાંદે ચાંદ' જ્હેવું કરે, તો શ્વેતામ્બર સાધુઓ સત્યગ્રાહી ગણી શકાય, આ પણ કેવો ન્યાય ? દિગમ્બરોની અસત્ય વાતને શ્વેતામ્બર સાધુઓ ન સ્વીકાર કરે અને ત્હેનું ખણ્ડન કરે, તો તેથી શું તેઓ દુરાગ્રહી થઇ ગયા કે ? ભાઇ! દુરાગ્રહી કે અન્ધશ્રદ્ધાળુ તો ત્હમારા જેવા દિગમ્બરભાઇઓજ છે કે—જેઓને અનેકાનેક પ્રમાણોથી એ વાત સિદ્ધ કરી આપીએ છીએ કે 'દિગમ્બરો અર્વાચીન છે,' તે છતાં 'મિયાઁ ગિરે

तो भी टाँगँ ऊंचीकी ऊंची ' ની માફક ભૂલને સ્વીકાર કરી સત્યવાતને માનતા નથી.

પ્રિય પાઠક ! એ તો સૌ કોઇ સ્વીકાર કરી શકશે કે-મનુષ્ય માત્રની ભૂલ હુમેશાં થતી આવે છે. એક સમયમાં માણુસના જ્હે વિચારો હોય, તે બીજા સમયમાં બદલાઇ જાય છે. અને ત્હેવીજ રીતે અમુક વિષયમાં જ્યહાં સુધી પોતાને વિશેષ અનુભવ ન થયો હોય, ત્યાં સુધી સાચી વતથી વિપરીત મન્તવ્ય કદાચિત્ હોય, તો ત્હેમાં કંઇ આશ્ચર્ય જેવું નથી.

મિ. યુ. ડી. બરોડિયા કે જેઓ એક ગ્રેજ્યુએટ છે, ત્હેમણે 'જૈનીઝમ' નામનું પુસ્તક લખી, 'જૈન ગ્રેજ્યુએટસ એસોસીએશન' દ્વારા પ્રસિદ્ધ કરાવ્યું છે. આ પુસ્તકની અંદર તે મહાનુભાવે એક એવો ફકરો લખ્યો છે કે, જ્હેની અંદરથી મતલબ કાઢનારાવાળો માણુસ એમ કાઢી શકે કે 'શ્વેતામ્બરોની ઉત્પત્તિ દુષ્કાલના વખતથી થએલી છે.'

પરન્તુ આ મિ. બરોડિયાના ફકરા ઉપર તો મિ. પાંગલે મહાશય ફૂલ્યા પણુ સમાતા નથી. તેઓ તો પોતાના મનમાં એમજ સમજવા લાગી ગયા છે કે-આ વાકય શું છે? દિગમ્બરોની પ્રાચીનતા સિદ્ધ કરનાર, સર્વજ્ઞનું વચન છે. અને તેટલાજ માટે તેઓએ બે ત્રણુ પેજ કાળાં કરવામાં સમ્પૂર્ણ ઉત્સાહ બતાવ્યો માલૂમ પડે છે. પરન્તુ હું પહેલાંજ કહી ગયો છું કે—જ્યહાં સુધી મનુષ્યને અમુક વિષયમાં સમ્પૂર્ણ માહિતી ન હોય, ત્હાં સુધી તે વિષયમાં ભૂલ થાય, એમાં

શું આશ્ચર્ય? છદ્મસ્થાવસ્થામાં રહેલા તમામ જીવો ભૂલને પાત્ર બને છે, જો એમ ન હોય તો તીર્થંકરો શામાટે છદ્મસ્થ અવસ્થામાં ઉપદેશ ધારા વહેતી ન રાખે? ત્હેનું કારણ એજ હતું કે–તેઓ એમ સમજતા હતા કે–યદિ છદ્મસ્થ અવસ્થામાં ઉપદેશ દેવામાં જહે પ્રરૂપણા થાય ત્હેમાં, અને કેવળજ્ઞાન થયા બાદ કરેલી પ્રરૂપણામાં બીજોજ ભાવ પ્રકટ થાય, તો દ્વિધાવાક્ થવાનો પ્રસંગ આવે, માટેજ તેઓ છદ્મસ્થાવસ્થામાં ઉપદેશ ન્હોતા દેતા. અને ત્હેવીજ રીતે શ્રીયુત ચુ. ડી. બરોડીયાએ પણ છદ્મસ્થ અવસ્થાના કારણથી ભૂલ કરેલી છે.

આ વિષયમાં મિ. બરોડીયાની સાથે, પૂજ્યપાદ મહારાજ શ્રીઇન્દ્રવિજયજીને ઘણો વિસ્તારથી પત્રવ્યવહાર થએલો છે, અને તે પત્રવ્યવહારમાં અન્તોગત્વા આવેલા પરિણામને જાહેર કરૂં, તે પહેલાં મિ. બરોડીયાની સરળતા, સત્યપ્રિયતા અને તેઓના ઉત્સાહ બદલ અનેક ધન્યવાદ આપ્યા સિવાય હું આ લેખિનીને આગળ ચલાવી શકું નહિં. ખરેખર, ગ્રેજ્યુએટ્સ વર્ગમાં આવા પુરૂષો હું ક્વચિત્‌જ જોવા ભાગ્યશાળી નિવડ્યો છું. મિ. બરોડીયા, પોતાના તા. ૨૦–૭–૧૩ના પત્રમાં લખે છે કેઃ—

"..........એક બે પોઇન્ટ સિવાય ઘણોજ પરિશ્રમ લઇ સરસ મીમાંસાયુક્ત મુનિશ્રી વિદ્યાવિજયજીએ પોતાનો લેખ લખ્યો છે, ત્યારે મી. પાંગલે પોતાનો લેખ વિદ્વત્તાને ન છાજે તેવા શબ્દોયુક્ત

લખેલો છે. કંઇક ઉશ્કેરણી વૃત્તિથી તે લખાએલો હોય તેવું ભાસે છે.

મારે એક વાત આ પત્રમાં લખવી જોઇએ. મી. પાંગલે મારો પેરેગ્રાફ ટાંકીને તેની સાથે પોતાના વિચારો ભેળવી દઇને મને અને જૈન શ્વેતામ્બર સાધુઓને અન્યાય આપ્યો છે એ નિઃસંશય છે. તેથી મારી પ્રથમ વિનંતિ સ્વીકારી તે ગેરસમજુતી ઉત્પન્ન કરાવનાર મારો સંક્ષેપમાં લખાયેલો પેરો આપ સુધારી આપો. જો આપની તેમ ઈચ્છા નહીં હશે તોજ પછી હું તે સુધારવા આરંભ કરીશ. એજ."

શું આ પત્ર બદલ, આવી સરલતા સત્યપક્ષતા માટે મિ. બરોડીયાને થોડો ધન્યવાદ ઘટે છે?

બસ ! હવે મ્હારે, મિ. પાંગલે મહાશયે મી. બરોડીયાનો ફકરો આગળ ધરી જે ભૂલ મારી છે, ત્હેનો કંઇપણ જબાબ આપવાની જરૂર નથી. મિ. બરોડીયા પોતેજ તે ભૂલ સ્વીકારે છે, તો પછી, પાંગલે મહાશયની રામકહાણી માટે લખી લખીને, પાઠકોનો વિશેષ સમય શામાટે રોકવો જોઇએ?

હું આ પ્રસંગે એક આશા અવશ્ય રાખીશ કે, મિ. પાંગલે મહાશયે શ્રીયુત બરોડીયાને 'સમજુ' 'વિદ્વાન્' 'ઇતિહાસ સંશોધક' અને 'પદ્ધીધારક' ઇત્યાદિ વિશેષણો જહે પ્રેમથી-જે ઉત્સાહથી લખેલાં છે, તે પ્રેમ કે ઉત્સાહને લગાર માત્ર પણ

ખંડિત નહિં કરે. અને મિ. બરોડીયા સત્યપક્ષી થયા-સાચું તે મ્હારૂં, આ અનુસાર વર્તવા લાગ્યા, તેથી મિ. પાંગલે, યદિ બીજાંજ વિશેષણોથી બરોડીયાને વધાવશે તો, જોકે સત્ય-પ્રિય બરોડીયાને તો કંઇજ નથી, પરન્તુ હાં ! જન-સમાજ તો મિ. પાંગલેની કિંમત આંકયા વિના કદાપિ રહી શકશે નહિં. આ વિષયમાં અધિક લખવું વ્યર્થ છે, પાઠકો સ્વયં વિચાર કરી શકે તેમ છે.

આગળ ચાલતાં મિ. પાંગલે પૃષ્ઠ ૧૯ માં લખે છે કેઃ-

" કુંદકુંદાચાર્યના વખતમાંજ દિગમ્બર શ્વેતામ્બર બદલ ગિરનાર પર્વતપર વાદ થયો, તે વેળા દિગમ્બર પ્રાચીન અને શ્વેતામ્બર અર્વાચીન ઠર્યા. "

શું આમ લખવા માત્રથી કોઇપણ બુદ્ધિમાન્ માની લેવાનું સાહસ કરશે કે ? એવી રીતે તો દરેક પોતપોતાની વડાઇ હાંકયા કરે, પરન્તુ તેથી પ્રમાણ વિના પ્રામાણિક થઇ શકે નહિં. આ સિવાય 'પ્રભાસપુરાણ' 'ઋગ્વેદ' 'રામાયણ બાલકાંડ' અને 'નિઘંટુ' એમ બે ત્રણ વાકયો સંસ્કૃતનાં, કે જ્હેની અંદર 'નગ્ન' અર્થને કહેવાવાળો શબ્દ કે 'નગ્ન' શબ્દ આવેલો છે, તે ઉલ્લેખ્યાં છે, પરન્તુ હું એમ કહ્યા વિના-ન રહી શકું કે 'નગ્ન' શબ્દને દેખી 'નાગા' થવાનો, દિગમ્બર ભાઇઓને એક મહાવરોજ થઇ ગયો છે. ભલા, 'નગ્ન' શબ્દ આવવાથી દિગમ્બર ભાઇઓની પ્રાચીનતા કેવી રીતે

સિદ્ધ થઈ શકવાની હતી ? વળી આ જ્હે ત્રણ ચાર વાક્યો આપ્યાં છે, તે તો અસંબદ્ધજ આપ્યાં છે, ન તો ત્હેમણે તે કયા પ્રસંગની વાત છે ? તે બતાવ્યું છે, અથવા તેઓએ કયા પૃષ્ઠમાંથી, કયા પ્રકરણુંમાંથી તે વાકયો ઉદ્ધૃત કર્યાં છે, તે પણ બતાવ્યું નથી, એથી વાંચનારા સહજ સમજી શકશે કે આ ત્હેમનો જૂઠો વિતંડાવાદ અથવા તો ચાલબાજીજ છે.

હવે તે અંધશ્રદ્ધા કે અજ્ઞાનતા નથી રહી કે માત્ર શ્લોક કે સંસ્કૃત વાક્ય આપી દેવાથી ત્હેને વેદવાકય માની લે. હવે તો વાંચનારાઓ પ્રકરણ, સ્થળ, પૃષ્ઠ વિગેરે તમામ મશાલો મેળવ્યા પછીજ ત્હેને સત્ય માનવાનું સાહસ કરે છે.

જ્યહારે મિ. પાંગલે મહાશયને કંઈ પ્રબળ યુક્તિઓ નથી મળતી, ત્યહારે તેઓ કેવા શબ્દોમાં પોતાનો રોશ બહાર કાઢે છે, ત્હેનો નમૂનો એક આ પણ છેઃ—

"...........અને આ ખોટા શાસ્ત્રને કેટલાએક **ભોળા, હઠીલા** શ્વેતામ્બરી ભાઇઓ ખરાં માને છે."

ધન્ય છે દિગમ્બરો, ત્હમારી ભદ્રિકતા અને સરળતાને ! ! મહાશયજી ! શું ત્હમારાં શાસ્ત્રોને અંધશ્રદ્ધાથી કે અજ્ઞાનતાથી માની બેઠેલા દિગમ્બરીઓ સાચી વાતને પણ માનવામાં, કન્નોજના ટટ્ટુઓથી પણ વધીને અડીઅલપણું કરે છે, ત્હેને ત્હમે ભદ્રિક અને સરળ ગણોછો કે ? વાહ, મહાશય ! શું કહેવું ત્હમારી અક્કલની અમલદારી માટે ?

પ્રિયપાઠક ! મી૦ ખરોડીયાના અંગ્રેજી ફકરાવાળો ચરખો તો પાછો, પૃષ્ઠ ૨૦ અને ૨૧ માં પણ પાંગલે મહાશયે ચલાવ્યો છે. પરન્તુ ત્હેનો ઉત્તર તો હું પ્રથમજ આપી ગયોછું, એટલે 'વીંણેલાને વીંણવા કરતાં, નવું વીંણવું સારૂં ' ત્હેની માફક તે ટ્રેકટના આગળના ભાગમાં જ્હે અશુદ્ધિ–અસત્ય રૂપી કીડાઓ ખિલખિલાઇ રહ્યા છે, ત્હેઓનેજ દૂર કરવા વધારે ઉત્તમ સમજું છું.

આજ સુધી હું એમ સમજતો હતો કે જાદુઇ ખેલો–હાથચાલાકીના ખેલો કરવામાં પ્રોફેસર નથુ મંચ્છાચંદ અવ્વલ નંબર ભોગવતા હશે. પરન્તુ જ્ય્હારથી મિ. પાંગલેનું ટ્રેકટ મ્હારા વાંચવામાં આવ્યું, ત્ય્હારથી મ્હને એમ ખાતરી થઇ કે, નહિં, અસલી સ્વરૂપને ઉડાવી દેઇ, ત્હેને બીજાજ રૂપમાં બતાવવાની જાદુવિદ્યામાં ખરેખર મિ. પાંગલેએ વિશારદતાજ પ્રાપ્ત કરી છે.

વાંચકોએ જોયું હશે કે–મ્હેં મ્હારા પ્રથમના લેખમાં એક સ્થળે એમ જણાવ્યું છે કેઃ—

" દિગમ્બર મતાનુયાયિઓનું એમ કહેવું છે કે—' અગીયાર અંગ વિચ્છેદ થઈ ગયાં છે, અને વીર સં. ૬૮૩ માં ધરસેન નામના મુનિ પાસેથી જ્ઞાન લેવાવાળા બે મુનિઓએ પહેલ પહેલાં જ્યેષ્ઠ શુકલ પંચમીને દિવસે ત્રણ **સિદ્ધાન્ત બનાવ્યાં,** હવે અહિં પ્રશ્ન એ ઉઠે છે કે—તે મુનિઓએ શાસ્ત્રોની **રચના શા આધારે કરી?** કદાચિત્ કોઇ એમ કહે કે અંગોનો

કોઇ કોઈ ભાગ રહ્યો હતો તે ઉપરથી શાસ્ત્રો રચ્યાં, ત્હારે તો એ વાત ચોક્કસ છે કે-જનસમાજને પ્રતીતિ થવા માટે ખાસ તે તે અંગની અવશ્ય શાક્ષી આપવી જોઇતી હતી. અને તે પ્રમાણે તો કોઇ સ્થળે દેખવામાં આવતું નથી, તેથી એ વાત સિદ્ધ થાયછે કે-તેઓએ સ્વકપોલ કલ્પિત શાસ્ત્રો **રચ્યાં છે,** અને સ્વકપોલકલ્પિત શાસ્ત્રો જગતમાં કેવીરીતે પ્રમાણ થઇ શકે ? તે તો વાંચકો સ્વયં સમજી શકે તેમ છે.''

આ પ્રમાણે લખેલા મ્હારા ફકરાનો જવાબ શ્રીમાન્ કેવી જાદુવિદ્યાથી-કેવી ચાલાકીથી આપે છે ? તે તપાસો.

શ્રીમાન્ પૃષ્ઠ ૨૧ માં લખે છે કેઃ—'' મુનિ વિદ્યાવિજયજી લખે છે કે-વીર સં. ૬૮૩ માં **જૈન ગ્રન્થ લખવાનો પ્રારંભ થયો.** ''

ઉપરજ બતાવેલા ફકરામાં વાંચકો જોઇ શકશે કે-મ્હેં દિગમ્બરોના ગ્રન્થોનો **રચવાનો** પ્રારંભ બતાવ્યો છે કે **લખવાનો ? રચનાના પ્રારંભને લખવાનો પ્રારંભ** ટાંકી બતાવી, શું નજરબંધીનો ખેલ નથી કરી બતાવ્યો ? નજરબંધીનો ખેલ શામાટે ? વાંચકોની આંખોમાં ધૂળ નાખવાનો પ્રપંચ નથી કર્યો કે ? અસ્તુ ! આ સિવાય ઉપરની બીજી બધી વાત, કે જ્હે સંબંધી શંકા કરવામાં આવી છે, તે તો હજમજ કરી ગયા છે.

હવે બીજી વાત તપાસીએ—' પ્રશ્નચર્ચા સમાધાન ' નામના દિગમ્બર ગ્રન્થમાં લખ્યું છે કેઃ—

“ મહાવીર દેવના નિર્વાણુ બાદ ૬૮૩ વર્ષે ધરસેન મુનિ ગિરનારની ગુફામાં બેઠા હતા, તે કાળમાં અગીઆરે અંગ વિચ્છેદ ગયાં, જ્હારે ‘વિક્રમ પ્રબંધ’ અને ‘ મૂલ સંઘની પટ્ટાવલી ’ માં તો લખ્યું છે કેઃ—‘ મહાવીર પ્રભુથી ૬૧૪ વર્ષ વ્યતીત થયા બાદ ધરસેનાચાર્ય થયા, અને ત્હેમનો વર્તમાનકાળ ૧૯ (૨૧) વર્ષનો છે.

હવે આ ઉપરથી એક બાળક પણ સમજી શકે કે કે જ્હારે ૬૩૩ની સાલમાં તેઓ (ધરસેન મુનિ) સ્વર્ગે સિધાવ્યા છે, તો પછી ૬૮૩ ની સાલમાં તેઓ ગિરનારની ગુફામાં બેસેજ ક્યહાંથી ? પરન્તુ આ લખવું, બિલકુલ જૂઠથી ભરેલું છે, તે છતાં પણ પાંગલે મહાશય ત્હેનો ઉચિત જવાબ તો ખાઈજ ગયા અને ત્હેને બીજાજ રૂપમાં ચીતરી કાઢે છે.

શ્રીમાન્ તો લખે છે કે–“ વીર સં. ૬૧૪ થી ૬૩૩ સુધીમાં ધરસેન મુનિએ પુષ્પદંત અને ભૂતબલી આચાર્યને શ્રુતજ્ઞાન શિખવ્યું, અને પછી ૬૮૩ માં ધરસેને શિખવેલું તે બન્નેએ લખેલું શ્રુતજ્ઞાન જગજાહેર કર્યું એટલે દિગમ્બર શાસ્ત્રનો લેખનકાળ વીર સં. ૬૮૩ થી નક્કી થાય છે. ”

કેવી આશ્ચર્યની વાત છે કે–પહેલાં તો ધરસેન મુનિના સમયનેજ નક્કી નથી કરી શકતા અને ગ્રન્થોના **લેખનકાળ** ઉપર જઇને નોબત વગાડી. પ્રશ્ન એ થયો છે કે–‘ધરસેન મુનિ ૬૮૩ માં ગિરનારની ગુફામાં પેઠ્યા ક્યહાંથી ? કેમકે તેઓનો

સમય તો ૬૩૩ નો છે.' આ પ્રશ્નનો જવાબ આપ્યો નહિં, અને લેખન તથા રચનાકાળ ઉપર ઉતર્યા. વાહ પાંગલેજી ત્હમારી ચાલાકીને ?

'ડાહી સાસરે ન જાય ને ગાંડીને શિખામણ દે' આ લોકોક્તિને મિ. પાંગલે બહાદુરે ઠીકજ ચરિતાર્થ કરી છે. તેઓ મ્હને શિખામણ આપતાં કહે છે કેઃ—

"ઇતિહાસ અવલોકનાર્થે ઇતિહાસની તારીખ નક્કી કરવામાં સારાસાર વિચારની ઘણી જરૂર છે."

વાહ! મને ઉપદેશ આપનાર મ્હેતાજી! ત્હેનું પાલન ત્હમે પોતે કરો છો કે કેમ? તેતો વિચારો. પરન્તુ મહાશય! ખરેખર તે પછીનું ત્હમારૂં લખેલું "ત્હેના અભાવે આવા ગોટાળા ભરેલું બધું ખોટું માલૂમ પડે છે" આ વાક્ય ત્હમે યથાર્થ રીતેજ ચરિતાર્થ કરી બતાવ્યું છે.

ત્હમે લગાર દ્વેષદાવાનળને શાન્ત કરી, શાન્તચિત્તથી આ ત્હમારા ધરસેન મુનિજીના સમયનેજ તપાસી જોયો હતે, તો ત્હમને માલૂમ પડતે કે—હજુ હું કયા નવાણુંના ફેરમાં પડ્યો છું? અને અસંબદ્ધ આ શું ચિતરૂંછું? હવેથી તેમ ન થવા પામે, તે માટે એક હિતેચ્છુ તરિકે અનુરોધ કરૂંછું.

વળી મ્હેં મ્હારા લેખમાં એમ જણાવ્યું છે કે—

"હવે વિચાર કરો કે શ્રી વીર નિર્વાણથી ૬૮૩ વર્ષે ધરસેન મુનિ આવ્યા ક્યાંથી? ભૂતબલી અને પુષ્પદંતને બોલા-

વ્યા કોણે ? ભૂતબલી પુષ્પદંત આવ્યા ક્યહાંથી ? ભણાવ્યા કોણે ? કેમકે ધરસેનનું મૃત્યુ તો ૬૩૩ માં થયું છે, પુષ્પદંતનું મૃત્યુ ૬૬૩ માં થયું છે, જ્યહારે ભૂતબલીનું મૃત્યુ ૬૮૩ માં થયું છે. તો પછી આ બધાઓનો સમાગમ ક્યહાંથી થયો ? અત એવ પૂર્વોક્ત પરસ્પર વિરોધી ધરસેનની કથા ઉપરથી એમ સિદ્ધ થાય છે કે–દિગમ્બર શાસ્ત્રોનો રચનાકાળ જહે બતાવવામાં આવે છે, તે પણ મન:કલ્પિતજ છે. ”

આનો જવાબ મિ. પાંગલે મહાશયે જહે આપ્યો છે, તે બિલકુલ બિન પાયાદારજ આપ્યો છે. બિન પાયાદાર શું આપ્યો છે ? તેઓ પોતેજ આ વાતમાં શંકાશીલ થએલા છે. અર્થાત્ તેઓને પણ હજુ સુધી એ નિર્ણય નથી થયો કે—‘ ધરસેન, પુષ્પદંત અને ભૂતબલી ક્યહારે થયા ? ’

શ્રીમાને જહે જવાબ આપ્યો છે તે આ છે:—

“ ધરસેન **જો** વીર સં. ૬૩૩ માં **સ્વર્ગસ્થ** થયા હશે અને ૬૬૩ માં પુષ્પદંતાચાર્ય શ્રુતજ્ઞાનનો થોડો ભાગ ગ્રન્થમાં લખી સ્વર્ગસ્થ **થએલા હશે** અને વીર સં. ૬૮૩ માં ભૂતબલી આચાર્ય તે લખી રાખેલો દિગમ્બર આમ્નાયનો ગ્રંથ પ્રસિદ્ધ કરી સ્વર્ગસ્થ **થયા હશે**, તો એ ત્રણેનો સતત દીર્ઘ પ્રયત્ન આ પ્રથમ લખાણ કરવામાં રોકાએલો હોવાથી તે ત્રણેનાં નામ અને શ્રુતજ્ઞાન ગ્રંથ રૂપે પ્રસિદ્ધ થયાની મિતિ વીર સં. ૬૮૩ ના જયેષ્ઠ સુદ પાંચમ જૈન દિગમ્બર ઇતિહાસમાં નોંધાઇ ગઇ છે. ”

પ્રિય વાંચક ! આ તેઓનો જવાબ કોઈ પણ જાતની પુષ્ટી કરનારો છે કે ? પુષ્ટી શાની કરે ? કેમકે તેઓ પોતેજ, '**જો** આમ **હશે, જો** આમ **હશે** તો આમ **થયું છે.**' આવું અસંબદ્ધ વાક્ય લખે છે તો પછી ત્હેને 'જવાબ' કહેવાનું સાહસ કોણ મૂર્ખ કરી શકે ? આ વિષયમાં હજુ પણ હું દાવા સાથે કહી શકું છું કે—મિ. પાંગલે મહાશય, કોઇ પણ રીતે પોતાનો બચાવ કરી શક્યા નથી અને કરી શકે તેમ પણ નથી.

દિગમ્બર ગ્રન્થોનો રચના કાળ તો આપણે ઉપર ઘણા વિસ્તારથી તપાસી ગયા. હવે મ્હારા પ્રથમના લેખમાં એ શંકા ઉઠાવેલી છે કેઃ—

"જો દિગમ્બર મત પ્રાચીન હતે તો ગણધરાદિ મુનિઓનો બનાવેલો કોઇ પણ અંગ, પ્રકરણ, અધ્યાય અથવા વસ્તુ અવશ્ય હોવું જોઇતું હતું, અને છે તો નહિં, તેથી પણ એ સિદ્ધ થાય છે કે દિગમ્બરોએ પોતાનો મત ચલાવવા માટેજ સ્વકલ્પિત નવીન ગ્રન્થોની રચના કરી લીધી છે."

વાંચકો, વિચારી શકશે કે આ કથન મ્હારૂં શું ખોટું છે? કેમકે જ્યહાં સુધી તેઓ પ્રાચીન કોઇ અંગ, પ્રકરણ આદિ સમ્પૂર્ણ તો શું ? થોડો અંશ પણ ન બતાવી શકે, ત્યહાં સુધી એમ કેમ ન કહી શકીએ કે તેઓના ગ્રન્થો બીલકુલ સ્વકપોલ કલ્પિત છે ? પરન્તુ આવું મીઠું દૂધ પણ તેઓને ઘણુંજ અરૂચિ 'ભરેલું નિવડયું'. તેઓ તો કહે છે કેઃ—

"વિદ્યાવિજયનું આ કહેવું કેવળ **અભિમાન** ભરેલું અને **દીર્ઘ વિચાર વગરનું** છે" કહો ! મિ. પાંગલેએ પોતાની યોગ્યતાનો ફોટો ખેંચી બતાવ્યો કે નહિ ? પ્રિય પાઠક ! આટલેથી સંતોષ ન રાખો, નહિં લખેલી વાતને પોતાની કલમથી ચીતરી કાઢી વાંચકોની આંખે પાટા ઉપર પાટા બાંધવાનું તો તેઓને એકડે એક જહેવું થએલું છે. તેઓ કહે છે કે—"એકદમ ગ્રન્થ રચના થઇ નહિં, અને પાછળથી થઇ, માટે રચના કપોલ કલ્પિત છે, એવું કહેવું ભૂલભરેલું છે."

પ્રિય વાંચક ! શું મ્હારા લેખકની અંદર કોઇ પણ સ્થળે આવું વાકય તમે વાંચ્યું છે કે ? મ્હારી ઉઠાવેલી શંકા તો તેઓ પોતેજ ઉપર ઉદ્ધૃત કરી આવ્યા છે, તે છતાં પણ ત્હેના સારાંશમાં તો એક 'ઇદં તૃતીયં' અભિપ્રાયજ ઉભો કરે છે. કહો ત્હારે વિતંડાના છેડા સુધી તેઓ પહોંચી ગયા કે નહિં ? ખેર ! તેઓ ગમે તેટલી ચાલાકી કરી પોતાનો બચાવ કરવા ચાહે, પરન્તુ તેઓનો બચાવ તો થવો દૂર રહ્યો, પ્રત્યુત તેથી તો તેઓની નિર્બળતાજ જણાઇ આવે છે.

આગળ ચાલતાં તેઓ લખે છે કે—"વેદનો રચનાકાળ મિ. તિલકે 'દશ હજાર વર્ષ પહેલાંનો છે,' એવું '**આર્ટિક હોમ ઇન ધી વેદાઝ**' નામના ગ્રન્થમાં સાબીત કર્યું છે, અને લેખનકાળ તે પછીનો છે, માટે તીલકની તે મીમાંસા ભૂલભરેલી ઠરશે કે શું ?"

ઘણી આશ્ચર્યની વાત છે કે–મિ. પાંગલે પોતાના હાથેજ પોતાના પ્રશ્નનો જવાબ આપે છે, છતાં પણ તેઓ અવળુંજ દેખે છે.

મિ. તિલકની તે મીમાંસાને કોઇપણ બુદ્ધિમાન ભૂલ-ભરેલી કહી શકશે નહિં. કેમકે તેઓ તો પહેલાં વેદોની સ્થિતિ સિદ્ધ કરે છે અને ત્હાર બાદ લેખનકાળ બતાવે છે. પરન્તુ અમારા દિગમ્બર ભાઇઓ એતો સિદ્ધ કરતાજ નથી કે 'અમારા ગ્રન્થો મોજૂદ હતા અને પાછળથી લખાણા' અને મ્હારો પ્રશ્ન પણ તેજ છે કે–પહેલાં ત્હમારા અંગોના મૂળ ભાગોની વિદ્યમાનતા સિદ્ધ કરો અને પછીથી ત્હેનો લેખનકાળ બતાવો. અને જ્યહાં સુધી ત્હેની વિદ્યમાનતા સિદ્ધ ન કરો, ત્હાં સુધી **લેખનકાળની** તતુડી કોઇ સાંભળે તેમ નથી. લેખનકાળ આજથી આઠ દિવસ પહેલાંનોજ કેમ ન હોય ? લેખનકાળની સાથે અમારે કંઇ સંબંધજ નથી. ત્હેની પ્રાચીનતા સિદ્ધ કરવાની જરૂરત છે. અને પ્રાચીનતા તો સિદ્ધ ત્હારેજ થઇ શકે કે, જ્હારે દિગમ્બર ગ્રન્થોમાં ગણધરાદિ મુનિઓએ બનાવેલા અંગ, પ્રકરણ, અધ્યાય કે વસ્તુમાંથી કંઈ પણ સમ્પૂર્ણ કે અંશમાં પણ બતાવી શકશો. અન્યથા તો તમારૂં રૂદન 'અરણ્યરૂદન' સમાનજ નિવડચું છે, અને નિવડશે.

આગળ ચાલતાં પત્ર ૨૩ માં ડૉ. હર્મન જેકોબી મહાશયનો એક ફકરો અને ત્હેનો અર્થ ટાંકયો છે, પરન્તુ તેથી તેઓ શું કહેવા માંગે છે, એજ સમજવું કઠીણતા જેવું થઇ

પડયું છે, કેમકે જેકોબીની તે વાતને તો શ્વેતામ્બરો પણ માને છે. તે ફકરો આ છેઃ—

In olden times the books were not used, it being the custom of the Brahmins to rely rather on the memory than on the manuscripts and in this they were followed by the Jains and Buddhists.

અર્થઃ—અસલના વખતમાં પુસ્તકોનો ઉપયોગ થતો ન્હોતો, પુસ્તકના કરતાં સ્મરણ શક્તિ ઉપર આધાર રાખવાનું બ્રાહ્મણો વધારે પસંદ કરતા અને તે રિવાજને અનુસરી જૈનો અને બૌદ્ધ લોકો ચાલતા."

આ વાતને કોણ અસ્વીકાર કરે છે ? યદિ તત્ત્વદૃષ્ટિથી જોઇએ તો જહેવા શ્વેતામ્બર જૈનો આ નિયમને વધારે વળગી રહ્યા છે, ત્હેવા બીજા કોઇ વળગી રહ્યા નથી. સ્મરણ શક્તિથીજ પહેલાં તો આચાર્યોએ કામ ચલાવ્યું, પરન્તુ જ્યહારે સ્મરણ શક્તિ કમ થઇ, ત્યહારે ગ્રન્થો લખાયા, આ વાતને શ્વેતામ્બરો પણ સ્વીકારે છે. તો પછી ઉપરનો ફકરો અને ત્હેનો અર્થ ટાંકીને પાંગલે મહાશયે શી બહાદુરી બતાવી ?

વળી આગળ તેઓ લખે છે કે—"દુકાળના વખતમાં જહે સાધુએ મહાવીરની **દિગમ્બર પરિપાટી** વિરૂદ્ધ શ્વેત વસ્ત્ર ધારણ કરી, ત્હેમનો મહાવીરની નગ્ન **પરિપાટી**માં અને

આજ્ઞામાં ફેરફાર કરનારો, નવો અને કલ્પિતભાગ આચારાંગાદિ ગ્રન્થમાં સમાવેશ કરવાનો ઉદ્દેશ હોવો જોઇએ. ”

બિલકુલ અસત્ય વાત છે. પહેલાં તો ‘મહાવીરની દિગમ્બર પરિપાટી’ ‘નગ્ન પરિપાટી’ કથનજ સત્ય વાતનું ખૂન કરે છે. કેમકે મહાવીરની દિગમ્બર પારપાટી હતીજ નહિં, અને તે સંબંધી તો આ લેખની અંદર પહેલાંજ ઘણું એક લખવામાં આવ્યું છે. ત્હેવીજ રીતે દુકાળના વખતમાં શ્વેત વસ્ત્ર ધારણ કર્યાનું, મહાવીરની નગ્ન પરિપાટીમાં અને આજ્ઞામાં ફેરફાર કર્યાનું, તેમજ નવીન અને કલ્પિત ભાગ આચારાંગાદિ ગ્રન્થમાં સમાવેશ કર્યાનું, આ બધું કથન ખોટું છે. કેમકે શ્વેતામ્બરો એ પ્રમાણે માનતાજ નથી. અને આ બધી વાતનો ખુલાસો એજ ઉપરથી આવી જાય છે કે–‘દુષ્કાળના વખતમાં શ્વેતામ્બર મત નિકળ્યો નથી,’ આ વાતને પ્રથમજ સિદ્ધ કરી આપી છે.

વળી તેઓ લખે છેઃ—“ જો તેમ ન હોત તો દેશાન્તર ગએલા નગ્ન સાધુ અને દુકાળના વખતમાં શ્વેતામ્બર વસ્ત્ર ધારણ કરેલા સાધુઓ મળી અંગાદિ શાસ્ત્રો લખવાં જોઇતાં હતાં, અને જૈનોમાં તે વખતે પડેલા દિગમ્બર અને શ્વેતામ્બર મત ભેદ થવા જોઇતા ન્હોતા. ”

થવા શું જોઇતા ન્હોતા, તે વખતે શ્વેતાંમ્બર દિગમ્બર એવા બે ભેદ, થયાજ ન્હોતા. અને જેઓને ત્હમે **દેશાન્તર**

ગએલા નગ્ન સાધુ ગણો છો, તેઓ નગ્ન હતાજ નહિં. બેશક, ત્હમે શ્વેતામ્બરોની જહે ઉત્પત્તિ આપી છે, તે ઉપરથી એમ કહી શકો છો, પરન્તુ તે ત્હમારી બતાવેલી ઉત્પત્તિજ કપોલ કલ્પિત છે, એ વાતની સિદ્ધિ પહેલાં કરી બતાવી છે, તો પછી વિશેષ લખવું શા કામનું ?

મિ. પાંગલે મહાશયે એક સ્થળે ડૉ. જેકોબી મહાશયનો એક ફકરો આપી એમ સિદ્ધ કરવા કોશિશ કરી છે કે—"શ્વેતામ્બરોના ગ્રન્થોની રચના ગણધરાદિથી નથી થએલી, પરન્તુ દુષ્કાલના વખતમાં જેઓએ શ્વેતામ્બર મતની ઉત્પત્તિ કરી, તેઓથી થએલી છે, અને તે પણ ભદ્રબાહુની મદદ વગર."

પાંગલે આ પ્રમાણે અર્થ કાઢવામાં મ્હોટી ભૂલ કરે છે કેમકે ડા૦ જેકોબીનો ફકરો તો સાફ સાફ કહે છે કેઃ—

'તે સમયમાં ગ્રન્થો એકઠા કર્યા,' જ્યહારે ત્હેને પાંગલે મહાશય **ગ્રન્થો રચાયા** એમ કહે છે, આ તેઓની અજ્ઞાનતા નહિં, તો બીજુ શું કહી શકાય ? બેશક, જેકોબી મહાશયનું આ કહેવું ખરૂં છે કે—'અગીઆર અંગો (Collected) ગોઠવવામાં–સંગ્રહ કરવામાં ભદ્રબાહુ શામીલ ન્હોતા,' (તે સમયે તેઓ નેપાળમાં હતા), પરન્તુ તેથી એમ તો કદાપિ સિદ્ધ થઇ શકતું નથી કે અગિઆર અંગોનો સંગ્રહ કરવામાં તેઓ વિરૂદ્ધ હતા. જો તેઓ વિરૂદ્ધજ હોય તો, શ્રી સંઘની આજ્ઞાથી સ્થુલિભદ્રાદિ તીક્ષ્ણ બુદ્ધિવાળા પાંચસો સાધુઓ ભદ્ર-

બાહુ પાસે ચૌદ પૂર્વ શિખવા માટે શામાટે જતે ? શામાટે તેઓ ભણાવતે ? અને સ્થૂલભદ્ર સ્વામિને બે વસ્તુ ન્યૂન દશ-પૂર્વ પાઠાર્થ શામાટે શિખવાડતે ?

વળી આ ફકરાની અંદર એ પણ બતાવવામાં આવ્યું છે કે—" ભદ્રબાહુને દિગમ્બરો પોતાના હેડ તરીકે માને છે, અને ત્હેવીજ રીતે શ્વેતામ્બરો પણ માને છે, તો પણ સ્થ-વિરની પરિપાટીમાં સંભૂતિવિજયને પ્રથમ માને છે."

જેકોબી મહાશય, સંભૂતિવિજયને પ્રથમ માનવાનું કા-રણ, અવશ્ય સમજ્યા હશે, તોપણ મ્હારે કહેવું જોઇએ કે સંભૂતિવિજય અને ભદ્રબાહુ બન્ને એક પાટ ઉપર થએલા છે. ત્હેમાં મ્હોટા સંભૂતિવિજયને પટ્ટધર ગણવામાં આવતા, જ્યહારે ભદ્રબાહુ ગચ્છની સાર સંભાળ રાખતા હતા. જ્યહારે આમજ હતું તો પછી સંભૂતિવિજયને પ્રધાન માનવામાં આવે, ત્હેમાં વાંધો શો છે ?

મિ. પાંગલે મહાશય, ડૉ. જેકોબી મહાશયના ફકરા ઉપરથી સારાંશ કાઢે છે કે—" ગણધરોએ શ્વેતામ્બરમતના ગ્રંથની રચના કરી, તે વિદ્યાવિજયજીનું કહેવું ખોટું છે, તેમજ પાટલીપુત્રમાં એકઠા થએલા જૈનસંઘે શ્વેતામ્બર મતના સિદ્ધા-ન્ત તૈયાર કરેલા, તે આખા જૈન ધર્મના સિદ્ધાન્ત નથી.'

શું આ સારાંશ તેઓએ સાચો કાઢયો છે ? ' પટણામાં એકઠા થએલા સંઘે અંગોનો સંગ્રહ કર્યો' તો તેથી ગણધરોની

બનાવટમાં શો વિરોધ આવ્યો ? વળી ' આખા જૈન ધર્મના સિદ્ધાન્ત નથી ' એ તો ઠીકજ છે. કેમકે જ્યહારથી અભિમાની, અવિનીત શિવભૂતિથી એક અલગજ નાગા મતે પોતાની અઢી ચાવલની ખીચડી પકાવવી શરૂ કરી, ત્યહારથી તે ગણધરાદિ રચિત ગ્રન્થો તેઓ માન્ય નથી રાખતા, પરન્તુ તેથી પહેલાં તો તે સિદ્ધાન્તો સમસ્ત જૈનોને માન્યજ હતા, એમાંતો કંઇ શકજ નથી.

ભદ્રબાહુના સંબંધમાં દિગમ્બરો ઘણી વખત ભૂલથાપ ખાઇ જાય છે—કંઇના બદલે કંઈ ભરડી મારે છે, ત્હેમાં એક કારણ છે. જ્હેમ પ્રસિદ્ધ ગૌતમ ત્રણ થયા છે. એક ગૌતમ બુદ્ધ (જ્હેનો બૌદ્ધ ધર્મ ચાલે છે), બીજા ગૌતમસ્વામી (મહાવીર દેવના પ્રધાન શિષ્ય) અને ત્રીજા ગૌતમ ઋષિ (જ્હેમણે ન્યાયશાસ્ત્રની રચના કરી). આ ત્રણ ગૌતમ પ્રસિદ્ધ હોવાથી, વિશેષ અનુભવથી દૂર રહેલા લોકો, એકના બદલે બીજાને ગણી નાખે છે, ત્હેવીજ રીતે ભદ્રબાહુના સંબન્ધમાં પણ અજ્ઞાન દિગમ્બરીઓ ભૂલથાપ ખાય છે.

મ્હારે આ પ્રસંગે એ વાતને સ્ફુટ કરી બતાવવી જોઇએ કે—'દિગમ્બરો, શ્વેતાંબરોની ઉત્પત્તિ કલ્પિત ઉભી કરવા જતાં, પોતેજ પોતાનું પોકળ પ્રકાશ કરી ગયા છે. આતો '**लेने गई पूत, तो खो आई खसम** ' જ્હેવું દિગમ્બરોને થયું છે, તે વાતનું હમણાંજ હું સ્પષ્ટિકરણ કરી બતાવું છું.

પ્રથમ તો દિગમ્બરો, જ્હે બીજા ભદ્રબાહુને માને છે,

ત્હેમના સમયનોજ તે લોકો હજુ નિશ્ચય કરી શકયા નથી. જુઓઃ–

(૧) વામદેવ, પોતાની 'ભાવસંગ્રહની ટીકા'માં લખે છે કે–વિ. સં. ૧૩૬ માં જીનચંદ્રદ્વારા શ્વેતામ્બરોની ઉત્પત્તિ થઇ, આ વખતે ભદ્રબાહુ હતા. (આ સંવતને વીર સં. ૬૦૬ ગણવામાં આવે છે.)

(૨) મૂલસંઘની બલાત્કારગણની પટ્ટાવલીમાં લખ્યું છે કેઃ–વીર નિર્વાણથી ૪૯૮ વર્ષમાં ભદ્રબાહુ પટ્ટસ્થ થયા.

(૩) 'સર્વાર્થસિદ્ધિ'ની ભાષા ટીકામાં, વીરનિર્વાણથી ૬૪૩ વર્ષમાં ભદ્રબાહુ થયા, એમ લખ્યું છે.

(૪) સરસ્વતીગચ્છની પટ્ટાવલીમાં વીરનિર્વાણથી ૫૧૫ વર્ષે દેવલોક પામ્યા, એમ લખ્યું છે. (૪૯૨ માં પાટપર બેઠયા.)

હવે આ ચારે અભિપ્રાયો–લેખો, વાંચકો ધ્યાન પૂર્વક વાંચશે તો માલૂમ પડશે કે, એક બીજાથી ભિન્ન ભિન્ન સંવત બતાવી રહ્યા છે. આ ઉપરથી આપણે જોઇ શકયા કે–દિગમ્બરોનું, 'બીજા ભદ્રબાહુના વખતમાં શ્વેતામ્બરોની ઉત્પત્તિનું માનવું' કપોલ કલ્પિત અને પાયા વિનાના પુલ જેવું છે.

ત્હેવીજ રીતે તેઓ પ્રથમ ભદ્રબાહુના વખતમાં શ્વેતામ્બરોની ઉત્પતિ થઇ, એમ પણ કહેવાને સમર્થ થઇ શકે તેમ નથી. કેમકે—

પહેલા ભદ્રબાહુ વીર નિર્વાણથી ૧૬૨ વર્ષે સ્વર્ગવાસી થયા, એવું તેઓના 'વિક્રમ પ્રબન્ધ' આદિમાં લખ્યું છે, જ્યારે

'વિ. સં. ૧૩૬માં શ્વેતામ્બરોની ઉત્પત્તિ થઇ ' આ પ્રમાણે તો દિગમ્બરો ઠેકાણે ઠેકાણે લખતા આવ્યા છે, તો પછી આ ' મિયાં મહાદેવનું જોડું ' કેવી રીતે મેળવી શકવાના હતા ? અત એવ આ પરામર્શ ઉપરથી એમ ચોક્કસ થઇ આવે છે કે શ્વેતામ્બરોની ઉત્પત્તિના સંબંધમાં ઐતિહાસિક દૃષ્ટિથી દિગમ્બરો કોઇપણ રીતે સાચા ઠરતા નથી.

હવે ' ભદ્રબાહુ ચરિત્ર ' વિગેરે ઉપરથી માલૂમ પડે છે કે–દિગમ્બરોએ પહેલા ભદ્રબાહુ (જેઓ શ્રુતકેવલી હતા) ની ચન્દ્રગુપ્ત સંબન્ધી કથા, તથા બીજી કેટલીક બાબતો, બીજા ભદ્રબાહુમાં ઘુસાડી દીધી છે. આવું ગડબડાધ્યયન થવામાં કેટલાંક કારણો છે.

(૧) શ્વેતામ્બરોએ માનેલી દિગમ્બરોની ઉત્પત્તિનો સમય, અને દિગમ્બરોએ માનેલી શ્વેતામ્બરોની ઉત્પત્તિનો સમય એકજ મળતો આવે છે. એટલે કે:—

બીજા ભદ્રબાહુ, વજ્રસેનસૂરિના વખતમાં થયા છે, એમ ' સર્વાર્થસિદ્ધિ ' ની ભાષા ટીકાને અનુસારે પણ સિદ્ધ થાય છે. કેમકે વજ્રસેનસૂરિનો જહે સમય છે, તેજ સમયની લગભગમાં ભદ્રબાહુ થયાનું લખ્યું છે.* હવે આ સમયની દરમિયાન, શ્વેતામ્બરો શિવભૂતિથી દિગમ્બરોની ઉત્પત્તિ માને છે.

---

* આ વાતને પુષ્ટ કરનાર '**जैनहितैषी**' ના ૯મા અંકનું ૫૩૩–૫૩૪ પૃષ્ઠ જુઓ. ત્હેની અંદર લખ્યું છે કે:—

" **दूसरे भद्रबाहु आचारांगके ज्ञाता थे। शायद अष्टाङ्ग**

(૨) આ વખતમાં પણ બાર વર્ષનો દુકાળ પડ્યો હતો.

(૩) પહેલા ભદ્રબાહુ બ્રાહ્મણ હતા, તેવીજ રીતે આ બીજા ભદ્રબાહુ પણ બ્રાહ્મણ હતા

(૪) પહેલા ભદ્રબાહુ દુકાળના સમયમાં મગધ દેશમાંથી નેપાળમાં ગયા હતા, જ્યહારે બીજા ભદ્રબાહુ ઉજ્જૈનથી કર્ણાટકમાં ગયા હતા.

(૫) પહેલા ભદ્રબાહુની ઉમ્મર ૭૬ વર્ષની હતી, જ્યહારે બીજા ભદ્રબાહુની પણ તેટલીજ દિગમ્બરો માને છે. બસ! આવાંજ કેટલાંક કારણોથી એકની કથા બીજામાં ઘુસાડી દીધી છે. આજ અભિપ્રાયને ડૉ. ગેરિનૉટ પણ પુષ્ટ કરે છે કે—બીજા ભદ્રબાહુ ઉજ્જૈનથી કર્ણાટકમાં ગયા હતા, નહિં કે પહેલા.

ડૉ. ગેરિનૉટનો અંગ્રેજી ફકરો હું અહિં રજુ કરૂં તે પહેલાં મ્હારે કહેવું જોઇએ કે—જો કે હું પહેલાંજ બતાવી ગયો છું કે, શ્વેતામ્બરોની ઉત્પત્તિ હજુ દિગમ્બરોજ નિર્ણય કરી શક્યા નથી અને તે વાતને પુષ્ટ કરનાર વાત, શ્રીજૈनसिद्धान्तभास्कर' ની બીજી–ત્રીજી કીરણ વાંચતાં મળી આવી છે. ઉક્ત કિરણના

निमित्तज्ञ भी यही कहलाते थे। आचाराङ्गके ज्ञाता चार आचार्योंमें ये तीसरे थे। वीर भगवानके ६८३ वर्ष पीछे तक अंगज्ञानकी प्रवृत्ति रही है। और ये चारों आचार्य ११८ वर्ष के भीतर हुए हैं। इस लिए वीर नि० संवत ६५० के लगभग दूसरे भद्रबाहुका समय निश्चित होता है।"

૧૪૪મા પૃષ્ઠમાં, ' **विद्वद्रत्नमाला** ' ની સમાલોચના કરતાં સમ્પાદક મહાશય લખે છે કેઃ—

" एक जगह और आपने लिखा है कि–विक्रमके १३६ वर्ष पीछे श्वेताम्बर सम्प्रदाय अलग हुआ है। किन्तु यह बात एकदम निर्मूल मालूम होती है। क्योंकि यह बात सर्व मान्य तथा सर्व प्रसिद्ध है कि भद्रबाहुस्वामी के समयमें दिगम्बर सम्प्रदायसे श्वेताम्बर सम्प्रदाय अलग हुआ है "।

પ્રિય પાઠક ! ત્હમે જોઇ શક્યા હશો કે, હજુ દિગમ્બર ભાઇઓ પોતેજ નિશ્ચય રૂપેણ કંઇ નથી કહી શકતા કે–શ્વેતામ્બરોની ઉત્પત્તિ ક્ય્હારે થઇ ? હું મ્હારા મનમાં એમ સમજતો હતો કે વિક્રમ સંવત્ ૧૩૬ની સાલને તો બધા સ્વીકાર કરતા હશે, પરન્તુ નહિ, તેમાં પણ મ્હોટો વિવાદ છે, એમ દિગમ્બર સમ્પ્રદાયમાં અવ્વલ નંબરે નિકળતા ત્રૈમાસિક ઉપરથી માલૂમ પડ્યું. ઉપર્યુક્ત ફકરો લખનાર મહાશયનું એમ કહેવું છે કે–વિ. સં.–૧૩૬માં નહિ, પરંન્તુ પહેલા ભદ્રબાહુના વખતથી શ્વેતામ્બર સમ્પ્રદાય નિકળેલ છે, પરન્તુ જ્હેવી રીતે બીજા ભદ્રબાહુની કલ્પના તેઓની ખોટી ઠરાવી બતાવી, ત્હેવી રીતે પ્રથમ ભદ્રબાહુના વખતની પણ તેઓથી કલ્પના થઇ શકે તેમ નથી, એ વાત પણ હું બતાવી ચૂકયો છું. ત્હેવીજ રીતે દિગમ્બરો, કયા ભદ્રબાહુના વખતમાં શ્વેતામ્બરોની

ઉત્પત્તિ થઇ તે પણ હજુ નિશ્ચય કરી શકયા નથી.§

હવે ઉપર હું ડૉ૦ ગેરિનૉટનો અંગ્રેજી ફકરો આપવાની પ્રતિજ્ઞા કરી ગયો છું, તે અનુસાર ડૉ. ગેરિનૉટ, કે જેઓ ડૉ. જેકોબી મહાશયના જુના શિષ્ય થાય છે, તેઓના એક લેખનો ફકરો આપુંછું, તે ઉપરથી વાંચકોને ખાતરી થશે કે-ભદ્રબાહુના સંબંધમાં દિગમ્બરો કેટલી મ્હોટી ભૂલો કરતા આવ્યા છે:—

A Skotch of the jaina Literature in tamil language by Dr. A. Guerinot. Paris, માં લખે છે કે:—

This migration is a historical fact. The Pontiff Bhadrabahu, who foresaid the Twelve years

---

§ આ વાતની સાક્ષીમાં જુઓ દિગમ્બરોનાં પ્રધાન માસિકપત્ર '**जैनहितैषी**' ના નવમા ભાગનો નવમો અંક. ત્હેની અંદર પૃષ્ટ ૫૨૮ માં ખુદ સમ્પાદક મહાશય લખે છે કે:—

"इसविषयमें मेरा वक्तव्य केवल इतनाही है कि पहले आप भद्रबाहुका समय निश्चय कर लीजीये, तब देवसेनसूरि के समयको निर्मूल बतलाईए। आपके भद्रबाहुओंका तो कुछ ठिकाना ही नही है। कभी आप चन्द्रगुप्त के समकालीन भद्रबाहुको श्रुतकेवली बतलाते हैं। कहीं अष्टाङ्ग निमितज्ञ बतलाते हैं और कहीं कुछ और ही......विगेरे विगेरे.

famine at Ujjayini and led the jains to Southern India was not the Shrutakevalin of that name but Bhadrabahu II, the Minor Angin who became Pontiff in B. C. 53 or 61 according to the "Digambara Pattavalis"

અર્થાત્:—આ વાત ઐતિહાસિક છે કે, આચાર્ય ભદ્રબાહુએ, એ પ્રમાણે ભવિષ્ય વર્ણન કર્યું હતું કે 'ઉજ્જૈનીમાં બાર વર્ષનો દુકાલ પડશે.' અને તેટલા માટે ત્હેમણે જૈનીઓને પોતાની સાથે દક્ષિણ હિન્દુસ્થાનમાં દેશાટણ કરાવ્યું. આ આચાર્ય શ્રુતકેવલી ન્હોતા, પરન્તુ બીજા ભદ્રબાહુ હતા; કે જેઓ થોડા અંગોને જાણવાવાળા હતા અને દિગમ્બર પટ્ટાવલીઓના આધારે ઇ૦ સ૦ પૂર્વે ૫૩ યા ૬૧ માં આચાર્યપદે આવ્યા હતા.

આ બધી વાતો ઉપરથી વાંચકો સારી પેઠે સમજી શક્યા હશે કે–.મહાવીરદેવની પ્રાચીન પરંપરા ધારણ કરી ચાલનારા શ્વેતામ્બરો છે, જ્યહારે નવીન–અર્વાચીન કલ્પિત પંથ પ્રમાણે ચાલનારા દિગમ્બરભાઇઓ છે.

હવે મ્હેં મ્હારા પૂર્વના લેખમાં, ડૉ. ભાંડારકરના " मेरी समझमें दिगम्बर सम्प्रदाय मूलका और श्वेताम्बर पंथ पीछेका है" આ વાક્યનું ખંડન કર્યું છે, ત્હેને મિ. પાંગલે મહાશય ' જૈનમુનિને અયોગ્ય એવું મેણું ' કહી બતાવે છે. કહો, આ તેઓનો કેવો અંધ પક્ષપાત કહેવાય ? પરન્તુ ઠીક છે.

તેઓના સ્વાર્થમાં લગાર ધક્કો પહોંચતો હોવાથી તેઓને તેમ પ્રતિભાસ થયું લાગે છે, અસ્તુ ! ત્હેને માટે આપણે શો ઉપાય કરી શકીશું ?

ડૉ૦ ભાંડારકરના વિચારના ખંડનમાં મ્હેં મથુરાના શિલા લેખોનો ઉલ્લેખ કરી બતાવ્યો છે અને તેજ વાતને માન્ય રાખી મિ. પાંગલેજી કહે છે કેઃ—"તે શિલાલેખોમાં, જૈનના પ્રથમ તીર્થંકરનું રૂષભનાથ નામ છે" તે વાતને કોણ ના મંજૂર કરે છે ? શું શ્વેતામ્બરો ઋષભનાથ કે ઋષભદેવ એ નામ નામંજૂર કરે છે ? જ્યહારે તેઓ મંજૂર કરે છે, તો પછી આ વાત બતાવવાનું શું પ્રયોજન ?

પિષ્ટપેષણ કરવું, એ તો મિ. પાંગલે મહાશય પોતાનો પરમ ધર્મજ સમજી બેઠા છે. તેઓના નાનકડા ટ્રેકટમાં એવી ઘણી વાતો આપણે દેખી શકીએ છીએ કે, જહેનાં એક બે વાર તો શું ? અનેકવાર દર્શન થયા વિના રહેતાં નથી. પરન્તુ ઠીક છે, મિ. પાંગલેને જ્યહારે બીજું કોઇ પ્રબળ પ્રમાણ મળે ત્યહારે તેઓ પોતાની પકડેલી વાતનું પૂછડું છોડે ને ? ખેર ગમે તેમ હોય, મ્હારે તો મ્હારા ઉદ્દેશ ઉપરજ રહેવું જોઇએ.

શ્રીમાન્ લખે છે કેઃ—" ઋષભનાથ **નગ્ન** દિગમ્બર હતા, એ વાત ભાગવતમાં પ્રખ્યાત છે, તેમજ મહાવીર પણ **નગ્ન** હતા, એ વાત શ્વેતામ્બરોના કલ્પસૂત્રમાં પણ છાની રાખી **નથી.** "

આજ તેઓની અજ્ઞાનતાનો જવાબ હું મ્હારા પહેલાંના લેખમાં અને આ લેખમાં પણ આપી ગયો છું કે:–' દરેક તીર્થંકરો એક દેવદુષ્ય વસ્ત્ર સાથે ચારિત્ર અંગીકાર કરે છે અને કલ્પસૂત્રમાં વર્ણિત મહાવીરદેવે એક વર્ષ ઉપરાન્ત દેવદુષ્યવસ્ત્ર રાખ્યું હતું. અને ત્યહાર બાદની સ્થિતિ લેવા જતા હો તો, તે અનુચિત છે, કેમકે તીર્થંકરો તો કલ્પાતીત છે, તેઓનું ઉદાહરણ આપણાથી લેઇ શકાય નહિં. એવું કોણ નથી જાણતું કે મહાવીર દેવનો અતિશયજ એવો હતો કે તેઓને નગ્નાવસ્થામાં કોઇ દેખીજ શકતું નહોતું ? દિગમ્બર ભાઇઓ નગ્ન રહેવામાં મહાવીર દેવનું અનુકરણ કરે છે, તો પછી તેઓના બીજા આચાર–વિચારમાં શામાટે અનુકરણ કરતા નથી ? હું દાવા સાથે એ વાત જાહેર કરૂં છું કે–યદિ પાંગલે મહાશય દીક્ષા લે, દેવદુષ્ય વસ્ત્ર તેઓને દેવતા અર્પણ કરે, ત્યહાર બાદ તેઓ વસ્ત્રનો ત્યાગ કરીને વિચરે અને લોકો જો તેઓને માના પેટમાંથી નિકળ્યા, તેવા ન દેખે તો વિદ્યાવિજય અત્યહારે દિગમ્બર મત સ્વીકાર કરવાને તૈયાર છે. શું પાંગલે મહાશય, હજુ સુધી પણ એ વાતથી અજ્ઞાત છે કે–' જીવોની હદ–હદમાં અથવા બીજા શબ્દોમાં કહું તો પુણ્ય પ્રકૃતિમાં એક બીજાથી ઘણુંજ અંતર રહેલું હોય છે ? ' યદિ તેઓ આ વાતથી અજ્ઞાતજ હોય, તો ખરેખર સખેદ આશ્ચર્યની વાત છે.

એક સ્થળે મિ. પાંગલે કહે છે:—" દુષ્કાળના વખતમાં જેઓ નગ્ન ન રહી શકયા, તેઓએ વસ્ત્ર પહેરવાં શરૂ કર્યાં."

ભલા ! જ્હેનાગા મુનિઓ ત્હેવા દુષ્કાળના વખતમાં નગ્ન-પણે વિચરવાને સમર્થ થયા હતા, તો આવા સુકાળના વખતમાં શામાટે દિગમ્બર સાધુઓ નગ્ન પણે વિચારતા નથી ? શું લોકો ધોકા મારે છે ? પરન્તુ નહિ, પાંગલેનું આ માનવુંજ ભયંકર ભૂલ ભરેલું છે કે–દુષ્કાળના વખતમાં પતિત થઈ વસ્ત્રાદિ ગ્રહણ કરવા લાગ્યા.

ભાગવતનો જે પોકાર મિ. પાંગલે મહાશયે ઉઠાવ્યો છે, ત્હેનો પણ જવાબ હું બખૂબી રીતે પ્રથમજ આપી ગયો છું. 'मेरी समझमें दिगम्बर जैन सम्प्रदाय मूलका' આ પ્રમાણેના ડૉ. ભાંડારકરના કથન ઉપર મ્હને ગુસ્સો નથી થયો, પરન્તુ વાસ્તવિક રીતે તેઓના મન્તવ્યનો તફાવત સપ્રમાણ સમજાવ્યો છે. તે છતાં ત્હેને 'ગુસ્સો' વિગેરે લખી અવળા રસ્તે ચીતરી મારે છે, ત્હેને માટે શ્રીમાનના ઉપર 'ભાવદયા' લાવવા સિ-વાય બીજો હું શો વિચાર કરી શકું ?

હું આ ટ્રેક્ટના પ્રારંભમાંજ એ વાત બતાવી ચૂક્યો છું કે કોઇ પણ મતની પ્રાચીનતા સિદ્ધ કરવાને માટે ઐતિહાસિક વિષયો–પ્રાચીન શિલાલેખો કે ત્હેવાજ પ્રાચીન પુરાવાઓ વધારે પ્રમાણભૂત લેખી શકાય છે. તે અનુસાર મ્હેં મ્હારા પ્રથમના લેખમાં કેટલાક ઐતિહાસિક પુરાવા સાથ એક એ પણ જબર દસ્ત પ્રમાણ આપ્યું હતું કેઃ—

"શ્વેતામ્બરોના માનવા પ્રમાણે હરિણેગમેષી દેવે મહાવીર

દેવનો ગર્ભાપહાર કરેલો છે અને ત્હેના યથાસ્થિત સ્વરૂપને બતાવનાર પ્રાચીન શિલાલેખોમાં એક સુંદર ચિત્ર મળી આવે છે. પાશ્ચાત્ય વિદ્વાનોએ, આ ચિત્ર ઉપર કોતરેલા વર્ણો ઉપરથી એમ સિદ્ધ કર્યું છે કે–ઇ૦ સ૦ ની શરૂઆતનો અથવા તો તેથી પણ વધારે પ્રાચીન સમયનો તે લેખ છે જુઓઃ–
' The jain stupa by. V, A, Smeth પાને ૨૫ મે chapter 6th Plate XVIII. ની અંદર."

આવા એક જબરદસ્ત પ્રમાણને પણ તેઓ કલ્પના રૂપેજ બતાવે છે. જ્હારે ત્હેમનાથી એમ કહી શકાય તેમ ન રહ્યું કે–જે 'આ શિલાલેખજ ખોટો છે,' ત્હારે ત્હેમણે ડૉ. જેકોબીના શબ્દમાં એ બચાવ કર્યો કેઃ—"આ ગર્ભહરણની કથા, જન્મતાંજ કૃષ્ણને દેવકી પાસેથી ઉંચકી ગુપ્તપણે રોહીણિ પાસે લાવી મુકયા, આ કથા ઉપરથી જૈનોએ લીધી છે."

હવે યદિ તત્ત્વ દૃષ્ટિથી વિચાર કરીએ તો ડૉ. જેકોબી મહાશયે આ વાતમાં તો ' લોકોને અવળે રસ્તે દોર્યા છે ' એમ કહેવામાં લગાર પણ અતિશયોક્તિ નથી. જેકોબી મહાશયનું આ પ્રમાણે નિશ્ચય રૂપણ શું ? અનુમાનદ્વારા પણ કહેવું બિલકુલ અસત્ય પ્રતિપાદિતજ લેખી શકાય. ધારો કે આજથી સેંકડો વર્ષ ઉપર, કોઈ માણસ કંઇ કાર્ય કરી ગયો હોય, અને ત્હેવાજ કાર્યનો કોઈ અંશ, આજકાલ કરતા કોઇ મનુષ્યના કાર્યને મળતો આવતો હોય, તો તેથી આ માણસે ત્હેનું અનુકરણ કર્યું છે, એમ કહેવું શું સત્ય વાતનું ખૂન

નથી કરતું ? એક ધર્મનાં મન્તવ્યો બીજા કોઇ ધર્મના મન્તવ્યોની સાથે કોઇ અંશમાં મળતાં હોય, તો તેથી શું એમ કહી શકાય કે-આ ધર્મ તો અમુક ધર્મની શાખા છે ? અથવા આ ધર્મે અમુક ધર્મનું અનુકરણ કરેલું છે ? કદાપિ નહિં. યદિ આ સિદ્ધાન્ત સર્વમાન્ય હોય તો મ્હને કહેવા દ્યો કે-"કેટલાક વેદના અનુયાયિઓ એમ માને છે કે **વેદ અપૌરૂષેય** છે, અને ત્હેવીજ રીતે દિગમ્બરો પણ માને છે કે તીર્થંકરોની **વાણી નિરક્ષરી છે**" ત્યહારે આ ઉપરથી હું એમ કેમ ન કહી શકું કે દિગમ્બરોએ આ પોતાનો સિદ્ધાન્ત, તે વેદાનુયાયીઓ ઉપરથી ઉભો કર્યો છે ? મ્હને આશા છે કે ડૉ. જેકોબી મહાશય આ મ્હારા કથનને અક્ષરશઃ મળતા થશે.

પરન્તુ નહિં, એ કોઇ વાત નથી. અમુક વાત બીજાની સાથે કોઇ અંશે મળતી આવી, તેથી ત્હેણે તેના ઉપરથી જોડી કાઢી છે, એ સિદ્ધાન્ત ઠીકજ હોય તો દુનિયાનો વ્યવહારજ બિલકુલ હવા વિનાની ધમણ જેવો સંકુચિત થઇ જાય. એવું સેંકડો વખત આપણે અનુભવીએ છીએ કે એક માણસની પાસે જ્હે વિચારો સાંભળ્યા હોય છે, તેજ વિચારો કાળાન્તરે કે તત્કાળ બીજાની પાસે પણ સાંભળીએ છીએ તો તેથી તે બન્નેએ એક બીજાનું અનુકરણ કર્યું છે, એમ કહી શકાયજ નહિં.

ડૉ. ભાંડારકર મહાશયે, મિ. પાંગલે મહાશયને આપેલા મૂર્તિઓ સંબંધીના જવાબમાં મ્હેં એમ લખ્યું કે-"વર્તમાન

સમયમાં જૈન મૂર્તિઓ નગ્ન હોય છે” આવો જહે પવન ફૂ-કાયેલો છે, તે અનુસાર ડૉ. સાહેબે તેમ કહી દીધું હોય તો ના નહિ,” તો ત્હેમાં ઉતારી પાડવાનું શું કહી શકાય? ડૉ. ભાંડારકરની આટલી યોગ્યતા શું? તેથી પણ અધિક યોગ્યતા હોય અને કદાચ આ વિષયમાં તેઓએ અધિક તપાસ ન કરી હોય, તો તેઓ કોઇ સમયે ભૂલથાપ ખાઈ જાય, ત્હેમાં શું આશ્ચર્ય? શું સંસ્કૃતના પ્રોફેસર થયા કે અંગ્રેજીમાં એમ. એ. થયા, એટલે દુનિયાભરની વાતો તેઓના જાણવામાં આવી ગઈ? નહિં, જહેનો જહે વિષય હોય, તે ત્હેમાંજ સમ્પૂર્ણતયા કામ બજાવી શકે. અસ્તુ! હવે મુખ્ય મુદ્દા ઉપર આવીએ.

આગળ ચાલતાં મિ. પાંગલે લખે છે કે:—“ કર્ણાટક તરફ દુકાળના વખતમાં જૈન સાધુ ઇ. સ. પૂર્વે ૪ સૈકામાં ગયા” આનો જવાબ તો પ્રથમજ અપાઈ ગયો છે.

“ ત્હાં ગયા પછી તેમણે ત્યાં જૈન મંદિરો સ્થાપ્યાં, શ્રવણબેલગુલ, હાલ્લીબીડ, મુડબીદ્રી વિગેરેની લંગોટ વગરની પ્રાચીન જૈન મૂર્તિ ડૉ. ભાંડારકરના વચનની સત્યતા સાબીત કરે છે.”

આ તેઓનું કથન, કથનમાત્રજ છે. એમ કહેવાથી કોઇ માની શકે નહિં. જહેવી રીતે મ્હેં મ્હારા પ્રથમના લેખમાં પ્રાચીન શિલાલેખો વિગેરેનાં પ્રમાણો આપ્યાં છે, ત્હેવીજ રીતે યદિ દિગમ્બર (લંગોટ વિનાની) મૂર્તિઓ પ્રાચીન દેખવામાં

આવતી હોય, તો શામાટે ત્હેના સંવત સાથેના લેખો વિગેરે પ્રસિદ્ધ કરવામાં ત્હમે પછાત છો ? અને કદાચિત્ મિ. પાંગલે મહાશય પૂજા-પ્રક્ષાલ નહિં થવાથી, ત્હેના ઉપરની કાલિમા ઉપરથી, ત્હેને પ્રાચીન ગણુતા હોય, તો પછી ત્હેવી પ્રાચીનતા સિદ્ધ કરવામાં ત્હેમને કંઈ તકલીફ ઉઠાવવી પડે તેમ છેજ નહિં. પરન્તુ, એટલું જરૂર છે કે ત્હેવી પ્રાચીનતા જનસમાજ તો માની શકશે નહિં. જનસમાજ તો ત્ય્હારેજ માનવાનું સાહસ કરે કે જ્ય્હારે પ્રાચીન મૂર્તિઓ ઉપરના સાલ-સંવત્ વાળા શિલાલેખો અથવા ત્હેવાં બીજાં પ્રમાણો રજુ કરવામાં આવે.

મિ. પાંગલેએ બેલગુલ, હાલ્લીબીડ, મુડબીદ્રી વિગેરે સ્થળોએ લંગોટ વિનાની મૂર્તિઓ હોવાનું જાહેર કરે છે, પરન્તુ ત્હેમાં આશ્ચર્ય શું છે ? કેમકે દિગમ્બરોની ઉત્પત્તિ બાદ તે સંપ્રદાયમાં થએલ ભદ્રબાહુ (શ્રુતકેવલી ભદ્રબાહુ નહિં) કર્ણાટકમાં ગયા, તેઓના વખતની તે મૂર્તિઓ હોય, તે વાત સંભવી શકે છે. પરન્તુ તેથી તે પ્રાચીન તો કહી શકાયજ નહિં.

મિ. પાંગલેએ પૃષ્ઠ ૨૯માં 'અંતરીક્ષજી પાર્શ્વનાથ'ની મૂર્તિ સંબંધી કેવલ હઠવાદજ જાહેર કર્યો છે. તે મૂર્તિ શ્વેતામ્બરોની છે, એમાં લગાર પણ મીન-મેખ જેવું નથી. ત્હેને માટે શ્વેતામ્બરોના 'તીર્થકલ્પ' આદિમાં ખાસ ઉલ્લેખ કરેલો છે, ત્હેવીજ રીતે તે મૂર્તિના સંબંધમાં શા માટે દિગમ્બર ભાઈઓ ત્હેવા લેખિત કે બીજા પુરાવા રજુ કરતા નથી ? કેવલ ઝઘડા કરવાથી કે લાખોનું પાણી

કરવા-કરાવાથી શું તે મૂર્તિ પોતાની સિદ્ધ થઇ શકવાની છે? પરન્તુ ઠીક છે, દિગમ્બર ભાઇઓની આ ચાલ કંઇ આજની નથી. આ રૂઢી તો ત્હેમની વંશપરંપરાથીજ ચાલી આવે છે. આવા એકજ તીર્થને માટે તેઓ ઝઘડો ઉભો કરે છે, એમ નથી. શ્વેતામ્બરોનાં પ્રાયઃ તમામ પ્રાચીન તીર્થોમાં **ઝઘડાદેવ**ની ઉપાસના કરવા લાગી જાય છે. જુઓ સમ્મેતશિખરજી, પાવાપુરી, રાજગૃહી આદિ તીર્થોને માટે કેટલી પોતની ટાંગ પસારી? જો કે જ્હાં જ્હાં તેઓ અનીતિપૂર્વક ઝઘડા ઉઠાવે છે, ત્હાં ત્હાં તેઓને 'લાખોની બરબાદી' અને લોક-સમાજમાં ફિટકાર' આ બે ફળ સિવાય ખરી રીતે બીજું કંઈ મળતું નથી, તોપણ તેઓ પોતાના કુળમાં ચાલી આવતી રૂઢીને બરાબર સંભાળી રાખે છે. અંતરીક્ષજી કે ત્હેવાં જહે જહે શ્વેતામ્બરોના તીર્થોમાં થોડો પણ દિગમ્બરભાઇઓનો પગ પેસારો થયો છે, તે અમારા શ્વેતામ્બરભાઇઓની ઉદારતા અથવા કહો કે ભદ્રિકતાનુંજ પરિણામ છે. 'આંગળી દેખાડવાથી દુર્જનો પાંચો પકડી લે છે,' આ લોકોક્તિને તેઓ (શ્વેતામ્બરો) યથાર્થ સમજ્યાજ નથી, એમ મ્હારે કહેવું જોઇએ. એક નીતિકાર કહે છે કે, 'દુર્જનના ઉપર દયા કરવી, તે ત્હેની દુર્જનતાને ઉત્તેજન આપવા બરાબર છે.' હું મિ. પાંગલે મહાશયને આ સ્થળે એટલી સૂચના કર્યા વિના ન રહી શકું કે કોઈપણ રીતે શિરપુરની પ્રતિમા દિગમ્બરોની ઠરવાની નથી. માટે દિગમ્બરો વ્યર્થ ઝગડાને ન વધારે, તે માટે તેઓને ભલામણ કરો અને

અંતરીક્ષજી પાર્શ્વનાથની મૂર્તિ શ્વેતામ્બરોની છે, એજ પ્રાચીન ચાલી આવતી વાતને કાયમ રાખો. નાહકનાં ડફાણુ વધારવામાં કંઇ લાભ કાઢી શકો, તે હું દેખી શકતો નથી. જહે પ્રમાણે હમેશાંથી સત્યતા ચાલી આવી છે, તેમજ ચાલવા દ્યો. બસ ! જુઓ હમણાંજ ઝઘડાનો અંત આવશે. લાખોનું પાણી થતું અટકી જશે અને શાન્તિનો વરસાદ વરસશે. જો કે આથી 'શ્વેતાબર સમ્પ્રદાય કરતાં દિગમ્બર સમ્પ્રદાય અર્વાચીન છે,' આ સત્ય હકીકત જહેવી ને ત્હેવી કાયમ રહેશે, પરન્તુ તે તકરારોનો દિગમ્બરભાઇઓ શાન્તિ પકડી નિકાલ લાવશે, તો નામ મ્હોટું થશે, એમાં જરા પણ સંશય નથી.

હવે 'જૈનગ્રંથ રચના અને લેખનકાળ' ના વિષયમાં મ્હારે કહેવું જોઇએ કે—જોકે તે સંબંધી વાતને હું પ્રથમ ટ્રેકટમાં અને આ લેખમાં ઘણીજ સ્ફૂટ રીતે ઉલ્લેખી ગયો છું, તે છતાં શ્રીમાનના ટ્રેકટના ૩૦ મા પૃષ્ઠમાં લખ્યું છે કેઃ—

"દિગમ્બર સમ્પ્રદાયનું એજ માનવું છે કે–'મહાવીર તીર્થંકરે ગૌતમગણધરને કહેલું, જૈનધર્મ જ્ઞાન પરંપરાથી શિષ્યોને શિખવવામાં આવતું, અને છેવટે ધરસેન મુનિના શિષ્ય પુષ્પદંત અને ભૂતબલીએ તે ગ્રંથરૂપે લખી રાખ્યું."

શ્વેતામ્બરોનું પણ એતો માનવું છે કે—મહાવીર તીર્થંકરે ગૌતમાદિગણધરોને કહેલું જૈનધર્મનું જ્ઞાન પરંપરાથી શિષ્યોને શિખવવામાં આવતું, પરન્તુ આ તેઓનું કહેવું સત્ય વિરૂદ્ધ

છે કે–"ધરસેનમુનિના શિષ્ય પુષ્પદંત અને ભૂતબલીએ તે ગ્રંથ રૂપે લખ્યું" તેઓએ પરંપરાથી ચાલ્યું આવતું જ્ઞાન લખ્યું છે, ત્હેમાં શું પ્રમાણ? કેમકે ત્હેમણે પોતાના ગ્રન્થોમાં એવા કંઈ જૂના ફકરા આપ્યા નથી કે જ્હેથી આપણે તેમ માનવાનું સાહસ કરી શકીએ.

આગળ ચાલતાં, પાછો તેજ પોતાનો ચરખો મિ. પાંગલે મહાશયે શરૂ કર્યો છે. તેઓ લખે છે કેઃ—

" દિગમ્બરોએ શ્વેતામ્બર પ્રમાણે દુષ્કાળમાં સભા ભરી શાસ્ત્ર બનાવ્યાં નથી અથવા ત્હેમાં કંઇ વધારો ઘટાડો કર્યો નથી. પુષ્પદંત અને ભૂતબલીએ લખેલા દિગમ્બર આમ્નાયના જૈન ગ્રન્થોનો લેખન કાળ ઇ૦ સ૦ ૧૩૯ અને વિ૦ સ૦ ૧૯૫ છે. ગૌતમ ગણધર પછી કોઈ પણ કેવલી શ્રુતકેવલીએ નવીન શાસ્ત્ર રચ્યાં નથી. મહાવીરના વખતથી જે જ્ઞાન પરંપરાથી લુપ્ત પ્રાયઃ થતું આવતું, તેજ મોઢે કરવામાં આવતું અને આખરે પુષ્પદંતાચાર્ય અને ભુતબલી આચાર્યે ઇ૦ સ૦ ૧૩૯ માં ગ્રન્થરૂપે દિગમ્બર સંપ્રદાયનું જ્ઞાન લખી રાખ્યું. આજ દિગમ્બરની ગ્રંથ રચનાનો સમય છે."

મિ. પાંગલેનું આ કથન પાયા વિનાના પુલ જેવું છે. શ્વેતામ્બરોએ દુષ્કાલના વખતમાં સભા ભરીને શાસ્ત્રો બનાવ્યાં નથી, પરન્તુ પરંપરાથી જ્હે જ્ઞાન ચાલ્યું આવતું, ત્હેનો સંગ્રહ કર્યો છે, અને તે વાત અનેક વખત આ લેખમાં પણ

બતાવી ચકયો છું. એટલે વિશેષ લખવાની જરૂર નથી. બેશક, એ વાત અમે માનીએ છીએ કે પુષ્પદંત અને ભૂતબલીએ ઇ૦ સ૦ ૧૩૯ માં ગ્રન્થો લખ્યા, પરન્તુ તે ગ્રન્થો નવીન રચનારૂપે લખ્યા છે. ગૌતમ ગણધરની પરંપરાથી ચાલ્યું આવતું જ્ઞાન લખ્યું છે, એતો તદ્દન ખોટુંજ છે. યદિ પરંપરાથી ચાલ્યું આવતું જ્ઞાન લખ્યું હતું, તો તેની પ્રતીતિ થવા માટે કંઇપણ પ્રમાણ હોવું જોઇતું હતું, અને ત્હેવું છે તો નહિં, તેથી એ સિદ્ધ વાત છે કે પુષ્પદંત અને ભૂતબલી આચાર્યે મનઃકલ્પિત ઘોડા દોડાવ્યા છે. અર્થાત્ '**मनःपूतं समाचरेत्**' નું અનુકરણ કર્યું છે.

આગળ ચાલતાં ૩૧ મા પૃષ્ઠમાં મિ. પાંગલે, ડૉ. જેકોબી મહાશયનો ફકરો લખી લખે છે કેઃ—

" ઇ૦ સ૦ પૂર્વે ૪ થા સૈકામાં સર્વ (શ્વેતામ્બર) જૈન સિદ્ધાન્ત રચાયા. શ્વેતામ્બર જૈન સિદ્ધાન્તનો સંગ્રહકાળ અથવા ખરૂં કહીએ તો રચનાકાળ ઇ૦ સ૦ પૂર્વે ૪ થા શતકના અંતમાં અથવા ત્રીજા સૈકાની શરૂઆતમાં ઠરે છે."

ભુલવું ન જોઇએ કે આ સમય તેજ છે કે જ્હેને દુષ્કાલનો સમય ગણવામાં આવે છે. પરન્તુ તે સમયમાં શ્વેતામ્બર ગ્રન્થોનો રચનાકાળ સમજવો, ભયંકર ભૂલ છે. તે વખતમાં પરંપરાથી ચાલ્યું આવતું જ્ઞાન, જ્હેને જ્હેને જેટલું સ્મરણપથમાં રહ્યું હતું, તે બધાનો સંગ્રહ કરવામાં આવ્યો, અને તે વાતને જેકોબી મહાશય પણ સ્વીકારે છે. પરન્તુ

ત્હેની સાથે સંગ્રહકાળનો અર્થ અથવા રૂપાન્તરમાં રચના-કાળ કહે છે, એજ મ્હોટી ભૂલ કરે છે.

લેખનકાળના વિષયમાં ડૉ. જેકોબી મહાશયના શબ્દોમાં મિ. પાંગલેનું આ કથન ખોટું તો નથીજ. "**દેવાર્ધિગણિના પ્રમુખપદ નીચે વલ્લભી નગરમાં જૈન સિદ્ધાન્ત વીર સં. ૯૮૦ (અથવા ૯૯૩ અને ઈ૦ સ૦ ૪૫૪ (અથવા ૪૬૩) માં લખાયાં**" પરન્તુ તે લેખનકાળ ઉપરથી શ્વેતામ્બરોની અર્વાચીનતા સિદ્ધ થતી નથી. જેકોબી મહાશયના ઉપર્યુક્ત વચનો ઉપરથી શ્રીમાન્ એ પ્રમાણે મતલબ કાઢે છે કેઃ—

" દિગમ્બરોની અંગપૂર્વ (શાસ્ત્ર) રચના ગણધરોએ કરેલી, અને શ્વેતામ્બરોની અંગપૂર્વ રચના, ઇ૦ સ૦ પૂર્વે ૪–૩ શતકમાં દુકાળ વખતે પાટલીપુત્ર (પટના) માં શ્વેત વસ્ત્ર ધારણ કરેલા દિગમ્બર મતમાંથી ભ્રષ્ટ થએલા સાધુએ કરેલી. "

દૂધમાંથી પોરા કાઢવાની આ ત્હેમની ચાલબાજીને કોણ બુદ્ધિમાન્ સમજ્યા વિના રહેશે વારૂ ? દિગમ્બરોનાં શાસ્ત્રોને ગણધરાદિ રચિત અંગપૂર્વ (શાસ્ત્ર) કહેવાં, ' વન્ધ્યાનો પુત્ર રમે છે ' એમ કહેવા બરાબર છે. તેઓનાં શાસ્ત્રોજ નવીન રચેલાં છે, તો પછી ત્હેને ગણધરરચિત અંગપૂર્વ કહેવાનું સાહસ કેમ કરી શકાય !

શ્વેતામ્બરોનાં અંગ-પૂર્વની રચના, પાંગલેજીના કહેવા પ્રમાણે નથી થએલી, પરન્તુ ગણધરોથી થએલી છે. અને ત્હેના પ્રમાણભૂત શ્વેતામ્બરોમાં અંગાદિ અત્યારે મોજૂદ છે. દિગમ્બરોની માફક શ્વેતામ્બરો અસત્ય પ્રતિપાદન કરવામાં પુણ્ય નથી માનતા, પરન્તુ મહા પાપ સમજે છે. શ્વેતામ્બરોને ગણધરરચિત જ્હેટલો ભાગ ઉપલબ્ધ થયો, તેટલોજ જાહેર કરે છે. જુઓ આચારાંગનું મહાપ્રજ્ઞાઅધ્યયન ન મળ્યું, તો કોઇ કારણથી પણ તે લખ્યું નહિં. બસ ! આજ તેઓની પ્રામાણિકતા બતાવી આપે છે. શું દિગમ્બર આચાર્યોની માફક દેવર્ધિગણિક્ષમાશ્રમણાદિક કુશાગ્ર બુદ્ધિવાળા આચાર્યો ત્હેની પૂર્તિ કરી શકે ત્હેમ ન્હોતા ? પરન્તુ નહિં, તેઓ સત્ય વાતનેજ જાહેર કરનારા હતા. તેઓ કલ્પિત વાત બનાવવામાં મહા પાપ સમજતા હતા. શ્વેતામ્બરોની પ્રામાણિકતાને માટે આથી અધિક પ્રમાણ બીજું શું જોઇએ ?

વળી તેઓ ૩૨ મા પૃષ્ઠમાં લખે છે કેઃ—“ દિગમ્બરનો પ્રથમ ગ્રન્થ ઈ૦ સ૦ ૧૩૯ અને વિ૦ સં૦ ૧૯૫ માં લખાયો અને શ્વેતામ્બરનો પ્રથમ ગ્રન્થ ઇ૦ સ૦ ૪૫૪માં લખાયો. દિગમ્બર શ્વેતામ્બરના રચના અને લેખન સમયમાં આટલો જમીન આસમાનનો ફરક છે, તો પછી શ્વેતામ્બરના ગ્રન્થ દિગમ્બર કરતાં પ્રાચીન કેવી રીતે હોઇ શકે ? ”

પ્રિયવાંચક ! એ વાતને ભૂલશો નહિં કે– ‘ પુષ્પદંત અને ભૂતબલીએ દિગમ્બર ગ્રન્થની રચના કરી. ’ હવે લેખનકાળ,

શ્વેતામ્બર દિગમ્બરોના જહે બતાવ્યા છે, તે ઠીક છે, પરન્તુ **તેથી** એમ કોણ બુદ્ધિમાન પુરૂષ કહી શકે કે—" દિગમ્બર ગ્રન્થોના **રચનાકાળ** કરતાં શ્વેતામ્બર ગ્રન્થનો **રચનાકાળ** પછીનો છે? **લેખનકાળને** અને **રચનાકાળને** કંઈ પણ નાતેદારી નથી. ધારો કે એક ક્લાસની અંદર એક વિદ્યાર્થી ઘણા વખતથી અભ્યાસ કરી રહ્યો છે, ત્હેવામાં એક બીજો વિદ્યાર્થી તેજ કલાસમાં દાખલ થયો, હવે જહે પહેલાંનો વિદ્યાર્થી છે, તે તીક્ષ્ણ બુદ્ધિવાળો હોવાથી અમુક વાતને ઘણા વખત સુધી સ્મરણપથમાં રાખી શક્યો, જ્યહારે નવો દાખલ થએલો વિદ્યાર્થી સ્થૂલ બુદ્ધિવાળો હોવાથી, અમુક વાત શરૂઆતથીજ લખી રાખવા લાગ્યો. તો તેથી એમ તો નજ કહેવાય કે પેલા બીજા વિદ્યાર્થીએ અમુક વાત પહેલાં લખી રાખી, માટે તે પ્રાચીન છે. ગણધર રચિત શાસ્ત્રોને સ્મરણમાં રાખી આવતા શ્વેતામ્બર આચાર્યો ૪૫૪ સુધી સ્મરણમાં રાખી શક્યા, અને દિગમ્બર આચાર્યોએ, પંથની શરૂઆત કરતાંજ નવીન બનાવેલાં શાસ્ત્રો લખ્યાં, તો તેથી શ્વેતામ્બરોનો **ગ્રંથ રચનાકાળ** પાછળનો છે, એમ સિદ્ધ થઇ શકતું નથી. જ્યહારે આમ છે તો પછી 'ડા૦ ભાંડારકરે ભૂલથાપ ખાધી છે,' એમ મ્હારૂં કહેવું શું ખોટું હતું?

હવે 'નિર્ગ્રંથ' શબ્દના અર્થ ઉપર આવીએ. દિગમ્બર ભાઇઓ 'નિર્ગ્રંથ' શબ્દનો અર્થ '**નગ્ન**' કરે છે, જ્યહારે એક પટ્ટાવલીમાંથી મળેલા પ્રમાણ ઉપરથી મ્હેં એ સિદ્ધ કર્યું હતું

કે 'નિર્ગ્રન્થ'–સાધુ–અનગાર એ પર્યાય=વાચક શબ્દો છે. તે પટ્ટાવલીનું વચન આ છે.

" **श्रीसुधर्मस्वामिनोऽष्टौ सूरीन् यावद् निर्ग्रन्थाः साधवोऽनगारा इत्यादिसामान्यार्थाभिधायिन्याख्याऽऽसीत्** "

અર્થાત્ 'નિર્ગ્રન્થ' શબ્દથી સાધુ–અનગાર કહેલ છે, 'નિર્ગ્રન્થ'નો અર્થ 'નગ્ન' કરવામાં આવ્યો નથી.

આ શબ્દ ઉપર '**विशेषावश्यक भाष्य**,' કે જ્હે 'જીનભદ્રગણિ ક્ષમાશ્રમણ'નું બનાવેલું છે, અને ત્હેના ઉપર મલધારી શ્રી હેમચંદ્રસૂરિની બનાવેલી '**શિષ્યહિતા**' નામની ટીકા છે, ત્હેની અંદર ૨૫૬૧ મી ગાથાથી ૨૫૭૯ ગાથા સુધી શાસ્ત્રાર્થ આપેલો છે. આ બધો 'નિર્ગ્રન્થ' શબ્દ ઉપર આપેલો શાસ્ત્રાર્થ ખાસ મનન કરવા લાયક છે. તે બધો શાસ્ત્રાર્થ અહિં આપું તો વિષય ઘણોજ વધી જવાનો ભય હોવાથી ત્હેની અંદર છેવટે કાઢેલા નિષ્કર્ષનેજ અહિં બતાવી આગળ વધવા પ્રયત્ન કરૂં છું. યદિ સમય મળ્યો તો તે આખો શાસ્ત્રાર્થ, 'શાસન' દ્વારા પ્રકટ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરીશ.

ઉપર્યુક્ત '**विशेषावश्यकभाष्य**' ના પૃષ્ઠ ૧૦૨૮ માં ૨૫૭૪ મી ગાથાની ટીકામાં ખાસ લખ્યું છે કેઃ—"**ततश्च 'मुच्छा परिग्गहो वुत्तो इइ वुत्तं महेसिणा' इतिवचनाद् यत्र वसु–देहाऽऽहारकनकादौ मूर्च्छा सम्पद्यते तद् निश्चयतः परमार्थतो ग्रन्थः। यत्र तु सा नोपजायते तदग्रन्थः**"

અર્થાત્ 'મૂર્ચ્છા પરિગ્રહ' એ પ્રમાણે મહર્ષિઓએ કહેલું છે, એ વચનથી દ્રવ્ય-શરીર-આહાર અને કનકાદિને વિષે, જો મૂર્ચ્છા ઉત્પન્ન થાય, તો તે 'ગ્રન્થ' કહેવાય, અને યદિ ત્હેને વિષે મૂર્ચ્છા ઉત્પન્ન ન થાય તો તે 'અગ્રન્થજ' છે.

આ ઉપરથી વાંચકો જોઇ શક્યા હશે કે—'નિર્ગ્રન્થનો અર્થ 'નાગો' નથી, પરન્તુ 'મૂર્ચ્છા રહિતપણું' છે.

મિ. પાંગલેનું આ કહેવું તદ્દન ભૂલ ભરેલું છે કે-'સુધર્મા વિગેરે શ્રુત કેવલી નગ્નજ હતા.' શું તેઓને કેવળજ્ઞાન થયું છે કે જહે દ્વારા તેઓ એમ કહી શકયા? હાં, કવળજ્ઞાન તો થયું છે, એમાં તો કંઈ શક નથી. આતો જ્હેવાં અનેક ગપાષ્ટકો હાંકતા આવ્યા છે, ત્હેવું એક ગપાષ્ટક આ પણ હાંકયું, પરન્તુ ત્હેમાં પ્રમાણ શું? મિ. પાંગલે આપો આપ કહી નાંખે છે કે---"સુધર્માસ્વામી નગ્ન હતા, આ વાત બંન્નેને નિર્વિવાદપણે કબૂલ છે." આ પણ એક જબરદસ્તિજ કહેવાયને! શું શ્વેતામ્બરો તરફથી પણ એ પ્રમાણે કહી દેવાનો ત્હેમણે ઠેકો રાખ્યો છે? શ્વેતામ્બરો એ વાતને કબૂલ કરતાજ નથી કે 'સુધર્માસ્વામી વિગેરે નગ્ન હતા.' તેઓ 'નગ્ન' ન્હોતા, પરન્તુ 'નિર્ગ્રન્થ' હતા, એટલે કે 'મૂર્ચ્છારહિત' હતા.

હવે મિ. પાંગલેની એક ઔર કરતૂત જુઓ.

વાંચકોએ મ્હારા પ્રથમ ટ્રેકટમાં એ વાત વાંચી હશે કેઃ-

'જહે 'મંખલી ગોશાલ'નું નામ, શ્વેતામ્બરોના માનેલા

ભગવતી આદિ અનેક સૂત્રોમાં ઠેકાણે ઠેકાણે આવે છે, તેજ મંખલી ગોશાલનું વર્ણન બૌદ્ધોના પિટક ગ્રન્થોમાં પણ આવે છે, જ્હારે દિગમ્બરોના એક પણ ગ્રન્થમાં મંખલી ગોશાલનું નામ દૃષ્ટિગોચર થતું નથી, તેથી એ સિદ્ધ થાય છે કે–દિગમ્બરના ગ્રન્થો, શ્વેતામ્બર ગ્રન્થો કરતાં અર્વાચીનજ છે.”

આવા એક જબરદસ્ત પ્રમાણને પણ શ્રીમાન્ કેવી યુક્તિથી હઠાવે છે? તે જુઓ—તેઓ લખે છે કેઃ—

“ કારણ કે શ્વેતામ્બર સાધુઓએ અંગરચના શ્વેતવસ્ત્રો ધારણ કર્યાથી કરી, તેમજ ત્હેમનાં શાસ્ત્રો પણ ઈ૦ સ૦ ૪ થાના સૈકામાં લખાયાં પછી તેમણે તે વેળા બૌદ્ધોના પિટક ગ્રન્થને અનુસરી એક બે વ્યક્તિ પોતાના શાસ્ત્રમાં કેમ નહિ ઘુસાડી હોય ? ”

પાંગલે મહાશયના આ જવાબથી ત્હેમની બુદ્ધિની પૂંજીનો પતો ઠીક ઠીક મળી આવે છે. પહેલાં તો ‘અંગરચના શ્વેતામ્બર વસ્ત્રો ધારણ કર્યાથી કરી’ આજ ત્હેમની ભયંકર ભૂલ કોઇ મહત્ત્વને સ્થાપિત કરતી નથી. કેમકે શ્વેતવસ્ત્રો પહેલેથીજ હતાં, નવાં કર્યાં નથી. અને અંગરચના કરી નથી, પરન્તુ અંગોને એકઠાં કર્યાં છે--અંગોનો સંગ્રહ કર્યો છે. આ વાતને તો ડૉ. જેકોબી મહાશય પણ સ્વીકારે છે. એ વાત હું પ્રથમજ બતાવી ગયો છું. હવે “ શાસ્ત્રો લખાયાં તે વખતે એક બે વ્યક્તિ ઘુસાડી દીધી હોય ” તે પણ બિન પાયાદા-

રજ છે. સૂત્રોની ભાષા ઉપરથીજ વાંચકો જોઇ શકશે કે-આ ઘણીજ પ્રાચીન ભાષા છે; અને તે વાતને પાશ્ચાત્ય વિદ્વાનો પણ જોર શોરથી કહે છે કે—'સૂત્રોની ભાષા ઘણીજ પ્રાચીન છે.' ડૉ. જેકોબી મહાશયનોજ ફકરો મ્હેં મ્હારા પ્રથમના લેખમાં આપ્યો છે, ત્હેની અંદર ત્હેઓ ખાસ જણાવે છે કેઃ- **"આગમોનો ઉદ્ધાર પ્રાચીન કાળમાં થયો હતો, (ગુરૂ પરંપરા ત્હેને ભદ્રબાહુના વખતમાં મૂકે છે)"** કહેવાની આવશ્યક્તા છેજ નહિ કે, જહે વસ્તુ પહેલાં હોય છે, ત્હેનોજ ઉદ્ધાર કરવામાં આવે છે. અને તે અનુસાર આગમો પ્હેલાં હતાં, તોજ ત્હેનો ઉદ્ધાર થયો, એમ જેકોબી મહાશયને કહેવાની જરૂર પડી. યદિ આગમોની અંદર, બૌદ્ધના પિટક ગ્રન્થોમાં આવેલી કોઇ કોઇ વાત દેખવામાં આવવાથી, તે વાતોને 'શ્વેતામ્બર આચાર્યોએ ઘુસાડી દીધી છે.' એમ કહેવામાં આવતું હોય તો મ્હને કહેવા દ્યો કે, અવ્વલતો ત્હેની ભાષામાંજ ફરક પડવો જોઇતો હતો. તેમજ જો એ સિદ્ધાન્ત સર્વમાન્ય હોય, તો દિગમ્બરના પણ કેટલાએક સિદ્ધાન્તો એવા છે કે જહે બૌદ્ધના સિદ્ધાન્તોને મળતા છે, તો અમે એમ કેમ ન કહી શકીએ કે તે સિદ્ધાન્તો બૌદ્ધ ગ્રન્થો ઉપરથી ઘુસાડી દીધા છે? અને ત્હેવી રીતે તો અમારી વાત પણ સાચીજ ઠરવાની કે-'દિગમ્બરો તીર્થંકરની વાણીને નિરક્ષરી માને છે, છે, આ વાત, વેદાનુયાયી કે જેઓ વેદ, અપૌરૂષેય માનીને શબ્દાત્મક માને છે, ત્હેના સિદ્ધાન્તને મળતી છે, માટે દિગમ્બરોએ તે વાત, તે વેદાનુયાયીઓથી લીધી છે.

દિગમ્બરભાઇઓએ યાદ રાખવું જોઇએ કે-શ્વેતામ્બર આચાર્યો, બીજાની વાતને પોતામાં ઘુસાડી દેવાનું શિખ્યાજ નથી. જો ત્હમારી માફક ઘુસાડી દેવાનું શિખ્યા હતે, તો તેઓ શું સ્વતંત્ર શાસ્ત્રો નહિં રચતે કે ? અસ્તુ ! મિ. પાંગલે, મંખલી ગોશાલને માટે આવો જવાબ આપવા સમર્થ થયા તો ત્હેની સાથેજ લખેલો આ ફકરો શામાટે ઉડાવી દીધો ? જુઓ તે ફકરો આ છેઃ—

“ શ્વેતામ્બરમાં માનેલા ઉત્તરાધ્યયનાદિ સૂત્રોમાં કહેલું છે કેઃ—અજીતનાથથી લેઇ પાર્શ્વનાથ સુધી બાવીસ તીર્થંકરો, તેમ ત્હેમના સાધુઓ ચાર મહાવ્રતને માનતા હતા. અર્થાત્ ચોથા ‘ બ્રહ્મ ’ની ગણતરી અપરિગ્રહમાંજ કરી લેતા હતા, જ્યહારે મહાવીર દેવ અને ત્હેમના સાધુઓ શ્રીઋષભદેવના સાધુઓની માફક પાંચ મહાવ્રતને માને છે, આજ વાતને બૌદ્ધનો પિટક ગ્રન્થ જ્હેવો કે ‘ દિગ્નિકાયના સામાન્ય ફલ સૂત્રની સુમંગલા વિલાસિની ’ નામની ટીકામાં બુદ્ધઘોષે જે લખ્યું છે ” (આ ઉપર ડા૦ જેકોબીની લખેલી ૧૮૯૪ની પ્રસ્તાવનાનો ફકરો પણ આપ્યો છે.)

આ ખાસ વાતનો જવાબ આપવામાં તો મિ. પાંગલે મહાશયે **વસૂચિ**પણું (મૌન)જ બતાવ્યું છે. પરન્તુ ઠીક છે, આ વિષયમાં તેઓથી એમ તો કહી શકાય તેમ હતુંજ નહિં કે ‘બૌદ્ધના પિટક ગ્રન્થ ઉપરથી આ વાત ઘુસાડી દીધી છે ’ બસ ! જ્યહારે કોઇ પણ રીતે ત્હેમાં ચંચુ પ્રવેશ ન થઇ શકયો,

ત્હારે તે વાતના જવાબને હજમજ કરી ગયા. આ ઉપરથી એ ચોક્કસ થાય છે કે—મિ. પાંગલે મહાશયે જહે જવાબ આપ્યો છે, તે બિલકુલ નિર્માલ્ય અને ઢંગધડા વિનાનો છે.

'આ સિવાય હરિણેગમેષીદેવે કરેલો, મહાવીર દેવના ગર્ભાપહરણનો ઉલ્લેખ કરી કહે છે કેઃ—'કૃષ્ણના જન્મકાળના અદલાબદલીનું અનુકરણ કર્યું છે' પરન્તુ ત્હેનો જવાબ આજ લેખની અંદર વિસ્તારથી પ્રથમ આપવામાં આવ્યો છે.

હવે વિ૦ સં૦ ૯૯૦ માં થએલા દિગમ્બર મતાનુયાયી દેવસેને શ્વેતામ્બરની ઉત્પત્તિ બદલનો ઉલ્લેખ કરતાં દર્શનસારમાં લખ્યું છે કેઃ—

"શ્વેતામ્બર મત સ્થાપી, મિથ્યા શાસ્ત્ર રચી જીનચંદ્રે પોતેજ પોતાને નરકમાં પ્રથમ સ્થાપન કર્યો" આ વાત શું હળાહળ દ્વેષથી ભરેલી નથી? પરન્તુ ત્હેનો પણ બચાવ કરવા પાંગલે મહાશયે પોતાની કલમ ઉઠાવી છે.

મ્હેં મ્હારા લેખમાં લખ્યું હતું કેઃ—"શું દેવસેનને અવધિજ્ઞાન થયું હતું કે જહે દ્વારા 'જીનચંદ્ર નરકમાં ગયા' એમ કહેવા ભાગ્યશાળી થયા?"

આનો જવાબ પાંગલે મહાશય આપે છે કેઃ—"દેવસેને પરંપરાથી કહેવામાં આવતો ઇતિહાસ લખ્યો હોય તો ત્હેને અવધિજ્ઞાનજ ક્યાંથી હોય?"

ઠીક છે, આ ત્હેમનો જવાબ શું છે? પોતાની આખી

પરંપરા આવાં દ્વેષ પ્રયુક્ત લખાણો કરતી આવી છે, એ વાતને સિદ્ધ કરી આપનાર મુદ્રાલેખ છે. પાંગલેના લખવાથી એ વાત સ્પષ્ટ જણાઇ આવે છે. કે–દેવસેનજ નહિં, ત્હેમની પહેલાંના આચાર્યો પણ તે પ્રમાણે અસત્ય, દ્વેષ ભરપૂર, ગપોડા હાંકતા આવ્યા છે. ખરેખર, આ બદલતો હું મિ. પાંગલેને પ્રેમ પૂર્વક ધન્યવાદજ આપીશ. પરન્તુ સાથસાથ તેઓને એટલું કહ્યા વિના તો નહિંજ રહી શકું કે–' પ્હેલાં ત્હમે એ બતાવી આપો કે દેવસેનની પહેલાં કયા આચાર્યે એ પ્રમાણે લખ્યું છે ? અને જ્યહાં સુધી આ વાતને ઇતિહાસથી સપ્રમાણ સાબિત ન કરો, ત્યહાં સુધી હું કેમ ન કહી શકું કે–દેવસેને પોતે પોતાની મેળેજ આ વાતને ઘડી કાઢી છે ?

મ્હને સ્મરણમાં છે કે—જ્યહારે બનારસ પાઠશાળામાં મિ. પાંગલે મહાશય પધાર્યા અને પૂજ્યશ્રી ઇન્દ્રવિજયજી મહારાજ સાહેબે **દર્શનસાર**ના સંબંધમાં પ્રશ્નો કર્યા, ત્યહારે તેઓ કોઇ પણ રીતે પ્રબલ પ્રમાણો આપી સિદ્ધ કરી શકયા ન્હોતા અને જહેવી રીતે આ ટ્રેકટની અંદર ત્હેમણે ઉટપટાંગ અને અસંબદ્ધ વિચારો જણાવ્યા છે, તેજ ચાલ ત્હેમની તે વખતે પણ હતી.

મહાશય ! ' ઉલટો ચોર કોટવાલને દંડે ' આ ન્યાય તો ખરેખર ત્હમારે માટેજ લાગુ પડે છે. જહે શ્વેતામ્બરો સુખ સમાધી પૂર્વક પોતાનાં કાર્યોને બજાવે જાયછે, જહે શ્વેતામ્બરો પોતાની વસ્તુનેજ પોતાની માનતા આવે છે, ત્હેની

અંદર હમારાં જહેવા વિઘ્ન સંતોષીઓ, નાહિં પોતાની વસ્તુ-ને પોતાની માનવા લાગી જાય છે, અનેક પ્રકારનાં દ્વેષ પ્રયુક્ત લખાણો કરે છે, રાત દિવસ ઝઘડાઓ કરી, લાખો રૂપિયાનું પાણી કરી કરાવી આનંદ માને છે, તેમજ ખોટા ખોટા રીપોર્ટો (સભાઓના) બહાર પાડે છે. આટલું આટલું કરવા છતાં તેજ આરોપ શ્વેતામ્બરો ઉપર મૂકે, તો પછી કહો ' ઉલટો ચોર કોટવાલને દંડે ' આ નિયમ કોના ઉપર લાગુ પડે છે ?

દિગમ્બર ફિરકાના કેટલાક પત્રકારો સભાઓના રીપોર્ટો કેવા ખોટા ખોટા બહાર પાડે છે, હેનો એક નમૂનો મ્હારે અહિં રજુ કરવો જોઇએ.

વાંચકોને સ્મરણમાં હશે કે–સ. ૧૯૧૨ ના જૂન મહીના-ની શરૂઆતમાં કલકત્તાની અંદર એક પબ્લિક સભા થઇ હતી, હેની અંદર ઘણા દિગમ્બર વિદ્વાનોએ હાજરી આપી હતી. અને હેનું પ્રમુખસ્થાન મહામહોપાધ્યાય પં૦ સતીશચંદ્ર વિદ્યાભૂષણ, એમ. એ. પી. એચ. ડી. ને આપવામાં આવ્યું હતું. આ સભાનો રીપોર્ટ આપતાં 'जैनहितैषी'ના સમ્પાદકપ્રવરે, સભાપતિના ભાષણને, કેવું અસત્ય જોડી કાઢ્યું છે ? તે તપાસો. તેઓ લખે છે કે મહા મહોપાધ્યાયે પોતાના ભાષણમાં કહ્યું હતું કે:—

"जैन सम्प्रदायमें दो पंथ हैं। एक श्वेताम्बर दूसरा दि-गम्बर । इन दोनोंमें परस्पर बडा विरोध है । मुझे बडा आ-

श्चर्य हुआ, जबके काशी गया और वहां एक श्वेताम्बर साधुसे श्वेताम्बर सम्प्रदायके विषय सुने, परन्तु दिगम्बर सम्प्रदायकी बातें पूछनेपर उत्तर मिला कि—हम कुछ नहीं जानते। जो विद्वान् छहों दर्शनोंका ज्ञान रखता है और उनका खंडन मंडन कर सकता है वही अपने साथी सम्प्रदायका कुछ भी ज्ञान नही रखता है। हमने यहाँ तक सुना है कि दोनों सम्प्रदाय एक दूसरेके ग्रंथ भी अपने यहाँ नहीं रखते है। मैंने दोनों सम्प्रदायके ग्रन्थोंका अवलोकन किया है। मेरी समझमें श्वेताम्बर सम्प्रदायसे दिगम्बर सम्प्रदाय प्राचीन है।"

પરન્તુ આ વાત સરાસર અસત્યજ છે. કારણ કે મહામહોપાધ્યાયજીએ ખાસ એક પત્ર, તેજ સ૦ ૧૯૧૨ના ઑગસ્ટ માસમાં પૂજ્યપાદ શ્રીઇન્દ્રવિજયજી મહારાજ ઉપર લખેલો છે, ત્હેના ઉપરથી જણાય છે કે ત્હેમણે તે સભામાં ત્હેવું કંઇ પણ કહ્યું નથી, પ્રત્યુત ત્હેમાં તો શ્વેતામ્બરોનીજ પ્રાચીનતા બતાવી છે. જુઓ તે પત્રની અંદર મહામહોપાધ્યાય ખુદ જણાવે છે કેઃ—

I fully remember that a meeting, was held in June in Calcutta in which a Digambar Scholar delivered lecture on the Digambar philosophy

refuting the Brahmanic doctrine of the creator &c. Insumming up the lectures, and in making Presidential remarks I addressed the members of both the Digambar and Setambar Schools to make up their differences towards the advancement of both. I said that in Calcutta we had the honour of listening to the learned and eloquent lectures of the distinguished Setambar Sadhoo Shastra Visharad Jainacharya Vijaya Dharma Suri, but we had no opportunity of coming in contact with a Digambar Scholar here.

While in Benares, I studied some of the Setambar Jain books under the Setambar Sadhoo aforementioned, but on enquiry I learnt there were not many learned Digambar Scholars in Benares. Through the Kidness of Muni Indravijay, I got the opportunity of meeting with one Digambar Pandit who gave me some information about his School. but I wanted to learn more. It is no doubt a great fortune that we have got in Calcutta a Digambar Pandit who is a learned Scholar. Bengal is now much advanced. The most orthodox of the Bengali Pandits are now eager to learn something of the doctrine of both the

Setambar and Digambar Schools. Modern Scholarship is not one sided.

The Setambars and Digambars both contend for the antiquity of their doctrine It is now generally acknowledged that Setambar doctrine is the oldest. In the begining there was no distinction between the two Schools. The distinction arose later. I can only say that Digambar doctrine is not result. There is no good in desputing over the matter.

Yours Sincerely
Satish Chandra Vidyabhusana
Principle Sanscrit College
and
Secretary Board of Sanscrit
Examination.

ભાવાર્થઃ—મ્હને સંપૂર્ણ રીતે યાદ છે કે-જુન માસમાં કલકત્તાની અંદર એક દિગમ્બર વિદ્વાને દિગમ્બર ફિલોસોફી ઉપર ભાષણ આપ્યું હતું. જહેમાં 'જગતકર્તા' વિગેરે બ્રાહ્મણ સિદ્ધાન્તોનું ખંડન કર્યું હતું.

ભાષણનો ઉપસંહાર કરતાં પ્રમુખ તરીકેના મ્હારા ભાષણમાં દિગમ્બર તથા શ્વેતામ્બર સમ્પ્રદાયના સભ્યોને મ્હેં જણાવ્યું કે-આગળ વધવાને માટે બન્નેએ આપસના વિરો-

ધોને સમાવી દેવા જોઇએ. મ્હેં કહ્યું કે કલકત્તામાં **સુપ્રસિદ્ધ શ્વેતામ્બર સાધુ શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય શ્રીવિજય-ધર્મસૂરિ**ના વિદ્વત્તામય અને વકતૃત્વ શક્તિવાળાં ભાષણો સાંભળવાનો આપણને સુઅવસર પ્રાપ્ત થયો હતો, પણ અહિંઆં આપણને કોઇ પણ દિગમ્બર વિદ્વાન્‌ની સાથે સંબંધમાં આવવાની તક મળી ન્હોતી. જ્યારે બનારસમાં મ્હેં પૂર્વોક્ત સાધુની દેખરેખ નીચે કેટલાંક શ્વેતામ્બર જૈન પુસ્તકોનો અભ્યાસ કર્યો અને તપાસ કરતાં મ્હને માલૂમ પડયું કે બનારસમાં ઘણા દિગંબર પંડિતો હતા નહિં. **મુનિ ઇન્દ્ર-વિજયજી**ની કૃપાથી એક દિગમ્બર પંડિતની સાથે મળવાની મ્હને તક મળી, જહેણે પોતાના સમ્પ્રદાય વિષે કેટલીક માહીતી મ્હને આપી, પણ મ્હેં વધારે જાણવાને ઇચ્છયું. બેશક, તે એક મહાન્ સૌભાગ્ય છે કે, આપણે કલકત્તામાં એક દિગમ્બર પંડિત છે કે જહે એક સારો વિદ્વાન્ છે. બંગાળા હવે ઘણું આગળ વધે છે. ખૂબ ધર્મચુસ્ત બંગાળી પંડિતો હવે શ્વેતામ્બર અને દિગમ્બર એ બેઉ સમ્પ્રદાયના સિદ્ધાન્તોમાં કંઇક શીખવાને આતુર છે. હાલની વિદ્વત્તા એક તરફી નથી.

શ્વેતામ્બર અને દિગમ્બર બેઉ પોતાના મતની પ્રાચીનતાને માટે તકરાર કરે છે, **હવે તે સામાન્ય રીતે સ્વીકારવામાં આવ્યું છે કે શ્વેતામ્બર મત સૌથી પ્રાચીન છે.** શરૂઆતમાં બે સમ્પ્રદાયો વચ્ચે બિલકુલ ભેદ

હતો નહિં. ભેદ પાછળથી ઉત્પન્ન થયો. હું માત્ર એટલુંજ કહી શકું છું કે દિગમ્બર મત હમણાંનો નથી. આ વિષય ઉપર તકરાર ચલાવવામાં કંઇ સાર નથી. (**'જૈનશાસન'** બીજા વર્ષના નવમા અંકમાંથી)

પ્રિય વાંચક ! ખુદ ભાષણ આપનાર મહામહોપાધ્યાય તો આ પ્રમાણે લખે છે, જ્હારે મિ. પ્રેમીજી, પોતાના 'જૈનહિતૈષી'માં તો કંઇનું કંઇ વેતરે છે. શું આવા ખોટા રીપોર્ટો છાપવાથી દિગમ્બર ભાઈઓની પ્રાચીનતા સિદ્ધ થઇ જશે કે ?

હવે 'કુલ્પાકપાર્શ્વનાથ'ની મૂર્તિ શ્વેતામ્બરી બનાવી' આ ત્હેમનું કહેવું બીલકુલ ખોટું છે. તે તો શ્વેતામ્બરોની હતીજ, અને ત્હેને માટે અનેક ગ્રન્થોમાં ત્હેનું પ્રતિપાદન કરેલું છે.

કાશીના એક દિગમ્બર વિદ્યાર્થીએ ભદ્રબાહુ ચરિત્રનું ભાષાન્તર બહાર પાડી અર્થના અનર્થો કરી નાખ્યા, આ વાતને મ્હેં બતાવી, ત્હારે પાંગલે મહાશય કહે છે કે 'ત્હેના ઉપર દ્વેષ કર્યો' પરન્તુ પાંગલે જ્હેવા પક્ષપાતી ન્યાયાધીશને હું પૂછું છું કે–તેજ ભદ્રબાહુ ચરિત્રના ભાષાન્તરકાર વિદ્યાર્થીએ, પોતે લખેલી પ્રસ્તાવનામાં શ્વેતામ્બરોને કેટલા તુચ્છ અને અસભ્ય શબ્દોમાં ઉલ્લેખ્યા છે, ત્હેને માટે કંઇ ન્યાય કર્યો કે ? પરન્તુ ઠીક છે, તે વાત ત્હમારા સ્મરણમાં કેમ

આવી શકે ? કેમકે ત્હેમાં તો ત્હમારી ખીચડી પકાય તેમ છે. અસ્તુ ! આવો પક્ષપાતી ન્યાય તો ત્હમનેજ મુબારક હોઇ શકે. બસ ! હવે અધિક ન લખતાં માત્ર એટલુંજ લખીશ કે દાંભિક વૃત્તિની પરાકાષ્ઠાએ પહોંચવામાં દિગમ્બર ભાઇઓને હવે કંઇ પણ બાકી રહ્યું નથી.

આગળ ચાલતાં પત્ર ૩૫ માં શ્રીમાન્ લખે છે કેઃ—

"વિદ્યાવિજયજી કહે છે કે—'ધર્મોપકરણને પરિગ્રહ માન્યો નથી' પણ આ નિયમ હલકી શ્રેણિના દિગમ્બર મુનિનો છે"

મ્હને આશ્ચર્ય થાય છે કે—દિગમ્બર મુનિઓમાં હલકી અને ઉચ્ચ શ્રેણિનો ભેદ પાડવા પાંગલે મહાશયે કમર કસી. હું પૂછુંછું કે–શું આ નિયમ શાસ્ત્રીય રીતિથી બતાવ્યો છે કે ? શું પાંગલે મહાશયે, ભગવાન્ શ્રીઉમાસ્વાતિ વાચકે, પોતાના તત્ત્વાર્થ સૂત્રમાં બતાવેલું '**मूर्च्छा परिग्रहः**' આ સૂત્રનું કોઈ દિવસ પણ સ્મરણ કર્યું છે ? ત્હારે શું આ સૂત્ર, ઉમાસ્વાતિ વાચકે હલકી શ્રેણિના સાધુઓ માટે બનાવ્યું છે ? મહાનુભાવ ! એમ માનવાની ભૂલ કદિ પણ ખાશો નહિં. તે સૂત્ર સામાન્ય રીત્યા સમસ્ત સાધુઓને માટે છે. આ સિવાય '**विशेषावश्यक भाष्य**'નું પણ પ્રમાણ હું પ્રથમજ આપી ગયો છું, તો પછી વિશેષ પ્રમાણો આપવાં, વાંચકોનો સમય વ્યર્થ નષ્ટ કરવા બરાબર છે. જો ત્હેવીજ રીતે મૂર્ચ્છા પરિગ્રહ માનેલ ન હોય, તો શામાટે દિગમ્બરના માનીતા આચાર્ય **શુભચ-**

ન્દ્રાચાર્ય પોતાના **જ્ઞાનાર્ણવ**ના સોળમા પ્રકરણમાં એમ લખતે કેઃ—

" निःसंगोऽपि मुनिर्न स्यात् संमूर्च्छन् संगवर्जितः ।
यतो मूर्च्छैव तत्त्वज्ञैः संगसूतिः प्रकीर्तिता " ॥ १ ॥

અર્થાત—જ્હે મુનિ નિઃસંગ હોય, એટલે કે બાહ્ય પરિગ્રહથી રહિત હોય, અને જો મમત્વ કરે, તો તે નિષ્પરિગ્રહી થઇ શકે નહિં. કેમકે તત્ત્વજ્ઞાની વિદ્વાનોએ મૂર્ચ્છા એજ પરિગ્રહની ઉત્પત્તિનું સ્થાન માનેલ છે."

જ્યહારે આમજ છે તો પછી મિ. પાંગલે, પોતે માનેલા આચાર્યોના વચનોનું ખૂન કરે છે, એમ કહેવામાં શું કોઇપણ જાતની અત્યુક્તિ કહી શકાશે ? કદાપિ નહિં.

પ્રિયપાઠક ! આ વાતનો મ્હેં મ્હારા પ્રથમના લેખમાં પણ ઉલ્લેખ કર્યો છે, પરંતુ અફસોસની વાત છે કે પાંગલે મહાશયે આ વાતને ઉડાવીજ દીધી છે. અસ્તુ ! પાંગલે મહાશય, ભલે આવાં અકાટ્ય પ્રમાણોને ઉડાવી દેવા પ્રયત્ન કરે, પરંતુ વાંચક વર્ગ કંઇ આંખો મીંચીને વાંચતો નથી. તત્ત્વને જાણવાની અભિલાષા રાખનારો વર્ગ તો ત્હેને બારીકાઇથીજ તપાસે છે.

શ્રીશુભચંદ્રાચાર્યે આ એકજ સ્થળે ઉલ્લેખ કર્યો છે, એમ નથી, પરન્તુ આગળ ચાલતાં અઢારમા પ્રકરણમાં પાંચ સમિતિનું વર્ણન કરતાં, '**આદાન**નિક્ષેપણાસમિતિ ' નું પાલન કરવાને માટે સાફ સાફ બારમા અને તેરમા શ્લોકમાં બતાવ્યું છે કેઃ–

" જહે મુનિ શય્યા, આસન, ઉપધાન, શાસ્ત્ર અને ઉપકરણ દિવસે પહેલાં સારી રીતે જોઇને અર્થાત્ વારંવાર પ્રતિલેખન કરીને યત્ન પૂર્વક ગ્રહણ કરતો, તથા તેજ પ્રમાણે કરી પૃથ્વી ઉપર મૂકે છે, તે અવિકલ (પૂર્ણ) આદાન નિક્ષેપણ સમિતિ પાળે છે. "

આવા પરમ સિદ્ધાન્તને માટે પણ મિ. પાંગલે મહાશય વકીલાત કરી કહે છે કે—"શુભચંદ્રાચાર્યે કરેલું વર્ણન દિગમ્બર સમ્પ્રદાયના હલકી શ્રેણિના સાધુનુંજ છે." વાહ ! શાસ્ત્રીય સિદ્ધાન્તોને ઉલટ પાલટ કરી નાખવામાં આ વકીલ સાહેબની ખીસ્સા કલમો, એક મ્હોટું અજાયબજ ઉત્પન્ન કરે છે, જહેઓ પોતાનાજ આચાર્યોના વચનોનું ખૂન કરવામાં અથવા તો તે વચનોને જુદા રૂપમાં બતાવવાને માટે જબરદસ્ત બહાદુરી બતાવે છે, તેઓ શ્વેતામ્બરોના કે અન્યના શાસ્ત્રોને ઉલટપાલટ કરી નાખે ત્હેમાં શું આશ્ચર્ય ?

દિગમ્બર મુનિ ઉચ્ચ શ્રેણિના કેવા હોય છે ? તે બતાવતાં મિ. પાંગલે આ શ્લોક આપે છેઃ—

" भूः पर्यंको निजभुजलता कंदुकं खं वितानं
दीपश्चन्द्रो विरतिवनितालब्धसङ्गः प्रमोदः ।
दिक्कान्ताभिः पवनचमरैर्वीज्यमानः समन्ता-
द्भिक्षुः शेते नृप इव भुवि त्यक्तसर्वस्पृहोऽपि ॥

(શુભચન્દ્રાચાર્ય) "

અવ્વલ તો આ શ્લોક ક્હાંથી લીધો છે ? કયા પ્રકરણમાં છે ? કેવા પ્રસંગનો છે ? વિગેરે કંઇ પણ બતાવ્યું નથી. તે છતાં પણ આ શ્લોક ઉપરથી એમ તો કદાપિ સિદ્ધ નથી થતું કે સાધુએ વસ્ત્રો ન પહેરવાં,–ઉપકરણો ન રાખવાં. શું વસ્ત્રો રાખનાર–ઉપકરણ રાખનાર સાધુને માટે આ શ્લોક નથી ઘટી શકતો ? પરન્તુ ત્હેનો વિચાર કોણ કરે છે ? સાધુઓની હલકી અને ઉચ્ચ શ્રેણિનો ભેદ બતાવનાર મી. પાંગલેની બુદ્ધિને માટે કોને આશ્ચર્ય થયા વિના રહેશે વારૂ ? એવું કોઇએ પણ નહિં સાંભળ્યું હોય કે–સાધુઓનાં પાંચ મહાવ્રત અને અષ્ટ પ્રવચન માતા (પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ) માં ભેદ કોઇ શાસ્ત્રમાં બતાવ્યો હોય. સામાન્ય રીતે સાધુ માત્રને પાંચ મહાવ્રત અને અષ્ટ પ્રવચન માતાનું પાલન એક સરખી રીતે કરવાનું છે. ત્હેની અંદર અગર પોલ હોય તો પછી તે સાધુ કહેવાયજ કેમ ?

શ્રીમાન્ શુભચન્દ્રાચાર્યે ઉપર્યુક્ત જ્હે વર્ણન કર્યું છે, તે **સમ્યક્ ચારિત્ર**ના વર્ણનમાં કર્યું છે, ત્હેની અંદર તેઓ એમ નથી બતાવતા કે આ હું હલકી શ્રેણિના સાધુઓનું વર્ણન કરી રહ્યો છું. બલ્કે તેઓએ આપેલા વીશમા શ્લોક ઉપરથી એમ ચોક્કસ જણાઇ આવે છે કે તેઓ જ્હે વર્ણન કરી રહ્યા છે તે **નિર્દોષ ચારિત્ર**નું વર્ણન છે. તે શ્લોક આ છેઃ—

“ इति कतिपयवर्णैश्चर्चितं चित्ररूपं
चरणमनघचैश्चेश्चमुतसांशुद्धिधाम ।

अविदितपरमार्थैर्यन्न साध्यं विपक्षै-
स्तदिदमनुसरन्तु ज्ञानिनः शान्तदोषाः"॥२०॥

અર્થાત્-ઉક્ત પ્રકારથી કેટલાએ અક્ષરોદ્વારા વર્ણન કરેલુ જ્હે અનેક રૂપ **નિર્દોષ ચારિત્ર**, તે અતિશય ઉંચા ચિત્ત-વાળાને તો **શુદ્ધતાનું મંદિર છે**, અને નથી જાણ્યો પરમાર્થ જ્હેણે, એવા વિપક્ષીઓને તો અસાધ્ય છે. એવા આ ચારિત્રને (ઉપર્યુક્ત વર્ણિત) શાન્તદોષી જ્ઞાની પુરૂષો ધારણ કરો.

આ ઉપરથી શું એ સ્પષ્ટ નથી થતું કે--આજ પ્રકરણમાં શુભચંદ્રાચાર્ય જ્હે વર્ણન કરી ગયા છે, તે સર્વોત્કૃષ્ટ અને સાધુમાત્રને સ્વીકાર કરવા લાયક છે ?

શુભચન્દ્રાચાર્યજ શા માટે ? એવા કેટલાએ દિગમ્બર ગ્રન્થ કર્તાઓએ સાધુને ઉપકરણ રાખવાનું પ્રકટપણે બતાવ્યું છે. જુઓ **કુંદકુંદમુનિકૃત મૂલાચાર**માં આ પ્રમાણે લખ્યું છે:—

" णाणुवहिं संजमुवहिं तव्वुववहिमण्णमवि उवहिं वा ।
पयदं गहणिक्खेवो समिड्डी आदाननिक्खेवा ॥ "

અર્થાત્—જ્ઞાનોપધિ, પુસ્તક પટ્ટિકા બન્ધનાદિ, સંયમોપધિ (જ્હેના રાખવાથી સંયમ પાળી શકાય) અને તપોપધિ તથા અન્ય પ્રકારની પણ ઉપધિ, તે દરેક ઉપધિયોને પ્રયત્નથી ગ્રહણ-નિક્ષેપ કરવું, ત્હારે સમ્પૂર્ણ **'આદાન નિક્ષેપ સમિતિ'** થાય છે.

વળી પણ જુઓ:-યોગેન્દ્ર દેવ વિરચિત '**પરમાત્મપ્રકાશ**' ની ટીકામાં પણ સાધુને ઉપકરણ ગ્રહણ કરવાનું લખ્યું છે. યથા:—

" **परमोपेक्षासंयमाभावे तु वीतरागशुद्धात्मानुभूतिभावसंयमरक्षणार्थं विशिष्टसंहननादिशक्त्यभावे सति यद्यपि तपःपर्यायशरीरसहकारीभूतमन्नपानसंयमशौचज्ञानोपकरणतृणमयमावरणादिकं किमपि गृह्णाति तथापि ममत्वं न करोतीति।** "

ત્હેવીજ રીતે રાજવાર્તિક વિગેરે અનેક દિગમ્બર ગ્રન્થોમાં સાધુને ઉપકરણની આવશ્યકતા બતાવી છે. પરન્તુ આશ્ચર્ય છે કે-' નાગા ' રહેવામાંજ ધર્મ માનનાર મિ. પાંગલે મહાશય જેવા પોતાનો દુરાગ્રહ છોડતા નથી, એટલુંજ નહિં, પરન્તુ શ્વેતામ્બર સાધુઓને, વસ્ત્રાદિ ઉપકરણ ધારણ કરવાથી ભ્રષ્ટાચારીપણે ગણે છે, આ પણ તેઓના દ્વેષભાવનો નમૂનો નહિં તો બીજું શું કહી શકાય ?

હવે લેખની પૂર્ણાહુતિમાં **ઉપસંહાર** રૂપે બે શબ્દો કહી આ લેખને સમાપ્ત કરીશ.

ઉપસંહાર.

જહે વાંચકે મ્હારા પ્રથમના લેખને વાંચીને, મિ. પાંગલે મહાશયના ટ્રેકટને વાંચ્યું હશે, તેઓને એ વાતનો નિશ્ચય થયો હશે કે-મિ. પાંગલે મહાશયે મ્હારા લેખમાં બતાવેલા કેટલાક

પોઇન્ટોના જવાબ આપવામાં ખરેખર એક બાજીગરની નકલ કરી છે. કતિપય પોઇન્ટોના જવાબો આપવામાં વાસ્તવિક સફળ નિવડ્યા નથી, જ્‍હારે કેટલાક પોઇન્ટોને તો તેઓ પોતાના દેશની (દક્ષિણની) ચટણીજ સમજી ગયા. આ વાતનું સ્પષ્ટીકરણ મ્હારા આ બીજા ટ્રેકટથી થઇ જાય છે. તે છતાં યદિ હું, જહે પોઇન્ટોના જવાબો તેઓએ આપ્યા નથી, તે ન બતાવી લેખને પૂર્ણ કરૂં, તો જરૂર લેખની પૂર્ણાહુતિમાં ન્યૂનતા રહી લેખી શકાય. અત એવ તે પોઇન્ટોનાં નામ માત્ર ગણાવી લેખને સમાપ્ત કરીશ.

(૧) ધરસેન મુનિને સમુદ્ર સમાન બીજા પૂર્વનું કર્મપ્રાભૃત તો કંઠાગ્ર રહી ગયું અને એકાદશાંગ, દશવૈકાલિક તથા ઉત્તરાધ્યયનાદિ અલ્પ સંખ્યાવાળા ગ્રન્થો વિચ્છિદ થઇ ગયા, શું આ વાત કોઇ પણ બુદ્ધિમાન માન્ય કરી શકે ખરો ? કદાપિ નહિં. આનો જવાબ તેઓએ આપ્યો નથી.

(૨) દિગમ્બર ગ્રન્થો કરતાં, શ્વેતામ્બર ગ્રન્થો પ્રાચીન છે, આ વાતને પુષ્ટ કરનાર The sacred Books of the east ‘ Vol. XXII ’ (1884 A. D.) ની પ્રસ્તાવનામાં પાના ૪૨ મેં લખેલા ડા. જેકોબી મહાશયવાળા ફકરાનો જવાબ આપ્યો નથી.

(૩) ‘ મથુરાના પ્રાચીન શિલાલેખો ઉપર જહે જહે આચાર્યોનાં નામ, ગણ તેમજ કુલ વિગેરે બતાવવામાં આવેલ છે,

તે દરેક કલ્પસૂત્રની સ્થવિરાવલીમાં વર્ણવેલ આચાર્યોની સાથે મલતાવડાપણું ધરાવે છે.' આ પ્રમાણે સિદ્ધ કરનાર ડૉ. બુહ્‌લર મહાશયના અંગ્રેજી ફકરાનો જવાબ આપ્યો નથી.

(૪) 'શ્વેતામ્બર મતમાંથી નિકળેલી એક શાખા પણ ઇ૦ સ૦ પૂર્વે ૨૧૩ માં સ્થપાએલી છે,' આ વાતને સિદ્ધ કરનાર ડૉ. બુહ્‌લરના અંગ્રેજી ફકરાનો જવાબ આપ્યો નથી.

(૫) 'જૈનાગમો પ્રાચીન છે, ત્હેનો ઉદ્ધાર પ્રાચીન કાળમાં થયો હતો.' આ પ્રમાણે સિદ્ધ કરનાર ડૉ. જેકોબી મહાશયની ઇ૦ સ૦ ૧૮૯૪ની પ્રસ્તાવનાનો ફકરો આપ્યો છે, ત્હેનો જવાબ પણ આપ્યો નથી.

(૬) કાશીના દિગમ્બર વિદ્યાર્થીએ, પોતે બહાર પાડેલા ભદ્રબાહુ ચરિત્રમાં '**વરાહમિહિર**' નું દૃષ્ટાન્ત આપ્યું છે, પરન્તુ એમ પૂછવામાં આવ્યું કે—" પહેલાં '**વરાહમિહિર**' ના સમયનો નિશ્ચય કર્યો છે ?....કેમકે '**पंचसिद्धान्तिका**' ની અંદર વરાહમિહિર પોતે લખે છે કે—' શાકે ૪૨૭ ના સમયમાં આ ગ્રન્થ રચ્યો છે ' આથી અમે બતાવેલા દિગમ્બરના સમયને કોઇ પણ રીતે ધક્કો પહોંચતોજ નથી. " આનો પણ જવાબ આપ્યો નથી.

(૭) ' દિગમ્બરોના પ્રાચીન ગ્રન્થોમાં પણ શ્વેતામ્બરોની નિંદા આવે છે, તેથી પણ સિદ્ધ થાય છે કે શ્વેતામ્બર મત પહેલાંનો હોવો જોઇએ.' આનો પણ જવાબ આપ્યો નથી.

(૮) શ્વેતામ્બરોએ માનેલા સૂત્રોની અંદર એ પ્રમાણે ઠેકાણે ઠેકાણે ઉલ્લેખ આવે છે કે:—"અજીતનાથથી લેઇ પાર્શ્વનાથ સુધી બાવીસ તીર્થંકર અને ત્હેમના સાધુઓ ચાર મહાવ્રત માનતા હતા. ('બ્રહ્મ'ની ગણતરી અપરિગ્રહમાં કરતા હતા) જ્હારે પહેલા અને છેલ્લા તીર્થંકર અને ત્હેમના સાધુઓ પાંચ મહાવ્રતને માને છે. આજ વાતને બૌદ્ધનો પિટક ગ્રન્થ, જ્હેવો કે '**દિગ્નિકાયના સામાન્ય ફલસૂત્રની સુમંગલા વિલાસિની**' નામની ટીકામાં **બુદ્ધઘોષે** લખ્યું છે" અને તે ઉપર ડૉ૦ જેકોબી મહાશયના આપેલા ફકરાનો પણ જવાબ આપ્યો નથી.

(૯) '**ધમ્મપદ**' ઉપર **બુદ્ધઘોષ**ની ટીકામાં કહેલું છે કે.—"**નિર્ગ્રન્થો** (સાધુઓ) નીતિમર્યાદાને માટે એક જાતનો કપડો રાખે છે" આ વાત શ્વેતામ્બરના મન્તવ્યોને મળતી છે, એમ જ્હે બતાવવામાં આવ્યું છે, ત્હેનો પણ જબાબ નથી.

(૧૦) ભદ્રબાહુ ચરિત્રમાં એક સ્થળે લખ્યું છે કે:—" '**श्वेतांशुकमतोद्भूतमूढान् ज्ञापयितुं जनान्**' આ એકજ વાક્ય ઉપરથી માલૂમ પડે છે કે—ભદ્રબાહુ ચરિત્ર કેવળ દ્વેષ બુદ્ધિથી શ્વેતામ્બર મતના ખંડનને માટેજ જૂઠું જોડી કાઢેલ છે." આનો પણ જવાબ આપેલ નથી.

બારીકાઇથી તપાસ કરૂં તો શાયદ તેથી પણ વધારે

પોઇન્ટો મળી આવે ખરા. તો પણ સ્થૂલ સ્થૂલ આ દશ પોઇન્ટોના તો જવાબ શ્રીમાને આપ્યાજ નથી. આથી એ નિશ્ચય થાય છે કે—આ દશ પોઇન્ટોને તો તેઓએ સ્વીકાર કરી લીધા. હવે ત્હેમણે આપેલા જવાબના પ્રત્યુત્તર માટે આ ટ્રેકટ નં૦ ૨ લખવામાં આવ્યું છે. આશા છે કે—આ અકાટ્ય પોઇન્ટોને, બારીકાઇથી અવલોકન કરી—દુરાગ્રહનો પડદો દૂર કરી, ત્હેનો સ્વીકાર કરી લેશે.

જ્હેનામાં લગાર પણ સમજવાની શક્તિ છે તે તો અનાયાસજ સ્વીકાર કરી લેશે કે—' **નગ્ન** રહેવામાં અપરિગ્રહપણું કે અચેલકપણું સમાએલું નથી. કોઇ પણ વસ્તુ ઉપર **મૂર્ચ્છા** કરવી, ત્હેનું નામજ **પરિગ્રહ** છે. શાસ્ત્રકારો પણ મૂર્ચ્છાનેજ પરિગ્રહ ફરમાવે છે. યદિ નગ્ન રહેવામાંજ અપરિગ્રહપણું કે અસલી સાધુપણું ગણાતું હોય, તો મ્હને કહેવા દ્યો કે—પેલાં કૂતરાં, બિલાડાં, ઘોડા, બેલ વિગેરે પશુઓને શામાટે આપણે **સાધુ** ન ગણવા જોઇએ ? જુઓ–કૂતરાં ઘેર ઘેર ટુકડા માગીને પોતાનું ઉદર પોષણ કરે છે, મળ્યું તો સંતોષ, ન મળ્યું તો પણ સંતોષ. દિગમ્બર ભાઇઓને હું પુછું છું કે તેઓને સાધુ ગણવા કે નહિં ? ન ગણવા, તો શામાટે ? શું તેઓ પશુ છે ત્હેટલા માટે ?

તટસ્થપણાને ન છોડું તો હું એમ પણ કહી શકીશ કે—કપડાં ધારણ કરવામાં કંઈ **સાધુપણું** સમાએલું નથી. જો કપડાં ધારણ કરવાથીજ સાધુપણું કહેવાતું હોય, તો મનુષ્ય જાતિ

માત્રને સાધુ કહેવા જોઇએ. પરંતુ નહિં, જ્હાં સુધી સાધુના ગુણો ન હોય, ત્હાં સુધી સાધુ કહી શકાય નહિં. કપડાં રાખીને યદિ ત્હેના ઉપર મૂર્છા રાખવામાં આવી, પુસ્તક રાખીને યદિ ત્હેના ઉપર મૂર્છા રાખવામાં આવી, તેમજ સાધુનાં બીજાં પણ ઉપકરણો રાખી ત્હેના ઉપર મૂર્છા રાખવામાં આવી, તો સમજવું કે તે સાધુ પરિગ્રહના દોષને પાત્ર છે. સાધુઓને જહે જહે ઉપકરણો રાખવાનાં શાસ્ત્રકારોએ બતાવ્યાં છે, તે ત્હેના ઉપર મૂર્છા સવાર થવા માટે નહિં, પરંતુ ચારિત્ર ધર્મની રક્ષા કરવા માટે-સંયમને સારી રીતે પાળવા માટે.

એતો ચોક્કસ વાત છે કે-ગૃહસ્થાવસ્થાનો ત્યાગ કરી સાધુ અવસ્થા એટલાજ માટે આત્માર્થી પુરૂષો સ્વીકારતા આવ્યા છે કે-સાધુ અવસ્થામાં વિશેષ પ્રકારે જીવ દયા પાળી શકાય. સાધુ થવાની મતલબ એ નથી કે-બસ, સાધુ થયા એટલે જીવાજીવનો ભેદ-વિચાર છોડી દેવો. સાધુ થયા પછી અધિક જીવ રક્ષા વિગેરે કરવાની જરૂર છે. અને તેટલાજ માટે શાસ્ત્રકારો ત્હેને ઉચિત ઉપકરણો રાખવાનું ફરમાવતા આવ્યા છે '**विशेषावश्यक**' વિગેરે અનેક ગ્રંથોની અંદર સાધુને ઉપકરણો રાખવાનું સહેતુક બતાવ્યું છે. હું નીચે જહે શ્લોકો આપું છું તે ઉપરથી વાંચકો જોઈ શકશે કે ચારિત્રની રક્ષા માટે અને જીવોની રક્ષા માટે સાધુને અમુક અમુક ઉપકરણો રાખવાની ખાસ આવશ્યકતા છે. તે શ્લોકો આ છેઃ—

" स्थानोपवेशनस्वापनिक्षेपग्रहणादिषु ।
जन्तुप्रमार्जनार्थं हि रजोहरणमिष्यते ॥ "
" सम्पातिमादिसत्त्वानां रक्षायै मुखवस्त्रिका ।
भक्तपानस्थजन्तूनां परीक्षायै च पात्रकम् ॥ "
" सम्यक्त्वज्ञानचारित्रतपःसाधनहेतवे ।
चीवराणि च कल्पादीन्ङ्गीकुर्वन्ति साधवः ॥ "

અર્થાત્—સ્થાનને વિષે બેસવું–સૂવું–મૂકવું–ગ્રહણ કરવું વિગેરે ક્રિયાઓને વિષે જંતુના પ્રમાર્જનને માટે **રજોહરણ (ઓઘા)** ની જરૂરીયાત છે.

સમ્પાતિમાદિ જીવોની રક્ષાને માટે **મુખવસ્ત્રિકા** (મુહપત્તિ) ની જરૂર છે, અને આહારપાણીની અંદર કોઇ જીવ ન આવી જાય, એ પરીક્ષાને માટે **પાત્ર** રાખવાની જરૂર છે.

અને તેવીજ રીતે સમ્યક્ જ્ઞાન–ચારિત્ર–તપ વિગેરે સાધનના હેતુ માટે સાધુ લોકો **વસ્ત્રોને** પણ અંગીકાર કરે છે.

પરમાત્મા મહાવીર દેવના શાસનમાં '**अहिंसा परमो धर्मः**' આ સિદ્ધાન્ત પ્રધાન માનેલ છે. જો મનુષ્ય અહિંસાનું પાલન ન કરે, તો પછી તે ભલે નગ્ન હોય કે વસ્ત્રધારી હોય, પરન્તુ તે દુર્ગતિનોજ ભાગી છે. હવે એતો પોતાની બુદ્ધિમત્તાથીજ સમજવું જોઇએ કે ઉપર્યુક્ત ઉપકરણો સિવાય સાધુ, જીવોની રક્ષા કેવી રીતે કરી શકવાના હતા ? શું નગ્ન સાધુના ઉપર ખાવાની–પીવાની–બેસવાની–ઉઠવાની–સુવાની ક્રિયાઓ સ-

વાર થએલી નથી ? શું જ્ઞાન-દર્શન-ચરિત્ર-તપ વિગેરેનું સાધન કરવું એ ત્હેનું પ્રથમ કર્તવ્ય નથી ? જ્યહારે છે, તો પછી ત્હેને ઉપર્યુક્ત ઉપકરણો રાખવાની ખાસ આવશ્યકતા રહેલી છે, એમ કહેવું લગાર પણ સત્ય વિરૂદ્ધ દેખાતું નથી.

પ્રાચીનતા-અર્વાચીનતાના વિષયમાં છેવટે મ્હારે કહેવું જોઇએ કે-દિગમ્બર ભાઇઓ જ્હેટલા પોકારો કરે છે, તે તેઓનો પ્રલાપ માત્ર છે. ઐતિહાસિક રીતિથી, શાસ્ત્રીય રીતિથી કે યુક્તિદ્વારા હજુ સુધી દિગમ્બર ભાઇઓ પોતાની પ્રાચીનતા સિદ્ધ કરી શકયા નથી. હજુ પણ હું દાવા સાથે કહું છું કે ખુશીની સાથે મ્હારા આ ટ્રેકટનો જવાબ આપો. હું ગુરૂકૃપયા જવાબ આપવાને તૈયાર છું. કેમકે તેમ કરવામાં '**वादे वादे जायते तत्त्वबोधः**' આ વાક્ય ચરિતાર્થ થશે. પરન્તુ એટલું યાદ રાખવું જોઇએ કે-જવાબ આપવામાં વિષયાન્તર ન થવા પામે. તેમજ ઐતિહાસિક, શાસ્ત્રીય અને યુક્તિઓ દ્વારાજ પોઇન્ટોનો જવાબ આપવો જોઇએ.

અન્તમાં—આ લેખની અંદર કોઇપણ જીવને દુઃખ થાય, એવો શબ્દ લખાઈ ગયો હોય, તો તે બદલ ક્ષમા યાચવા સાથ દરેક સાહિત્ય પ્રેમીઓ સાહિત્યની અને શાસન પ્રેમીઓ શાસનની સેવા બજાવી ઉત્તમ સુખના ભાગી બનો, એવી શાસનદેવ પ્રત્યે પ્રાર્થના કરતો વિરમું છું. ॐ

શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ